

# જાન્યુઆરી

## ૨૦૨૨

## તમામ માહિતી સાથે

Most IMP
Current Affairs

www.crackgpsc.com

Crack GPSC

ડાઉનલોડ કરો Crack GPSC એપ અને તૈયારી કરો ગમે ત્યારે, ગમે ત્યાંથી.

# જાન્યુઆરી ૨૦૨૨

## (૧ થી ૩૧ જાન્યુઆરી, ૨૦૨૨)


## સ્પેશ્યલ થેન્ક્સ

**શ્રી એમ. કે. પ્રજાપતિ (ડે. કલેક્ટર)**

પોતાની વ્યસ્તતામાંથી પણ સમય કાઢીને વિદ્યાર્થીઓ માટે ફ્રી કરન્ટ અફેર્સ, વિવિધ વિષયોની નોટ્સ તથા સતત માર્ગદર્શન આપવા બદલ.



**We are famous for…**

**The Most IMP,**
**Authentic,**
**To the point,**
**Up to date**
**material**



## Most Imp Current Affairs

# 1 જાન્યુઆરી

### ❖ 1 જાન્યુઆરીથી ATM માંથી પૈસા ઉપાડવા સંબંધિત ફેરફાર

- ✓ હાલ ATM દ્વારા ટ્રાન્ઝેકશનની મર્યાદા બાદ કરવામાં આવતા ટ્રાન્ઝેકશનમાં રૂ. 20 પ્રતિ ટ્રાન્ઝેકશનનો ચાર્જ લેવામાં આવતો હતો જે હવેથી રૂ. 21 કરાયો.
- ✓ ગ્રાહકો પોતાની બેંક ATMમાંથી દર મહિને પાંચ મફત વ્યવહારો (નાણાકીય અને બિનનાણાકીય સહિત) કરી શકે છે.
- ✓ મેટ્રો શહેરોમાં અન્ય બેંક ATMમાંથી ત્રણ અને નોન મેટ્રો શહેરોમાં પાંચ ટ્રાન્ઝેકશન કરી શકે છે.

### ❖ ભારત U-19 એશિયા કપ વિજેતા બન્યું

- ✓ શ્રીલંકાને હરાવીને ભારતે U-19 એશિયા કપમાં આઠમી વખત જીત મેળવી.
- ✓ U-19 એશિયા કપની ફાઇનલ દુબઈ ઇન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ દુબઈ ખાતે રમવામાં આવી હતી.
- ✓ ભારતે અત્યાર સુધીમાં આઠ વાર આ જીત મેળવી છે અને ફાઇનલમાં પહોચ્યા બાદ ક્યારેય ન હારવાનો તેનો રેકોર્ડ છે.

### ❖ વી. એસ. પઠાનિયા ભારતીય કોસ્ટ ગાર્ડના 24મા ચીફ તરીકે નિયુક્ત

- ✓ ડાયરેક્ટર જનરલ વી. એસ. પઠાનિયા હાલના ડીજી કૃષ્ણસ્વામી નટરાજનનું સ્થાન લેશે.
- ✓ 34 વર્ષની તેમની કારકીર્દીમાં તેમણે અલગ અલગ અનેક હોદ્દાઓ સંભાળ્યા છે તથા તેઓએ કોસ્ટગાર્ડના જહાજોને પણ કમાન્ડ કર્યાં છે.
- ✓ તેમણે વિશિષ્ટ સેવા માટે રાષ્ટ્રપતિનો તટરક્ષક મેડલ, શૌર્ય માટે તટરક્ષક મેડલ મેળવેલા છે.

### ❖ અમેરિકાની ગોલ્ડન ગર્લ બેટ્ટી વ્હાઇટનું નિધન

- ✓ 'ધ ગોલ્ડન ગર્લ્સ' અને 'ધ મેરી ટાયરલ મૂર શો'માં પોતાની ભૂમિકાથી પ્રસિદ્ધ થયેલ અભિનેત્રી અને કોમેડિયન બેટ્ટી વ્હાઇટનું નિધન થયું.
- ✓ 2013માં ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ દ્વારા આ ક્ષેત્રના પોતાના 75 વર્ષથી વધુ કરિયર માટે સન્માનિત કરાયાં હતાં.

✓ બેટ્ટી વ્હાઈટ એ 23 વખત એમી એવોર્ડમાં નામાંકન મેળવ્યું અને છ વખત એમી એવોર્ડ જીત્યો.

✓ રાષ્ટ્રપતિ બાઈડને બેટ્ટી વ્હાઈટને 'સાંસ્કૃતિક પ્રતીક' સંબોધ્યાં હતાં.

❖ **એસ બાલચંદ્રન બારબાડોસમાં ભારતના નવા રાજદૂત નિયુક્ત**

✓ હાલ સૂરીનામ ગણરાજ્યના ભારતના રાજદૂત તરીકે ફરજ બજાવશે.

✓ બારબડોસે 1966માં સ્વતંત્રતા મેળવી અને લગભગ 400 વર્ષની ગુલામી બાદ તાજેતરમાં તે નવો ગણ રાજ્ય દેશ બન્યો.

✓ ડેમ સેન્ડ્રા મુનેલા મેસન - બારબાડોસના રાષ્ટ્રપતિ તરીકે પદ સંભાળશે.

❖ **ચીને વૈશ્વિક રોબોટિક્સ હબ બનવા પંચવર્ષીય યોજના શરૂ કરી**

✓ ચીને 2025 સુધીમાં વિશ્વભરમાં રોબોટિક્સ ઈનોવેશન સેન્ટર બનાવવાનો લક્ષ્યાંક આપી આ પંચવર્ષીય યોજના શરૂ કરી.

✓ હાલ 2021ની વિશ્વ રોબોટ રિપોર્ટ અનુસાર આ ક્ષેત્રે સૌથી વધુ ઉત્પાદન કરતો દેશ દક્ષિણ કોરિયા છે.

✓ ચીન રોબોટિક્સ ક્ષેત્રે સર્વો મોટર (ઈલેક્ટ્રિક મોટરનો એક પ્રકાર) અને કંટ્રોલ પેનલમાં નવીન ટેકનીક્સ લાવવાનો સાથે સંશોધનનો ઉદ્દેશ્ય ધરાવે છે.

✓ આ ઉદ્યોગથી ચીનને 2021થી 2025 સુધીમાં 20% સરેરાશ આવક વધવાની ધારણા છે.

❖ **સાહિત્ય અકાદમીએ 20 ભાષાઓમાં પુરસ્કારની ઘોષણા કરી.**

✓ સાહિત્ય અકાદમીએ અસમિયા અને અંગ્રેજી નવલકથા સહિત 20 ભાષાઓમાં 2021 માટે પુરસ્કારની જાહેરાત કરી.

✓ અંગ્રેજીમાં લેખક નમિતા ગોખલેએ પોતાના પુસ્તક 'થિંગ્સ ટુ લીવ બિહાઇન્ડ' માટે પુરસ્કાર જીત્યો.

❖ **કિશોર કુમાર યદેમને 2021નો વિશ્વ CEO વિજેતા એવોર્ડ**

✓ કિશોર કુમાર યદેમને વર્ષ 2021નો વિશ્વ CEO વિજેતા એવોર્ડ અપાયો.

✓ આ એવોર્ડ માટે વિશ્વભરના નામાંકિત થયેલા CEOની 3 મહિના સુધી મતદાન કરીને પસંદગી કરવામાં આવે છે.

✓ યદેમ સોફ્ટવેર ડેવલપમેન્ટ કંપની FSSના CEO અને MD છે.

## કરન્ટ ઇન શોર્ટ

✓ ઈઝરાયેલના તેલ અવીવમાં 31 વર્ષીય એલે લાડોવિશે બે અલગ અલગ ગર્ભાશયથી સ્વસ્થ જોડકાં બાળકોને જન્મ આપ્યો. આવો દુર્લભ મામલો 5 કરોડ ગર્ભધારણમાંથી એક હોવાની શક્યતા છે.

- ✓ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ બ્રિટનના સોડિયમ-આયન બેટરી ટેકનોલોજી ફર્મ ફેરાડિયન લિમિટેડને રૂ. 1000 કરોડમાં ખરીદશે.
- ✓ ગુજરાત સરકારે 'હેલિકોપ્ટર જોય રાઈડ' શરૂ કરી જે હેઠળ અમદાવાદનાં પ્રખ્યાત સ્થળોને હેલિકોપ્ટરમાં બેસીને જોઈ શકાશે. જેના માટે ટિકિટ દર રૂ. 2000 રખાયો છે.
- ✓ 1959માં દલાઈ લામા તિબેટની આઝાદીની ચળવળ દરમિયાન ચીની સૈનિકોની નજરમાંથી છટકી ભારત આવ્યા ત્યારે તેમને ભારતીય સૈનિકનો ગણવેશ આપી ભારતમાં લાવનાર નરેનચંદ્ર દાસનું 85 વર્ષની વયે નિધન થયું.
- ✓ અમેરિકાના વસ્તી ગણતરી બ્યુરોના રિપોર્ટ મુજબ વર્ષ 2021માં વિશ્વની વસ્તીમાં 7.4 કરોડ લોકો (0.9%)નો વધારો થયો.
- ✓ રૂપા ગુરૂનાથે તમિલનાડુ ક્રિકેટ સંઘના અધ્યક્ષ પદેથી રાજીનામું આપ્યું.




Crack GPSC

## 2 જાન્યુઆરી

### ❖ જાપાને વિશાળ Inmarsat-6 F1 સંચાર ઉપગ્રહ લોન્ચ કર્યો

- ✓ આ ઉપગ્રહને H-2A રોકેટ દ્વારા જાપાનના તનેગાશિમા અંતરિક્ષ કેન્દ્ર પરથી લોન્ચ કરવામાં આવ્યો.
- ✓ I-6 ઉપગ્રહો Inmarsatના અગાઉથી જ કાર્યરત ELERA અને Global Xpress નેટવર્ક માટે હાલના ટર્મિનલ્સ સાથે સુસંગત હશે.
- ✓ H-2A જાપાનનું પ્રાથમિક મધ્યમ લિફ્ટ લોન્ચર છે.

- **હરિયાણા કૌશલ રોજગાર નિગમ પોર્ટલ લોન્ચ કરાયું.**
  - ✓ હરિયાણાના મુખ્યમંત્રી મનોહરલાલ ખટરે આ પોર્ટલ લોન્ચ કર્યું.
  - ✓ સાથે જ ગુરુગ્રામ ખાતે અટલ પાર્ક અને સ્મૃતિ કેન્દ્ર સ્થાપવાની જાહેરાત કરી.
  - ✓ ખટરે આજ સાથે 'વ્યવસ્થા પરિવર્તન સે સુશાસન' મેગેઝિન વર્ષ 2022ના કેલેન્ડરની સાથે લોન્ચ કર્યું.
  - ✓ હરિયાણા સરકારે લોકોના પ્રશ્નો ઉકેલવા માટે 'CM વિન્ડો' શરૂ કરી છે. જેમાં અત્યાર સુધીમાં 8.5 લાખથી વધુ પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું છે.
- **હિંદુઓએ પાકિસ્તાનમાં 100 વર્ષ જૂના મહારાજ પરમહંસજી મંદિરમાં પ્રાર્થના કરી**
  - ✓ ભારત, US અને UAEના આંતરરાષ્ટ્રીય હિંદુઓએ પાકિસ્તાનમાં 100 વર્ષ જૂના મહારાજ પરમહંસજી મંદિરમાં પ્રાર્થના કરી.
  - ✓ ખૈબર પખ્તુનખ્વાના કરક જિલ્લાના તેરી ગામમાં આવેલા પરમહંસજીના મંદિર અને સમાધિને 2020માં ટોળા દ્વારા તોડી દેવામાં આવ્યાં હતાં અને બાદમાં આ ઘટનાની વૈશ્વિક સ્તરે નિંદા થતાં તેનું સમારકામ કરવામાં આવ્યું હતું .
  - ✓ આ પ્રાર્થનાના સંપૂર્ણ આયોજન દરમિયાન સુરક્ષા દળો દ્વારા તમામની સુરક્ષા માટેની વ્યવસ્થા કરવામાં આવી હતી.
  - ✓ 2020ની ઘટનામાં જમીયત ઉલેમા-એ-ઈસ્લામ-ફઝલના ટોળાએ પહોંચાડેલા નુકશાન માટે તેમની પાસેથી રૂ 3.3 કરોડ વસૂલવામાં આવ્યા હતા.
- **10 મિલિયન કોવિડ-19 સંક્રમિતો સુધી પહોંચાનાર ફ્રાન્સ 6ઠ્ઠો દેશ બન્યો**
  - ✓ ફ્રાન્સની અગાઉ અમેરિકા, ભારત, બ્રાઝિલ, બ્રિટન અને રશિયા આ આંક વટાવી ચૂકનારાં 5 રાષ્ટ્રો છે.
  - ✓ હાલ ફ્રાન્સમાં 11 વર્ષથી ઉપરના તમામ વ્યક્તિ માટે માસ્ક ફરજિયાત કરવામાં આવ્યું છે. પરંતુ આ આંક જાહેર થયા બાદ આ ઉંમર ઘટાડીને 6 વર્ષ કરવામાં આવી છે.
  - ✓ આ ઉપરાંત વડાપ્રધાન જીન કાસ્ટેક્સે પીણાં અને ખાધપદાર્થોના પરિવહન પર પણ પ્રતિબંધ મૂકયો છે તથા રેસ્ટોરન્ટ, ઈન્ટર સીટી જેવી જાહેર સેવાઓ પર હાલ પૂરતો પ્રતિબંધ જાહેર કર્યો છે.
- **વડાપ્રધાન મોદીએ મેજર ધ્યાનચંદ ખેલ વિશ્વવિદ્યાલયની આધારશિલા મૂકી**
  - ✓ આ વિશ્વવિદ્યાલય ઉત્તરપ્રદેશના મેરઠ ખાતે બનાવાશે. જેના માટે 700 કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.
  - ✓ આ વિશ્વવિદ્યાલય ખાતે 540 મહિલા અને 540 પુરૂષ ખેલાડીઓને પ્રશિક્ષિત કરવાની ક્ષમતા છે.

✓ આ સ્પોર્ટસ યુનિવર્સિટી ફૂટબોલ, બાસ્કેટબોલ, વોલીબોલ, હેન્ડ બોલ અને કબડ્ડી ઉપરાંત સિન્ટોટીક હોકી ગ્રાઇન્ડની સુવિધાથી સજ્જ હશે તથા અન્ય જિમનેટિકસ અને ઈન હાઉસ રમતોની પણ સુવિધાઓ પ્રાપ્ત થશે.

❖ **વેરાવળના ભીડીયા બંદર ખાતેથી 'રેડ ફ્રોગ કેબ' પ્રજાતિનો નવો કરચલો મળી આવ્યો**

✓ વેરાવળના ભીડીયા બંદર ખાતેથી લાલ રંગનો અને દેડકા જેવો દેખાતો 'રેડ ફ્રોગ કેબ' પ્રજાતિનો નવો કરચલો મળી આવ્યો.

✓ આ કરચલાનું વૈજ્ઞાનિક નામ 'રેનીના રેનીના' છે.

✓ જે આફ્રિકા, જાપાન, મોરેશિયસ, ઓસ્ટ્રેલિયામાં જોવા મળે છે.

✓ અગાઉ કેરળના વિઝિંજામમાં 2018માં આ કરચલો જોવા મળ્યો છે.

❖ **બ્રિટનના સૌથી સફળ સ્પોર્ટિંગ કપલ જેસન અને લોરા કેની**

✓ બ્રિટનના સૌથી સફળ સ્પોર્ટિંગ કપલ જેસન અને લોરા કેનીએ નવી સફળતા મેળવી.

✓ સાઈકલિસ્ટ જેસનને બ્રિટનના નાઈટહુડ અને લોરાને ડેમહુડથી સન્માનિત કરાયાં.

✓ બ્રિટનના સૌથી પ્રતિષ્ઠિત સન્માન મેળવનારા તેઓ પ્રથમ પતિ-પત્ની છે.

**કરન્ટ ઇન શોર્ટ**

✓ 1971થી શરૂ કરવામાં આવેલ અને 1996થી ગુજરાત સરકારના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ ગાંધીનગર દ્વારા આયોજિત ગિરનાર આરોહણ અવરોહણની 36મી (2022) સ્પર્ધાનું આયોજન થયું.

✓ તાજેતરમાં જમ્મુ-કશ્મીરના વૈષ્ણોદેવી મંદિર ખાતે બનેલી ભાગદોડની ઘટનામાં 12 લોકોનાં મૃત્યુ.

✓ પાકિસ્તાન કે ચીન દ્વારા થતા હુમલા સામે જડબાતોડ જવાબ આપવા ભરતીય સેનાઓ આકાશમાં જ વિમાન-મિસાઈલ વગેરેને તોડી પાડનાર S-400 ઓર ડિફેન્સ સિસ્ટમનું પ્રથમ યુનિટ પંજાબ ખાતે મૂકવામાં આવ્યું.

✓ ચીનના શાંક્સી પ્રાતમાં કેનહી નદીની નજીક ભગવાન બુદ્ધ અને તેમના જીવનને દર્શાવતી 300 મૂર્તિઓ મળી આવી.

✓ વડાપ્રધાન મોદીએ પીએમ કિસાન સન્માન નિધિ યોજનાનો 10મો હપ્તો જારી કર્યો.

✓ ગુજરાત સરકારે 15થી 18 વર્ષની ઉંમરના વિદ્યાર્થીઓનું રસીકરણ શરૂ કર્યું.

## 3 જાન્યુઆરી

❖ **નાગરિક ઉડ્ડયન મંત્રાલયે ડ્રાફ્ટ નેશનલ એર સ્પોર્ટ્સ પોલિસી બહાર પાડી**

- ✓ આ પોલિસી દ્વારા મંત્રાલય ભારતની હવાઈ રમત-ગમતની ક્ષમતા અને સુરક્ષા ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય શ્રેષ્ઠ પ્રથાઓને મજબૂત બનાવવા માટે પ્રયત્નો કરવા માગે છે.
- ✓ આ પોલિસીનું વિઝન 2030 સુધીમાં ભારતને ટોચના એર સ્પોર્ટ્સ રાષ્ટ્રોમાંનું એક બનાવવાનું છે.

**❖ 81મા અખિલ ભારતીય ઔદ્યોગિક પ્રદર્શન નુમાઇશ 2022નું ઉદઘાટન**

- ✓ તેલંગાણાના ગવર્નર તમિલીસાઇ સૌંદારરાજને હૈદરાબાદ ખાતે એક્ઝિબિશન સોસાયટી દ્વારા આયોજિત 81મા 'નુમાઇશ 2022'નું ઉદઘાટન કર્યું.
- ✓ આ પ્રદર્શનથી 30,000થી વધુ વિદ્યાર્થીઓ ઔદ્યોગિક ક્ષેત્રના વિકાસ સંબંધિત માહિતીથી વાકેફ થશે તથા આવનારા ભવિષ્યમાં વધુમાં વધુ યુવાઓ ઔદ્યોગિક ક્ષેત્રમાં યોગદાન આપવા માટે તત્પર થશે.

**❖ 2021માં GST કલેક્શનમાં ઓડિશા 43% સાથે સૌથી ઉપર**

- ✓ ડિસેમ્બર, 2021ના માસમાં રૂ. 4080.14 કરોડના કલેક્શન સાથે ઓડિશા સૌથી ઉપર રહ્યું.
- ✓ GSTમાં આવેલ વૃદ્ધિ ખાણકામ અને ઉત્પાદન ક્ષેત્રો દ્વારા પ્રાપ્ત થયેલ છે.
- ✓ રાજ્ય સરકારે ગયા વર્ષે આયર્ન ઓરની ખાણોની સફળતાપૂર્વક કરેલ હરાજીએ આ વખતે ઉચ્ચ GST કલેક્શન પ્રદાન કર્યું છે.

**❖ ભારતમાં 15-18 વર્ષનાં બાળકોનું covid-19 વિરુદ્ધ રસીકરણ શરૂ**

- ✓ ભારતમાં 3 જાન્યુઆરીથી 15-18 વર્ષના બાળકોમાં covid-19 વિરુદ્ધ રસીકરણ શરૂ કરાયું.
- ✓ સરકાર દ્વારા આ રસીકરણમાં માત્ર **'કોવેક્સિન'** રસી જ અપાશે અને એ માટે જરૂરી જથ્થો રાજયોની જરૂરિયાત અનુસાર ફાળવાશે.
- ✓ જેમનો જન્મ વર્ષ 2007 અથવા એ પહેલાં થયેલો છે તેમને આ સમય દરમિયાન રસીકરણનો લાભ મળશે.

**❖ વિશ્વ વિખ્યાત કેન્યાના સંરક્ષણવાદી રિચાર્ડ લિકીનું 77 વર્ષે નિધન થયું**

- ✓ વિખ્યાત પેલિયોએન્થ્રોપોલોજિસ્ટ રિચાર્ડ લિકી કે જેમણે આફ્રિકામાં માનવજાતનો વિકાસ થયો હોવાનું સાબિત કરવામાં મદદ કરી હતી અને પૂરાવાઓ શોધ્યા હતા તેમનું નિધન થયું.
- ✓ તેમણે 1984માં 'તુર્કાના બોટા'ના હાડકાં કે જે 1.6 મિલિયન વર્ષો પહેલાંના યુવાન નર ઇરકેટસનું હાંડપિંજર હતું તે શોધી કાઢ્યું હતું.
- ✓ તેમણે કેન્યામાં હાથી અને ગેંડાના શિકારને રોકવાના પ્રયાસમાં અગત્યની ભૂમિકા ભજવી હોવાથી તેઓને સંરક્ષણવાદી (conservationist) તરીકે ઓળખવામાં આવતા.

**❖ શાંઘાઇએ વિશ્વની સૌથી લાંબી (831 km) લંબાઇ ધરાવતી બે નવી મેટ્રો લાઇન શરૂ કરી**

- ✓ શાંઘાઇએ લાઇન્શ-18 અને લાઇન્શ-14 નવી લાઇનને શરૂ કરીને ડ્રાઇવર રહિત ટ્રેનોની સૌથી લાંબા નેટવર્કની પોતાની ઓળખ જાળવી રાખી છે.

- ✓ વર્તમાનમાં શાંઘાઈ 167 kmની સ્વચાલિત મેટ્રો (ડ્રાઈવર રહિત)નું સંચાલન કરે છે જે સમગ્ર વિશ્વમાં પ્રથમ સ્થાને છે.
- ✓ શાંઘાઈ બાદ બેઈજીંગ અને દિલ્હી સૌથી મોટું મેટ્રો નેટવર્ક ધરાવતાં શહેરોની યાદીમાં અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને છે.

### ❖ 100 દિવસીય 'પઢે ભારત' અભિયાન

- ✓ કેન્દ્રીય શિક્ષા અને કૌશલ વિકાસં મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને આ અભિયાનની શરૂઆત કરી છે.
- ✓ આ અભિયાનમાં બાલમંદિર (આંગણવાડી)થી ધોરણ-8 સુધીનાં બાળકોને સમાવિષ્ટ કરાશે.
- ✓ આ 100 દિવસીય (14 અઠવાડીયાં)ના અભિયાનનો ઉદ્દેશ્ય શિક્ષણ સ્તરને સુધારવાનો, વિવેચનાત્મક વિચારસરણી કેળવવાનો, શબ્દભંડોળ અને ક્ષમતા વિકસાવવાનો છે.
- ✓ આ અભિયાન હેઠળ બાળકો માટે કેલેન્ડર આધારિત મોડ્યુલ પ્રવૃત્તિઓ બનાવવામાં આવી છે. જે તેઓ પોતાના શિક્ષક તેમજ વાલીની મદદથી પૂર્ણ કરી શકાશે.

### ❖ રાની વેલુ નચિયાર જન્મ જયંતી

- ✓ વડાપ્રધાન મોદીએ 3 જાન્યુઆરીના રોજ રાની વેલુ નચિયારની જન્મજયંતી પર તેમને શ્રદ્ધાંજલિ પાઠવી.
- ✓ રાની તમિલનાડુનાં સ્વતંત્રતા સેનાની હતાં જેમણે અંગ્રેજોની સામે યુદ્ધ કર્યું હતું.
- ✓ રાની 1780-1790 સુધી તમિલનાડુના શિવગંગાની રાણી હતાં. તેઓ ભારતમાં ઈસ્ટ ઈન્ડિયા કંપની સામે યુદ્ધ કરનાર પ્રથમ ભારતીય રાણી હતાં.
- ✓ તમિલ લોકો તેમને વીરમંગઈના નામે ઓળખે છે.

## કરન્ટ ઇન શોર્ટ

- ✓ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જૂનાગઢ ખાતે ડૉ. સુભાષ આયુર્વેદિક હોસ્પિટલનું લોકાર્પણ કર્યું. આ હોસ્પિટલ સંપૂર્ણપણે આયુર્વેદિક સારવાર માટે નિર્મિત કરવામાં આવી છે.
- ✓ મુસ્લિમ મહિલાઓને નિશાન બનાવતી 'બુલ્લી બાઈ' એપ સામે ફરિયાદ. આ અગાઉ પણ આવી જ એક એપ 'સુલ્લી ડિલ્સ' સામે ફરિયાદ ગયા વર્ષે નોંધાઈ હતી.
- ✓ ભારતીય રેલવેએ વી કે ત્રિપાઠીને રેલ્વે બોર્ડના અધ્યક્ષ અને CEO નિયુક્ત કર્યા.
- ✓ ઉતરાખંડ સરકારે વૃદ્ધાવસ્થા વિધવા પેન્શન રૂ. 1200થી વધારીને રૂ. 1400 કર્યું.
- ✓ ઓડિશા સરકારે સરકારી કર્મચારીનું મોંઘવારી ભથ્થુ 3% વધાર્યું.
- ✓ DRDOએ 1 જાન્યુઆરીએ પોતાનો 64મો સ્થાપના દિવસ ઉજવ્યો.
- ✓ વિજયરાજ અને વરૂણ શર્મા ઈઝ માય ટ્રીપ (Ease My Trip) ના બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત.

**અનુભવી અને સફળ ફેકલ્ટીઝ સાથે - ઓછા સમયમાં સચોટ તૈયારી એટલે Crack GPSC**

## 4 જાન્યુઆરી

### ❖ ફ્રાન્સે યૂરોપીય સંઘ પરિષદની અધ્યક્ષતા સંભાળી

- ✓ પાછલા 14 વર્ષોમાં ફ્રાન્સે પ્રથમ વાર આ અધ્યક્ષતા સંભાળી છે.
- ✓ પરિષદની અધ્યક્ષતા દર 6 મહિને તેના સભ્ય દેશોમાં બદલાતી રહે છે.
- ✓ અધ્યક્ષતા કરનાર દેશ પરિષદની દરેક બેઠકનું આયોજન કરે છે અને પરિષદની કામગીરીની દેખરેખ જાળવે છે.

### ❖ રોહિત કુમારને 'બિહાર વિભૂતિ સન્માન' અપાયું

- ✓ રોહિત કુમાર મીડિયા ટ્રેડ્સના સંસ્થાપક છે અને ઉધમિતા સંમેલન 2021 દરમિયાન તેમને આ સન્માન આપવામાં આવ્યું છે.
- ✓ આ કાર્યક્રમ લેટ્રસ ઈન્સ્પાયર બિહાર દ્વારા દિલ્હી ખાતે આયોજિત કરવામાં આવ્યો હતો.
- ✓ આ સ્ન્માન કોઈ ચોક્કસ થીમ પર ભવિષ્ય નિર્માણ ક્ષેત્રે યોગદાન આપવા તથા પ્રાચીન સંસ્કૃતિ વિશેની જાણ કારી આપવા માટે કામ કરનાર વ્યક્તિને આપવામાં આવે છે.

### ❖ ખગોળશાસ્ત્રીઓએ પૃથ્વી જેવો મેગ્નેટોસ્ફીયર (ચુંબકીય ક્ષેત્ર) ધરાવતો ગ્રહ શોધ્યો

- ✓ નવો શોધાયેલો ગ્રહ પૃથ્વીની માફક તેની ચારેબાજુ ચુંબકીય ક્ષેત્ર ધરાવે છે.
- ✓ હબલ સ્પેસ ટેલિસ્કોપના ડેટાનો ઉપયોગ કરી આ ગ્રહ શોધાયો છે.
- ✓ આ ગ્રહને એકસોપ્લેનેટ HAT-P-11B તરીકે ઓળખ આપી છે.
- ✓ આ ગ્રહની આસપાસ કાર્બન આયનો પણ મળી આવ્યાં છે.

### ❖ પ્રાદેશિક ભાષાઓમાં NEAT 3.0, AICTE દ્વારા નિર્ધારિત ટેકનીકલ પુસ્તકો લોન્ચ

- ✓ ધર્મેન્દ્ર પ્રધાને પ્રાદેશિક ભાષાઓમાં NEAT 3.0,AICTE દ્વારા નિર્ધારિત ટેકનીકલ પુસ્તકો લોન્ચ કર્યાં.
- ✓ NEAT 3.0 એ દેશના વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ વિકસિત એડ-ટેક સોલ્યુસન અને અભ્યાસક્રમ પ્રદાન કરવા માટેનું એક પ્લેટફોર્મ છે.
- ✓ NEAT ખાસ રીતે આર્થિક રીતે વંચિત વિદ્યાર્થીઓમાં તેમની જરૂરિયાતોને પૂરી પાડવા માટે ગેમ ચેન્જર સાબિત થશે.
- ✓ હાલ 58 જેટલી વૈશ્વિક અને ભારતીય સ્ટાર્ટઅપ કંપનીઓ NEAT પર રજીસ્ટર થયેલી  છે. જે અલગ અલગ 100 જેટલા અભ્યાસક્રમો ચલાવી રહી છે.
- ✓ NEAT - નેશનલ એજયુકેશન અલાયન્સ ફોર ટેકનોલોજી.

### ❖ 4 જાન્યુઆરી: World Braille Day (વિશ્વ બ્રેઈલ દિવસ)

- ✓ બ્રેઈલ લિપિના શોધ્ક લુઇ બ્રેઈલની યાદમાં આ દિવસ ઉજવાય છે.
- ✓ તેમનો જન્મ 4 જાન્યુઆરી, 1809ના રોજ થયો હતો.

CrackGPSC

- ✓ બ્રેઈલ નેત્રહીન હતા અને તેમણે આ પ્રકારની ખામી ધરાવનારાઓ માટે લેખન કળા બ્રેઈલ લિપિનો આવિષ્કાર કર્યો હતો.
- ✓ આ દિવસની ઉજવણીનો ઉદ્દેશ્ય બ્રેઈલ અંગેની જાગૃતિ લાવવાનો છે.

❖ **સેન્ટ્રલ ફોર મોનેટરિંગ ઈન્ડિયન ઈકોનોમીનો બેરોજગારી અંગેનો રિપોર્ટ**

- ✓ આ રિપોર્ટ અનુસાર ડિસેમ્બર માસમા બેરોજગારીનો દર વધીને 7.9% થયો.
- ✓ શહેરી ક્ષેત્રોમાં આ દર વધીને 9.3% અને ગ્રામીણ ક્ષેત્રમાં 7.3% જોવા મળ્યો.
- ✓ અહેવાલ મુજબ ડિસેમ્બરમાં સૌથી વધુ બેરોજગારીનો દર હરિયાણામાં 34.1% જોવા મળ્યો.

## કરન્ટ ઇન શોર્ટ

- ✓ જીઓ લિજન્સ એક્સપર્ટ ડેમિયેન સિમોનના સેટેલાઇટ ઇમેજમાં ચીન દ્વારા લદ્દાખના પેગોંગ સરોવર નજીક પોતાની માલિકીના વિસ્તારમાં બ્રિજ બનાવતું હોવાની માહીતી મળી.
- ✓ સૌરાષ્ટ્ર યુનિર્વસિર્ટીએ પ્રાકૃતિક ઊર્જા ઉત્પન્ન કરવા માટે GEDA સાથે MOU કર્યા.
- ✓ ગુજરાતમાં 300 મિલિયન ડોલરના મૂડીરોકાણ સાથે દેશની પ્રથમ લિથિયમ રિફાઇનરી સ્થાપવા 'મણીકરણ લિથિયમ પ્રાઇવેટ લિમિટેડ' દ્વારા રાજયના ઉધોગ વિભાગ સાથે MOU કર્યા.
- ✓ એપલ કંપની 3 ટ્રિલિયન ડોલરનું મૂલ્ય ધરાવતી અમેરિકાની પ્રથમ કંપની બની. એપલ કંપનીના CEO ટિમ કુક છે.
- ✓ ONGCના પ્રથમ મહિલા CMD તરીકે અલ્કા મિત્તલની નિયુક્તિ. ONGCનું મુખ્ય મથક નવી દિલ્હી ખાતે છે.
- ✓ ત્રિપલ જંપમાં ત્રણ વખત ઓલિમ્પિક વિજેતા વિક્ટર સાનેવનું નિધન.
- ✓ વિની મહાજન જલ શક્તિ મંત્રાલયના સચિવ નિયુક્ત.
- ✓ સુડાનના વડાપ્રધાન અબ્દુલા હમદોકે રાજીનામું આપવાની જાહેરાત કરી.
- ✓ પાકિસ્તાનના પૂર્વ કેપ્ટન મોહમ્મદ હફીઝે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સંન્યાસ જાહેર કર્યો.



## 5 જાન્યુઆરી

❖ **ઓડિશાનો ગંજમ જિલ્લો બાલ વિવાહ મુક્ત જાહેર**

✓ જિલ્લાનાં 3309 ગામ અને 503 ગ્રામ પંચાયત બાલવિવાહ મુક્ત જાહેર.

✓ બાલવિવાહને નિયંત્રિત કરવા માટે ગંજમ પ્રશાસને UNCEF અને ACTIONAID ઈન્ડિયાની મદદથી 2009માં નિર્ભયા કરી કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો.

❖ **ફ્રાન્સમાં કોરોના વાયરસનો નવો વેરિએન્ટ 'IHU' મળી આવ્યો.**

✓ નવા વાઈરસને 'IHU' અથવા B.1.640.2 વેરિએન્ટ નામ અપાયું છે.

✓ આ કેસના 12 કેસો નોંધાયા છે જે આફ્રિકન દેશ કેમરૂનની મુસાફરીથી જોડાયેલા વ્યક્તિઓમાં જોવા મળ્યા છે.

❖ **UJALA (ઉજાલા) યોજનાને 7 વર્ષ પૂર્ણ**

✓ UJALA - ઉન્નત જ્યોતિ બાય અફોર્ડેબલ LEDS ફોર ઓલ.

✓ વિધુત મંત્રાલયની આ યોજના હેઠળ 7 વર્ષમાં સમગ્ર ભારતમાં 36 કરોડ LED બલ્બનું વિતરણ કરવામાં આવ્યું છે.

✓ આ યોજના વડાપ્રધાને 5 જાન્યુઆરી 2015ના રોજ શરૂ કરી હતી.

✓ UJALA કાર્યક્રમ દ્વારા ઊર્જા ક્ષેત્રે વાર્ષિક 47,778 મિલિયન kwh ઊર્જાની બાબત જોવા મળી છે.

❖ **આવાસ અને શહેરી કાર્યોના મંત્રાલયે SAAR કાર્યક્રમ શરૂ કર્યો**

✓ SAAR સ્માર્ટ સિટિઝ એન્ડ એકેડેમીયા ટુવાઈસ એકશન એન્ડ રિસર્ચ.

✓ યોજના હેઠળ વાસ્તુકળા સાથે સંકળાયેલ 15 સંસ્થાઓ સ્માર્ટ સિટી મિશન હેઠળની પરિયોજનાઓના દસ્તાવેજો તૈયાર કરવાનું કામ કરશે.

✓ આ પ્રોજેક્ટ હેઠળ સ્માર્ટ સિટીના અલગ અલગ 75 પ્રોજેક્ટ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

❖ **UN આતંકવાદ વિરોધી સમિતિના અધ્યક્ષ તરીકે ભારતના ટી. એસ. તિરૂમૂર્તિ નિયુક્ત**

✓ આ પદ સંભાળતાં પહેલાં તિરૂમૂર્તિ વિદેશ મંત્રાલયમાં સચિવ તરીકે નિયુક્ત હતા અને આર્થિક બાબાતોના પોર્ટફોલિયો પર કામ કરતા હતા.

✓ તિરૂમૂર્તિ અગાઉ અલગ અલગ દેશોમાં ભારતના રાજદૂત તરીકે સેવા બજાવી ચૂક્યા છે.

✓ ન્યુયોર્કમાં 9/11ના આતંકવાદી હુમલા બાદ સપ્ટેમ્બર 2001માં UN દ્વારા આ સમિતિનું ગઠન કરવામાં આવ્યું હતું.

❖ **SBI જનરલ ઈન્સ્યોરેંસ દ્વારા ટેક્સની બચત સંબંધિત જાગૃતિ અભિયાનની શરૂઆત**

Crack GPSC

- ✓ આ અભિયાનનો ઉદ્દેશ્ય જીવન વિમા થકી ટેક્સમાંથી મળતી રાહત સંબંધિત જાગૃતિ લાવવાનો છે.
- ✓ અભિયાન હેઠળ ભારતના આવ ક્વેરા કાયદાની કલમ 80 D મુજબ સ્વાસ્થ્ય વીમા પર આવક વેરો ભરવામાં મળતી છૂટછાટ અંગેની માહિતીનો પ્રચાર કરાશે.
- ✓ આ અભિયાન #BAHANECHHODO TAX BACHAO સાથે શરૂ કરાયું.

## ❖ ચીનના કૃત્રિમ સૂર્યથી 70 મિલિયન ડીગ્રી સેન્ટ ગ્રેટ ઊર્જા ઉત્પન્ન

- ✓ ચીનના આ કૃત્રિમ સૂર્યમાં પરમાણુ સંલયન પ્રક્રિયા દ્વારા 126 મિલિયન F (70 મિલિયન) C તાપમાન 1056 સેકન્ડ (17 મિનિટ)થી વધુ સમય સુધી મળતાં નવો વિશ્વ રેકોર્ડ નોંધાયો.
- ✓ પરમાણુ સંલયન પ્રક્રિયામાં ભારે હાઈડ્રોજન પરમાણુઓને એકબીજા સાથે અથડાવીને હિલિયમ વાયુ ઉત્પન્ન કરવામાં આવે છે જે ખૂબ જ ઊંચી માત્રામાં ઊર્જા ઉત્પન્ન કરે છે.

## ❖ સમાજ સેવિકા પદ્મ શ્રી સિંધુભાઈ સપકાલેનું નિધન

- ✓ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત સમાજ સેવિકા પદ્મ શ્રી સિંધુભાઈ સપકાલેનું નિધન.
- ✓ તેઓએ 2000 જેટલાં અનાથ બાળકોને દત્તક લઈ પોતાના બાળકની જેમ ઉછેર્યાં હતાં.
- ✓ તેઓ 'અનાથોની માતા કે માઈ' તરીકે ઓળખાતાં હતાં.

## કરન્ટ ઈન શોર્ટ

- ✓ બ્રિટનમાં જન્મેલ ભારતીય મૂળનાં મહિલા હરપ્રીત ચાન્ડીએ એકલા સ્કીઈંગ કરીને દક્ષિણ ધ્રુવ પહોંચવાનું સાહસ પાર પાડીને એકલી દક્ષિણ પર પહોંચનાર સૌપ્રથમ બિનગોરી મહિલા બન્યાં.
- ✓ ભારતીય નૌકાદળનાં અમેરિકા પાસેથી મળેલા P-81 વિમાનોએ INS હંસ પર પોતાનું ઓપરેશન શરૂ કર્યું.
- ✓ સરકારી કંપની ONGCનાં પ્રથમ મહિલા CMD તરીકે અલકા મિત્તલે ચાર્જ સંભાળ્યો. તેઓ સુભાષ કુમારનું સ્થાન લેશે.
- ✓ ડેનમાર્કના હેલ્થ ચીફ 'ટાયરા ગૃવક્રોસ' દ્વારા થયેલા સંશોધન મુજબ કોરોનાનો નવો વેરિએન્ટ ઓમિક્રોન 2 માસ જેટલા સમય સુધી રહેશે અને તેના બાદ તે ધીમે ધીમે દૂર થતાંની સાથે જ કોરોના નામની બિમારીનો પણ અંત આવશે.
- ✓ શ્રીલંકાએ ભારત સાથે 'ત્રિન્કોમાલી ઓઈલ ટેન્ક કરાર' કર્યા. આ કરાર હેઠળ સિલોન પેટ્રોલિયમ કોર્પોરેશન અને ઈન્ડયન ઓઈલ કોર્પોરેશન ત્રિન્કોમાલી વિસ્તારમાં 61 ઓઈલ ટેન્ક બનાવશે.
- ✓ ભારતના સૌથી મોટા 22 km દરિયાઈ પુલ મુંબઈ ટ્રાન્સ હાર્બર સી-લિન્કની 70 કમાનોમાંથી પ્રથમ કમાનનું ખાતમુહર્ત કરાયું.

- ✓ ઈઝરાયેલમાં સજાતીય દંપતીને સરોગેટ માતાઓ થકી સંતાન પ્રાપ્તિની ઈઝરાયેલ સરકારે મંજૂરી આપી.
- ✓ ISA (ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ)માં સામેલ થનાર એંટીગુઆ અને બારામુડા 102મા દેશ બન્યા. ISAની શરૂઆત 2015માં ભારત અને ફ્રાન્સે કરી હતી.
- ✓ વડાપ્રધાન મોદીએ ત્રિપુરાના અગરતલા ખાતે મહારાજ વીર વિક્રમ હવાઈમથકના ટર્મિનલનું ઉદ્ઘાટન કર્યું.
- ✓ હિમાચલપ્રદેશ 100% LPG ગેસ કવરેજ કરનાર પ્રથમ રાજ્ય બન્યું. રાજ્ય સરકારે અને LPG પૂરા પાડવા માટે હિમાચલ ગૃહિણી સુવિધા યોજના (2018) શરૂ કરી છે.

## 6 જાન્યુઆરી

### ❖ ઓમિક્રોનની માહિતી આપતી RT-PCR કિટ 'ઓમીશ્યોર'ને ICMRએ મંજૂરી આપી

- ✓ ઓમિક્રોન વેરિયેન્ટ વિશેની માહિતી આપતી આ પ્રથમ કિટ છે.
- ✓ આ કિટ ટાટા મેડિકલ એન્ડ ડાયગ્નોસ્ટિક દ્વારા બનાવાઈ છે.
- ✓ તાજેતરમાં ભારતમાં US આધારિત વૈજ્ઞાનિક ઉપકરણ કંપની થર્મો ફિશર દ્વારા બનાવાયેલ કિટનો ઉપયોગ ઓમિક્રોન વેરિએન્ટની જાણકારી મેળવવા માટે થઈ રહ્યો છે.
- ✓ ઓમિક્રોન વેરિએન્ટની જાણકારી મેળવવા માટે SGTF (એસ જીન ટારગેટ ફેલિયર) ટેસ્ટ કરવામાં આવતી પદ્ધતિ વપરાય છે.

### ❖ નૌ સેના અભ્યાસ - મિલાન-2022

- ✓ ભારત ફેબ્રુઆરી 2022 વિશાખાપટ્ટનમમાં બહુરાષ્ટ્રીય નૌકા સૈન્ય અભ્યાસ 'મિલાન'માં ભાગ લેવા માટે 46 દેશોને આમંત્રિત કરશે.
- ✓ મિલાન અભ્યાસ સૌહાર્દ, સામંજસ્ય (એકરૂપતા) અને સહયોગ વિષય પર આધારિત છે.
- ✓ આ અભ્યાસમાં અમેરિકા પ્રથમ વખત ભાગ લેશે.

### ❖ જિશાન એ લતીફને ફોટો પત્રકારત્વમાં રામનાથ ગોયનકા પુરસ્કાર

- ✓ લતીફે NRC (રાષ્ટ્રીય નાગરિક રજિસ્ટર - National Register of Citizens)ના દસ્તાવેજીકરણ હેઠળ જેનો સમાવેશ નથી થતો એવા નાગરિકોની દુર્દશા અંગે રિપોર્ટિંગ કર્યું હતું.
- ✓ તેમને ઓક્ટોબર 2019 'ધ કારવા'માં પ્રકાશિત થયેલ તેમનો ફોટો નિબંધ 'NRCમાં સમાવેશ કરવા માટેનો કઠિન સંઘર્ષ' માટે પુરસ્કાર અપાયો.
- ✓ NRCની યાદી જાહેર થયા બાદ તેમણે આસામના ચાર જિલ્લાઓમાં જઈ આ નિબંધ પર કામ કર્યું હતું.

### ❖ લદ્દાખનું પારંપરિક નવું વર્ષ 'લોસાર' મનાવાયું

- ✓ લદ્દાખે 3 જાન્યુઆરીના રોજ આ નવું વર્ષ ઉજવ્યું.
- ✓ લોસાર તિબ્બતી નવું વર્ષ પણ કહેવાય છે જે તિબ્બતી બૌધ ધર્મના એક તહેવાર સ્વરૂપે ઉજવાય છે.
- ✓ આ તહેવાર મુખ્યત્વે જન્મ અને મૃત્યુ સાથે જોડાયેલો છે.
- ✓ આ દિવસે તમામ મઠો, સ્તુપો, રહેઠાણોને શણગારવામાં આવે છે.
- ✓ લોસારની પૂર્વ સંધ્યાએ મૃત પ્રિયજનો માટે તેમનાં સ્મારકોને અન્ન અર્પણ કરવામાં આવે છે.

### ❖ અંક જ્યોતિષ ક્ષેત્રે જેસી ચૌધરીને પ્રથમ ગિનીસ વર્લ્ડ રેકોર્ડ અપાયો

- ✓ જેસી ચૌધરી ભારતના અંકશાસ્ત્રી અને જ્યોતિષશાસ્ત્રના જાણકાર છે અને તેમણે આ ક્ષેત્રનો પ્રથમ રેકોર્ડ મેળવ્યો છે.
- ✓ તેમણે 6000 જેટલા લોકોને પ્રાચીન વિજ્ઞાન વિષયમાં શિક્ષિત કર્યા અને અંકશાસ્ત્રમાં USA, બ્રિટન, ભારતના અનેક ઉત્સાહીઓને માર્ગદર્શિત કર્યા.
- ✓ આ એવોર્ડ માટેની પહેલ CNPL (ચૌધરી નુમેરો પ્રાઈવેટ લિ.) અને ભારતીય અંકશાસ્ત્ર સંસ્થા દ્વારા કરવામાં આવી હતી.

### ❖ 6 જાન્યુઆરી: World war Orphan Day (વિશ્વ યુદ્ધ અનાથ દિવસ)

- ✓ યુદ્ધ જેવી બાબતો અથવા કોઈ સંઘર્ષ સમયે માતા-પિતા ગુમાવનાર બાળકોની માનસિક સ્થિતિની જાગૃતિ લાવવા માટે આ દિવસ ઉજવવામાં આવે છે.
- ✓ જે બાળકોએ આ સ્વરૂપે માતા-પિતા ગુમાવ્યા હોય અથવા બાળક પોતે ગોળીબારમાં ઘાયલ થયું હોય તેના માનસિક ઘાને દૂર કરવા અને સામાન્ય જીવન શરૂ કરવા માટે આ દિવસ ઉજવીને તેમને મદદરૂપ થવાનો ઉદ્દેશ્ય રહેલો છે.
- ✓ આ દિવસની શરૂઆત ફ્રેન્ચ સંસ્થા SOS ENFONTSEN DETRESSES દ્વારા કરવામાં આવી હતી.
- ✓ UNICEF દ્વારા કરાયેલ અનાથની વ્યાખ્યા મુજબ એવું બાળક કે જેની ઉંમર 18 વર્ષથી ઓછી છે અને કોઈ પણ કારણસર તેણે માતા કે પિતા કે બંને ગુમાવ્યા છે.

### કરન્ટ ઈન શોર્ટ

- ✓ ઈન્ટરનેશનલ એનર્જી (આઈઈઈ)ના રિપોર્ટ મુજબ ભારત 2026માં ઈથેનોલના વપરાશમાં વિશ્વમાં ત્રીજો ક્રમ ધરાવે છે.
- ✓ સલાયા બંદરનું વહાણ ફ્રેઝે તાઝુદીન બાબા-2 જે ખાંડની નિકાસ માટે જે ઈરાન જઈ રહ્યુ હતું તે ઈરાનના દરિયામાં ડૂબ્યું.

- ✓ શ્રીલંકાના બેટ્સમેન ભનુકા રાજપક્ષેએ ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી સન્યાસ લીધો.
- ✓ વડાપ્રધાને પંજાબમાં 669 km લાંબા દિલ્હી-અમૃતસર-કટરા એક્સપ્રેસ વેનો શિલાન્યાસ તથા ફિરોઝપુર ખાતે PGI સેટેલાઇટ સેન્ટરનો શિલાન્યાસ કર્યો.
- ✓ SBI બેંક દ્વારા ડિજિટલ બેન્કિંગને પ્રોત્સાહિત કરવા માટે IMPS ઓનલાઈન લેણદેણની લિમિટ રૂ. 2 લાખથી વધારી રૂ. 5 લાખ કરવામાં આવી.
- ✓ એલન મસ્કના નેતૃત્વવાળી સ્ટારલિંક ઈન્ડયાના પ્રમુખ સંજય ભારગવે રાજીનામું આપ્યું.
- ✓ ભારતીય નૌસેનાના 1971ના ભારત-પાક યુદ્ધના વાઈસ એડમિરલ એસ. એચ. સરમાનું 100 વર્ષની ઉંમરે નિધન થયું.
- ✓ ઉપરાષ્ટ્રપતિ એમ. વૈંકૈયા નાયડુ દ્વારા મહાત્મા ગાંધી આંતરરાષ્ટ્રીય હિંદી વિશ્વ વિદ્યાલય વર્ધા ખાતે અટલ બિહારી વાજપેયી ભવન અને ચંદ્રશેખર આઝાદ હોસ્ટેલ તથા ડો. આંબેડકરની પ્રતિમાનું અનાવરણ અને ઉદ્ઘાટન.

**અનુભવી અને સફળ ફેકલ્ટીઝ સાથે - ઓછા સમયમાં સચોટ તૈયારી એટલે Crack GPSC**






## 7 જાન્યુઆરી

❖ **કોન્સ્યુલર એક્સપ્રેસ એગ્રીમેન્ટ - 2008 અને પરમાણુ સ્થાપન તથા હુમલા પર પ્રતિબંધ**

- ✓ તાજેતરમાં ભારત અને પાકિસ્તાન દ્વારા તેના પરમાણુ સ્થાપનોની યાદીની આપ લે કરવામાં આવી.
- ✓ બંને દેશો વર્ષે 1 જાન્યુઆરી અને 1 જુલાઇના રોજ આ સૂચિઓની આપલે કરે છે.
- ✓ કોન્સ્યુલર એક્સપ્રેસ એગ્રીમેન્ટ - 2008 હેઠળ બંને દેશ એકબીજાની જેલમાં બંધ કેદીઓની યાદીની આપ લે કરે છે.
- ✓ પરમાણુ સ્થાપનો અને હુમલા પર પ્રતિબંધ અંગે 1998 અને 1991 માં કરારો થયા હતા.
- ✓ વર્ષ 2022માં બંને દેશોએ 31મી યાદીની આદાન-પ્રદાન કરી છે.

❖ **વર્ષ 2022 માટે ISROએ જાહેર કર્યાં મિશનો**

- ✓ TRISHNA - Thermal infrared imaging satellite for High - Resolution Natural resource Assessment.
- ✓ Xposat - X-ray Polarimeter satellite જે કોસ્મિક એક્સ-રેના ધ્રુવીકરણનો અભ્યાસ કરશે. અને બ્રહાંડના 50 સૌથી તેજસ્વી જાણીતા સ્ત્રોતોનો અભ્યાસ કરશે.
- ✓ DISHA - Diaturbed and quiet - type Ionosphere System at High Altitude જેમાં 450kmની ઉંચાઇએ પૃથ્વીની પરિક્રમા કરતા 2 સેટેલાઇટ્સ સામેલ હશે.

❖ **શીપ્રા દુરેઝા DAAD એવોર્ડ - 2021થી સન્માનિત.**

- ✓ DAAD - Deutscher Akademischer Austauschdi- Enst.
- ✓ આ એવોર્ડ જર્મની એકેડેમીક એક્સચેન્જ સર્વિસ દ્વારા અપાય છે જે જર્મન યુનિવર્સિટીમાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીના અચિવમેન્ટ બદલ અપાય છે.

❖ **ખુંટકટ્ટી કાયદો - ઝારખંડ**

- ✓ તાજેતરમાં ઝારખંડમાં એક વ્યક્તિને જાહેરમાં માર મારી જીવતો સળગાવી દેવામાં આવ્યો.
- ✓ આ વ્યક્તિ સામે ગેરકાયદે વૃક્ષો કાપવા અને બજારમાં વેચવાનો આરોપ લગાવી જીવતો સળગાવાયો જેને 'ખુંટકટ્ટ' કાયદાનું ઉલંઘન માનવામાં આવે છે.
- ✓ ખુંટકટ્ટી પદ્ધતિ એ આદિવાસી સમુદાય દ્વારા લાગુ થયેલ એક સિસ્ટમ છે જેમાં મુંડા આદિવાસીઓ સામાન્ય રીતે જંગલો સાફ કરી ત્યાંની જમીન ખેતી યોગ્ય બનાવે છે.
- ✓ આ જમીન સમગ્ર jઆદિજાતિની માલિકીની હોય છે કોઇ ચોક્કસ વ્યક્તિની નહિ.
- ✓ આ પ્રથા અંગ્રેજ શાસન કાળથી ચાલી આવી છે. જેમાં અંગ્રેજોએ આદિજાતિને આર્થિક રીતે પાયમાલ કરતાં બિસરા મુંડાની આગેવાનીમાં અંગ્રેજો વિરૂદ્ધ આંદોલન થયું હતું.

❖ **વિશ્વભરમાં સેમીકન્ડકટર્સની અછત સર્જાઇ.**

- ✓ સેમીકન્ડક્ટર્સ મુખ્યત્વે સિલકોન અથવા જર્મેનિયમ અથવા સંયોજનો જેવાં કે ગેલિયમ આર્સેનાઇડ અથવા કેડમિયમ સેલેનાઇડના બનેલા હોય છે જે મુખ્યત્વે વિદ્યુતના વહન માટે વાપરવામાં આવે છે.
- ✓ સેમીકન્ડક્ટર્સ એક ઇલેક્ટ્રીક ચીપ છે જેમાં ટ્રાન્ઝિસ્ટર અને સેમીકન્ડક્ટર વેફરના ઘટકોનો સમાવેશ થાય છે અને તે વિવિધ ઇલેક્ટ્રોનિક ઉપકરણોમાં વપરાય છે.
- ✓ સેમીકન્ડક્ટર્સની અછતનું મુખ્ય કારણ કોવિડ-19 દરમિયાન શરૂ થયેલ વર્કફ્રોમ હોમ મનાય છે.
- ✓ વર્ક ફ્રોમ હોમના કારણે લેપટોપ તથા સ્માર્ટફોન જેવા ઉપકરણોનું વેચાણ અત્યંત ઓછા સમયમાં વધવાને કારણે સેમીકન્ડક્ટર્સની અછત સર્જાઇ છે.
- ✓ આ ઉપરાંત નવા સેમીકન્ડક્ટર્સનું ઉત્પાદન મોંઘું તથા તેનો ઉત્પાદન સમય પણ વધુ હોવાનું કારણ પણ જવાબદાર છે.
- ✓ ભારતની કેન્દ્ર સરકારે તાજેતરમાં જ સેમીકન્ડક્ટર્સના પ્લાન્ટ સ્થાપવા અંગેનો વિચાર વ્યક્ત કર્યો છે.

## ❖ નાગાલેન્ડમાં AFSPA એક્ટ 6 માસ લંબાવાયો.

- ✓ AFSPA - આમર્ડ ફોર્સિસ સ્પેશિયલ પાવર એક્ટ.
- ✓ આ કાયદો ઉત્તર પૂર્વ ભારતમાં થયેલ હિંસાને ડામવા માટે બનાવાયો હતો જે વ્યગ્ર વિસ્તાર (Disturbed Area)માં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે સૈન્ય બળોને વિશેષ સત્તા આપે છે.
- ✓ કાયદા હેઠળ સૈન્ય બળ જે -તે વિસ્તારમાં પાંચ કે તેથી વધુ લોકોને ભેગા થતા અટકાવે છે.
- ✓ આ કાયદાના ઉલ્લંઘન બદલ કોઇ જ ચેતવણી વગર સૈન્ય બળને ફાયરિંગની સત્તા છે.
- ✓ આ કાયદાની કલમ-3 હેઠળ ધાર્મિક, જાતીય, વંશીય સમૂહો વચ્ચે થતા વિવાદોના આધારે જે તે વિસ્તારને 'વ્યગ્ર વિસ્તાર' જાહેર કરવામાં આવે છે અને ત્રણ મહિના સુધી આ કાયદો ત્યાં લાગુ રહે છે.
- ✓ ત્યારબાદ રાજ્ય સરકાર આગળ આ કાયદો લાગુ રાખવો કે નહિ તેની કેન્દ્ર સરકારને ભલામણ કરે છે પરંતુ અંતિમ નિર્ણય કેન્દ્ર કરકાર લે છે.
- ✓ હાલ ભારતમાં નાગાલેન્ડ, આસામ, મણિપુર, અરૂણાચલ પ્રદેશ જેવાં રાજ્યો તથા જમ્મુ-કાશ્મીરનાં અમુક ક્ષેત્રોમાં આ કાયદો લાગુ પડે છે.
- ✓ આ કાયદાના વિરૂદ્ધમાં આપવામાં આવતા તર્કો - આ કાયદા હેઠળ સૈન્ય દળોને આપવામાં આવેલ સત્તા માનવ અધિકાર તથા મૂળભૂત અધિકારો અને સ્વતંત્રતાનું માનવ ઉલ્લંઘન છે. 60 વર્ષથી આ કાયદો હોવા છતાં અશાંત વિસ્તારોમાં શાંતિ ન સ્થાપતાં ખામીયુક્ત કાયદો છે.

કાયદાને લાગુ કરવા કે ન કરવા અંગે રાજ્યની સત્તા ન હોવાથી તે સત્તાનું કેન્દ્રીકરણ મનાય છે.

- ✓ માનવાધિકાર અંગે નાગાલેન્ડ ચળવળ વિ. ભારત સરકાર 1997ના કેસમાં સુપ્રીમ કોર્ટે આ કાયદાને બંધારણીય માન્યતા આપી. જ્યારે એક્સ્ટ્રા જ્યુડિશિયલ એક્ઝિક્યુટિવ વિક્ટિમ ફેમીલી વિ. ભારત સરકાર - 2016ના કેસમાં ન્યાયાલયે સૈન્ય બળો પર કેટલીક મર્યાદાઓ લગાવી.
- ✓ જીવન રેડ્ડી સમિતિએ આફસ્પા કાયદામાં સુધારો કરી 'વ્યગ્ર વિસ્તાર' (અશાંત વિસ્તાર) વ્યાખ્યા સ્પષ્ટ કરવાનું સૂચન કર્યું છે.

### કરન્ટ ઇન શોર્ટ

- ✓ ઉત્તર પ્રદેશના મૈનપુરીની સૈનિક સ્કૂલને દેશના પ્રથમ CDS જનરલ બિપિન રાવતનું નામ અપાયું.
- ✓ ઉજાલા યોજના હેઠળ LED વિતરણમાં ઓડિસા (5.22 કરોડ સાથે) પ્રથમ, ગુજરાત (4.14 કરોડ સાથે) બીજા અને ઉત્તરાખંડ (3.63 કરોડ સાથે) ત્રીજા સ્થાને.
- ✓ ભારતમાં મહિલાની લગ્નની ઉંમર 18થી વધારી 21 વર્ષ કરવા અંગે રચાયેલી 31 સભ્યોની સંસદીય પેનલમાં એક માત્ર મહિલા તરીકે TMC સાંસદ સુષ્મિતા દેવને સ્થાન અપાયું.
- ✓ જૂન 2022માં આયોજિત થનાર G7 બેઠકની અધ્યક્ષતા માટે જર્મનીએ પદ સંભાળ્યું. G-7માં અમેરિકા, કેનેડા, જાપાન, ફ્રાન્સ, UK, ઇટલી, જર્મનીનો સમાવેશ થાય છે.
- ✓ જી. અશોક કુમાર સ્વચ્છ ગંગા યોજના માટેના રાષ્ટ્રીય મિશનના ડિરેક્ટર જનરલ નિયુક્ત.
- ✓ ગૃહ મંત્રાલયે કોવિડ-19ને ધ્યાને રાખી વસ્તી ગણતરી - 2021 બાદ વસ્તી ગણતરી - 2022ને સપ્ટેમ્બર - 2022 સુધી સ્થગિત રાખવાનો નિર્ણય કર્યો.
- ✓ કેન્દ્ર સરકાર જમ્મુ- કાશ્મીરમાં ડિસ્ટ્રીક્ટ ગુડ ગવર્નન્સ ઇન્ડેક્સ વિકસાવશે. આ પ્રકારનો ઇન્ડેક્સ ધરાવતો જમ્મુ - કાશ્મીર પ્રથમ કેન્દ્ર શાસિત પ્રદેશ બનશે.

**અનુભવી અને સફળ ફેકલ્ટીઝ સાથે - ઓછા સમયમાં સચોટ તૈયારી એટલે Crack GPSC**

## 8 જાન્યુઆરી

### ❖ રાજનાથસિંહે ફ્રાન્સમાં ભારતના પ્રથમ બહુ પરિમાણીય સાહસિક રમત અભિયાનમાં ધ્વજવંદન કર્યું

- ✓ રક્ષામંત્રી રાજનાથસિંહે ફ્રાન્સમાં NIMAS દ્વારા આયોજિત ભારતના પ્રથમ બહુ પરિમાણીય સાહસિક રમત અભિયાનમાં ધ્વજવંદન (Flag-in) કર્યું.

- ✓NIMAS - નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઓફ માઉન્ટેનિયરિંગ એન્ડ અલાઇડ સ્પોર્ટસ.
- ✓આ અભિયાનમાં ટીમ દ્વારા આલ્પસ પર્વતમાળામાં 250 kmથી વધુનું શિયાળુ ટ્રેકિંગ કર્યું. જેમાં ફ્રેન્ચ, સ્વિસ અને ઇટાલિયન આલ્પસને આવરી લેતી ટુર ડી મોન્ટ બ્લેન્ક ટ્રેડિંગનો સમાવેશ થાય છે.
- ✓આ અભિયાનમાં પર્વતારોહણ, સાયકલિંગ, પેરાગ્લાઇડિંગ અને સ્કુબા ડાઇવિંગ જેવી તમામ પ્રવૃતિઓની સમાવેશ કરાયો હતો.
- ✓ આ કાર્યક્રમમાં કુલ 12 વ્યક્તિઓએ ભાગ લીધો હતો. જેમાં 8 આર્મી કર્મચારી અને ચાર અરૂણાચલ પ્રદેશના યુવાનોનો સમાવેશ થાય છે.
- ✓ NIMASના ડિરેક્ટર - કર્નલ સરફરાઝ સિંહ.
- ✓ ફ્રાન્સમાં ભારતના રાજદૂત - જાવેદ અશરફ.
- ✓ ફ્રાન્સમાં ભારતીય દૂતાવાસ - પેરિસ ખાતે.

## ❖ રાષ્ટ્રીય યુવા મહોત્સવ - પુડુચેરી

- ✓ વડાપ્રધાન મોદીએ રાષ્ટ્રીય યુવા ઉત્સવના યજમાન તરીકે પુડુચેરીને પસંદ કર્યું.
- ✓ વર્ષ 2021માં આઝાદીના અમૃત મહોત્સવના ભાગ રૂપે 25માં રાષ્ટ્રીય યુવા ઉત્સવનું આયોજન થઇ રહ્યું છે.
- ✓ આ કાર્યક્રમમાં NYF શ્રી અરબિંદો, સુબ્રમણિયા ભારતી અને સ્વામી વિવેકાનંદના જીવન અને આદર્શો સાથેના પોશાકમાં બાળકોએ દેશના યુવાનોને તેમના જીવન ચરિત્ર અંગેનો વિશેષ સંદેશ આપ્યો.
- ✓ પુડુચેરીના ઉપરાજ્યપાલ ડૉ. તમિલિસાઇ સુંદરરાજને આ કાર્યક્રમનો લોગો અને થીમ જાહેર કરી.
- ✓ આ કાર્યક્રમ 12થી 16 જાન્યુઆરી 2022 સુધી ઉજવાશે.
- ✓ NYF (National Youth Festival) 2022ની થીમ - 'સક્ષમ યુવા, સશક્ત યુવા'.

## ❖ રાજકોટનાં બે મહિલા તબીબને IAMનો રાષ્ટ્રીય કક્ષાનો એવોર્ડ

- ✓ IMA - Indian Medical Association.
- ✓ નેચરલ કલ્ચરલ કમિટીનાં મેમ્બર ડૉ. સ્વાતિ પોપટને વર્ષ 2021માં લાઇવ વર્કશોપ, વેબિનાર અને ડિજિટલ માધ્યમ દ્વારા સંગીત અને નૃત્ય સ્પર્ધાઓ માટે આ એવોર્ડ અપાયો.
- ✓ ડૉ. વૃંદા અગ્રાવતને એજ્યુકેશન એક્ટીવીટી માટે આ એવોર્ડ અપાયો છે.
- ✓ તેઓ પી.ડી.યુ. મેડિકલ કોલેજમાં પ્રાધ્યાપક છે અને રુદયરોગના હુમલા દરમિયાન દર્દીને સીપીઆર દ્વારા રાહત કેવી રીતે આપી શકાય તેની તાલીમ આપે છે.
- ✓ CPR - Cardiopulmonary Resuscitation.

## ❖ રાફેલ M લડાકૂ વિમાનનું પરીક્ષણ

- ✓ ભારતીય નૌસેનાએ રાફેલ M લડાકૂ વિમાનનું પરીક્ષણ કર્યું.

- ✓ રાફેલ M (મરીન) એરક્રફ્ટનું પરીક્ષણ ગોવામાં INS હંસા પર કરવામાં આવ્યું.
- ✓ આ એરક્રાફ્ટ પરમાણુ ક્ષમતા, હવાથી હવા મિસાઇલ પ્રક્ષેપણ, એર ટુ ગ્રાઉન્ડ મિસાઇલ પ્રક્ષેપણ જેવી અધતન સુવિધાઓથી સજ્જ છે.
- ✓ 2017માં ભારતીય નોંકાદળે એરક્રાફ્ટ કેરિયર માટે 57 મલ્ટી- રોલ કોમ્બેટ એરક્રાફ્ટ ખરીદવાની માંગણી કરી હતી.
- ✓ જે સોદા હેઠળ ચાર વિમાનો રાફેલ (ડસોલ્ટ, ફ્રાન્સ) એફ-18 સુપર હોર્નેટ (બોઇંગ, યુએસ), MIG-29k (રશિયા) અને ગ્રિપેન (સાબ, સ્વીડન) વિવાદોમાં રહ્યા હતા.

❖ **ઓન-ટાઇમ પરફોમન્સ માટેની ટોચની 10 વૈશ્વિક યાદીમાં ચેન્નઇ હવાઇ મથકને સ્થાન**

- ✓ એવિએશન એનાલિટિક્સ ફર્મ 'સિરિયમ'ના રિપોર્ટ મુજબ આ સ્થાન મળ્યુ છે.
- ✓ રિપોર્ટ અનુસાર ચેન્નઇ એરપોર્ટ પર સમયસર વિમાનોનું પ્રસ્થાન વર્ષ 2021 દરમિયાન 99.32% રહ્યું. જે ગ્રાહક સેવાની ગુણવત્તા અને ઓપરેશન શ્રેષ્ઠતાનું પ્રતિનિધિત્વ કરે છે.
- ✓ આ યાદીમાં ચેન્નઇનું સ્થાન 8મા ક્રમાંકે છે.
- ✓ શરૂઆતનાં ત્રણ સ્થાનોમાં અમેરિકાનું મિયામી એરપોર્ટ, જાપાનનું કુકુઓકા એરપોર્ટ અને હાનેડાનું એરપોર્ટ છે.

❖ **વૈશ્વિક જૈવવિવિધતા ફ્રેમવર્ક પર 2 દિવસીય દક્ષિણ એશિયાઇ બેઠકનું આયોજન**

- ✓ નવી દિલ્લી ખાતે વૈશ્વિક જૈવવિવિધતા ફ્રેમવર્ક (Global Biodiversity Framework) પર 2 દિવસીય દક્ષિણ એશિયાઇ બેઠકનું આયોજન કરવામાં આવ્યું.
- ✓ તેની અધ્યક્ષતા પર્યાવરણ, વન અને જલવાયુ પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવે કરી.
- ✓ આ બેઠકમાં ભારત સહિત બાંગ્લાદેશ, ભુટાન, માલદીવ, નેપાળ, શ્રીલંકા અને પાકિસ્તાનના પ્રતિનિધિઓએ ભાગ લીધો.
- ✓ આ બેઠકમાં અધ્યક્ષે જૈવ વિવિધતાના બચાવ પર ચર્ચા કરી 'વિનાશ વિના વિકાસ' નો મંત્ર આપ્યો.
- ✓ તેમણે આદિવાસી વિસ્તારોમાં પર્યાવરણીય સમસ્યાના સમાધાન પર વિશેષ ભાર મૂક્યો.

❖ **'મમતા: બિયોન્ડ 2021' મમતા બેનર્જી પરના મુસ્તકનું વિમોચન.**

- ✓ તૃણમુલ કોંગ્રેસના સુપ્રીમો અને પશ્ચિમ બંગાળનાં સીએમ મમતા બેનર્જીના જન્મદિન (5 જાન્યુઆરી) ના દિવસે હાર્પર કોલિન્સે આ પુસ્તક 24 જાન્યુઆરી, 2022ના રોજ પ્રકાશિત કરવાની જાહેરાત કરી.
- ✓ આ પુસ્તક રાજકીય પત્રકાર જયંતા ઘોસાલ દ્વારા લખવામાં આવ્યું છે અને તેનો અનુવાદ અસણવ સિંહા દ્વારા કરાયો છે.
- ✓ 'બંગાળની પુત્રી' તરીકે ઓળખાતાં મમતા બેનર્જીનાં કાર્યો અને સફળતાનું ચિત્રણ આ પુસ્તકમાં કરવામાં આવ્યું છે.

- ✓ હાર્પર કોલિન્સ એ ભારતીય પ્રકાશન ગૃહ છે. જે હાર્પર કોલિન્સ પબ્લિશર્સની પેટા કંપની છે જે વાર્ષિક અંદાજે 200 જેટલાં પુસ્તકો પ્રકાશિત કરે છે.

❖ **3rd National Water Awards 2020 (રાષ્ટ્રીય જલ પુરસ્કાર)**

- ✓ ઉત્તરપ્રદેશને ત્રીજા રાષ્ટ્રીય જળ પુરસ્કાર - 2020માં પ્રથમ સ્થાનનો પુરસ્કાર અપાયો.
- ✓ બીજા અને ત્રીજા સ્થાને આ યાદીમાં અનુક્રમે રાજસ્થાન અને તમિલનાડુનો સમાવેશ થાય છે.
- ✓ જળશક્તિ મંત્રાલય દ્વારા વર્ષ 2018માં પ્રથમ વખત આ પુરસ્કારની શરૂઆત કરવામાં આવી હતી.
- ✓ અલગ અલગ 11 શ્રેણીઓમાં આ પુરસ્કાર અપાય છે.
- ✓ આ પુરસ્કાર માટે વિશેષત: પેયજળ (પીવાલાયક પાણી) ના બચાવને ધ્યાને લેવામાં આવે છે. કારણ કે ભારત વિશ્વની લગભગ 18% વસ્તી ધરાવે છે. પરંતુ તેની પાસે પેયજળ માત્ર 4% જેટલું જ છે.

❖ **ક્રિકેટર શૈફાલી વર્મા બેંક ઓફ બરોડાની બ્રાન્ડ એમ્બેસેડર**

- ✓ ક્રિકેટર શૈફાલી વર્મા બેંક ઓફ બરોડાની બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત.
- ✓ તે ICCની યાદીમાં સૌથી ઓછી ઉંમરની ભારતીય મહિલા ક્રિકેટર તરીકે સ્થાન ધરાવે છે.
- ✓ BOBની સ્થાપના 1908માં થઇ. તેનું વડું મથક વડોદરામાં છે.

## કરન્ટ ઇન શોર્ટ

- ✓ સુપ્રીમ કોર્ટે નીટ-પીજીમાં ઓબીસીને 27% અને EWSને 10% અનામતને મંજૂરી આપી. EWS માટે વાર્ષિક 8 લાખની આવક મર્યાદાને પણ હાલ મંજૂર રાખી.
- ✓ ઇટાલીની રાજધાની રોમ સ્થિત લેઝારિની ડિઝાઇન સ્ટુડિઓએ 'ફેરારી ઓફ ધ સી' નામની 88 ફૂટની લાંબી હાઇપર યાટનું અનાવરણ કર્યું.
- ✓ મનાલી ખાતે આયોજિત વિન્ટર કાર્નિવલમાં સિમલાની આશિમા ચૌહાણ વિન્ટર ક્વીન 2022 બની. જ્યારે ભોપાલની તૃપ્તિ ઠાકુર ફર્સ્ટ રનર-અપ અને ડેલહાઉસીની ઇશિતા કશ્યપ સેકન્ડ રનર-અપ રહી.
- ✓ 2008માં શરૂ કરાયેલ 'પાસપોર્ટ સેવા કાર્યક્રમ'ના બીજા ચરણમાં ઇ-પાસપોર્ટ સેવા શરૂ કરવા માટે ભારત સરકારના વિદેશ મંત્રાલયે TCS (Tata Consultancy Services) સાથે કરારો કર્યા.
- ✓ SCO (Shanghai Coopeuation Organisation)ના નવા મહાસચિવ તરીકે યુરોપીયન સંઘમાં ચીનના વર્તમાન રાજદૂત ઝાંગ મિંગ ની નિયુક્તિ. તેમણે વ્લાદિમીર નોરોછ (ઉઝવેકિસ્તાનના રાજદૂત)નું સ્થાન સંભાળ્યુ છે.
- ✓ ડૉ. જિતેન્દ્ર સિંહે હૈદરાબાદ ખાતે ઇ-ગવર્નન્સના 24મા સંમેલનનું ઉદ્ઘાટન કર્યું. આ સંમેલનની થીમ - India's Techade: ડિજિટલ ગવર્નન્સ ઇન અ પોસ્ટ પેનડેમિક વર્લ્ડ' છે.

- ✓ ડૉ. જિતેન્દ્ર સિંહે ભારતના પ્રથમ ઓપન રોક મ્યુઝિયમનું હૈદરાબાદ ખાતે ઉદ્ઘાટન કર્યું. જ્યાં 3.3 બિલિયન વર્ષથી 55 બિલિયન વર્ષ સુધી પૃથ્વીના 35 વિવિધ પ્રકારના ખડકોને પ્રદર્શિત કરાયા છે.
- ✓ DERC (દિલ્હી ઇલેક્ટ્રીસિટી રેગ્યુલીટરી કમિશન)એ 'પાવર એન્ડ એનર્જી' કેટેગરીમાં Skoch સિલ્વર એવોર્ડ મેળવ્યો.
- ✓ મલયાલમ ફિલ્મ નિર્દેશક રંજીત બાલકૃષ્ણન કેરળ રાજ્ય ફિલ્મ અકાદમીના અધ્યક્ષ નિયુક્ત.

## 9 જાન્યુઆરી

### ❖ સાઉથ ઈન્ડીયન બેંકને યુઆઈપાથ ઓટોમેશન એક્સેલન્સ એવોર્ડ 2021 મળ્યો

- ✓ કેરળ સ્થિત ધિરાણકર્તા દક્ષિણ ભારતની બેંક (South Indian Bank)એ ક્રાઈસિસ ફોર બિઝનેસ કન્ટીન્યુટી હેઠળ શ્રેષ્ઠ ઓટોમેશન માટે આ એવોર્ડ મેળવ્યો છે.
- ✓ બેન્કિંગ પ્રક્રિયાને સ્વચાલિત કરવાના વિઝન સાથે રોબોટિક ઓટોમેશન અપનાવવા સંદર્ભે આ બેંક મોખરે છે.

### ❖ નોર્થ ઈસ્ટ ફેસ્ટિવલની 9મી આવૃતિનું ઉદઘાટન કરાયું

- ✓ અસમના રાજ્યપાલ જગદીશ મુખીએ ગુવાહાટી ખાતે આ ઉદઘાટન કર્યું.
- ✓ આ ઉત્સવનો ઉદ્દેશ્ય ઉત્તર-પૂર્વના વિસ્તારને જાણવા અને તેની સંસ્કૃતિને લોકો સુધી પહોંચાડવાનો છે.

### ❖ વી. કે. ભાવરા પંજાબના નવા DGP નિયુક્ત

- ✓ તેમને કાર્યકારી DGP સિદ્ધાર્થ ચટ્ટોપાધ્યાયના સ્થાને નિયુક્ત કરાયા છે.
- ✓ તેઓ પદ સંભાળ્યાથી બે વર્ષ માટે નિયુક્ત રહેશે.
- ✓ ચરણજીત સિંહ ચિન્ની સરકારના કાર્યકાળમાં તેઓ ત્રીજા DGP નિયુક્ત થયા.
- ✓ આ નિયુક્ત તાજેતરમાં વડાપ્રધાન સાથે બનેલી ઘટનાના સંદર્ભે કરવામાં આવી છે.

### ❖ ફિલિપાઈન્સે બાળલગ્ન પર પ્રતિબંધ મૂક્યો

- ✓ ફિલિપાઈન્સે 6 જાન્યુઆરી એ કાયદો પસાર કરી આ પ્રતિબંધ મૂક્યો છે.
- ✓ ફિલિપાઈન્સમાં દર 6 છોકરીઓએ એક છોકરી 18 વર્ષની ઉંમર પહેલાં લગ્ન કરે છે.
- ✓ બ્રિટન સ્થિત રાઈટસ ગ્રુપ પ્લાન ઈન્ટરનેશનલ અનુસાર ગરીબ દક્ષિણ પૂર્વ એશિયાઇ દેશ વિશ્વમાં બાળલગ્નોની સંખ્યામાં 12મા ક્રમે છે.

### ❖ અમેરિકા અઢી વર્ષ બાદ ફરીથી ભારતમાંથી કેરીની આયાત કરશે

- ✓ યુ.એસ. ડિપાર્ટમેનટ ઓફ એગ્રીકલ્ચર અને ભારતના ડિપાર્ટમેન્ટ ઓફ એગ્રીકલ્ચર એન્ડ ફાર્મર વેલ્ફેર (DAC & FW) વચ્ચે થયેલા હસ્તાક્ષર હેઠળ આ આયાત અમેરિકા કરશે.

- ✓ વર્ષ 2020 અને 2021માં US ફાયટોસેનિટરી ઈન્સ્પેક્ટરોએ મુલાકાત લીધી ન હોવાથી આ આયાત બંધ હતી.
- ✓ કેરી સાથે આ આયાતમાં દાડમ પણ સમાવિષ્ટ છે.

### ❖ 9 જાન્યુઆરી: પ્રવાસી ભારતીય દિવસ

- ✓ 9 જાન્યુઆરી, 1915ના મહાત્મા ગાંધી દ. આફ્રિકાથી ભારત પરત ફર્યા તે ક્ષણની યાદમાં વર્ષ 2003થી દર વર્ષે આ દિવસ ઉજવાય છે.
- ✓ આ દિવસની ઉજવણીનો ઉદ્દેશ્ય ભારતના વિકાસમાં અન્ય દેશોમાં રહેતા ભારતીયોના યોગદાનને ઓળખ આપવાનો છે.
- ✓ એલ. એમ. સિંઘવીની અધ્યક્ષતામાં મળેલી સમિતિએ આ દિવસની ઉજવણીની ભલામણ કરી હતી.
- ✓ આ દિવસ ઉજવણીની જાહેરાત તત્કાલીન વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી દ્વારા વર્ષ 2002માં કરવામાં આવી હતી.

### ❖ KVIC એ મોબાઈલ હની પ્રોસેસિંગ વાન શરૂ કરી

- ✓ KVIC - Khadi and Village Industries Commission.
- ✓ KVICના અધ્યક્ષ વિનયકુમાર સક્સેનાએ યુપીના ગાઝિયાબાદના સિરોરા ગામ ખાતે આ વાન લોન્ચ કરી.
- ✓ આ વાન દ્વારા 8 કલાકમાં 300 kg મધ પ્રોસેસ કરી શકાય છે.
- ✓ આ યોજના હેઠળ વડાપ્રધાનના મીઠી ક્રાંતિના સ્વપ્નને સાકાર કરવાનો ઉદ્દેશ્ય રહેલો છે.
- ✓ આ વાન દ્વારા મધ ઉછેર કરનાર વ્યક્તિના જ ઘર આંગણે મધનું શુદ્ધિકરણ કરાશે જેનાથી તેને દૂર સુધી જવામાંથી મુક્તિ મળશે.

### ❖ ગુજરાત સરકાર દ્વારા વન્ય પ્રાણીથી થતા માનવ મૃત્યુમાં સહાય રકમમાં વધારો

- ✓ ગુજરાત રાજ્ય સરકારે વન્ય પ્રાણીથી થતા માનવ મૃત્યુમાં વ્યક્તિ દીઠ સહાય રકમ રૂ. 1 લાખથી વધારી રૂ. 5 લાખ કરી.
- ✓ જ્યારે 40થી 60% અપંગતામાં રૂ. 1 લાખ અને 60%થી વધુની અપંગતામાં રૂ. 2 લાખ વળતર જાહેર કર્યું.
- ✓ સાથે જ ગાય ભેંસના મૃત્યુ માટે રૂ. 50,000, ઊંટ માટે રૂ. 40,000 અને ઘેટા-બકરા માટે રૂ. 5000 વળતર આપવામાં આવશે.

## કરન્ટ ઇન શોર્ટ

- ✓ રેલવે બોર્ડ સ્ટેશન ડેવલપમેન્ટ ફીને યુઝર ચાર્જ નામ આપી ટ્રેનની ટિકિટ સાથે AC કલાસ પર 50, સ્લીપર પર 25, પ્લેટફોર્મ અને સામાન્ય ટિકિટ પર 10 રૂ. વસુલવાની મંજૂરી અપાઈ.

- ✓ ગુજરાતમાંથી લુપ્ત થતું જતું 'કાળી ડોક ઢોંક' પક્ષી વડોદરાના સિમલયા ગામમાં જોવા મળ્યું.
- ✓ ગુજરાત વીજ નિયમન પંચ જર્ક (GERC)ના અધ્યક્ષ તરીકે અનિલ મુકીમ નિયુક્ત.

## 10 જાન્યુઆરી

### ❖ ઉતરપ્રદેશ સરકારે નેપાળ સરહદ નજીકનાં 4 ગામોને રેવન્યુ ગામ જાહેર કર્યાં

- ✓ આ ચાર ગામો ભવાનીપુર, તેઢિયા, ઢાકિયા, અને બિછિયા છે.
- ✓ આ ગામોમાં 'વતંગિયા' સમુદાયના લોકોનો વસવાટ છે જેમને વસાહતી શાસન દરમિયાન મ્યાનમારથી વૃક્ષો વાવવા માટે અહીં લાવવામાં આવ્યા હતા.
- ✓ રેવન્યુ વિલેજ એ નિર્ધારિત સરહદો ધરાવતો નાનો વહીવટી પ્રદેશ છે.
- ✓ એક મહેસૂલ ગામમાં અનેક ગામોનો સમાવેશ થાય છે.
- ✓ ગ્રામ વહીવટી અધિકારી એ મહેસુલ ગામનો મુખ્ય અધિકારી છે.

### ❖ 10 જાન્યુઆરી: વિશ્વ હિંદી દિવસ

- ✓ હિંદી શબ્દની ઉત્પતિ ફારસી શબ્દ 'હિંદ' પરથી થઇ છે. જેનો અર્થ સિંધુ નદીની ભૂમિ એવો થાય છે.
- ✓ 1975માં 10 જાન્યુઆરીના રોજ પ્રથમ વિશ્વ હિંદી સંમેલનનું મહારાષ્ટ્રના નાગપુર ખાતે આયોજન થયું હતું.
- ✓ 2006માં તત્કાલીન વડાપ્રધાન મનમોહન સિંહે 10 જાન્યુઆરીને વિશ્વ હિંદી દિવસ ઘોષિત કર્યો હતો.
- ✓ હિંદી ભાષા ભારત ઉપરાંત નેપાળ, ગુયાના, ત્રિનીદાદ અને ટોબેગો, સુરીનામ, ફિજી, મોરેશિયસમાં પણ બોલવામાં આવે છે.
- ✓ 1975ના પ્રથમ સંમેલનનુ ઉદ્ઘાટન વડાપ્રધાન ઇન્દિરા ગાંધીએ કર્યું હતું.
- ✓ તે સંમેલનના મુખ્ય અતિથિ તરિકે મોરેશિયસના વડાપ્રધાન સીવુસાગુર સમગુલામ હાજર હતા.
- ✓ મહાત્મા ગાંધીએ કહ્યું હતું કે દેશની પ્રગતિ માટે રાષ્ટ્રીય વ્યવહારમાં હિંદીનો ઉપયોગ જરૂરી છે.

### ❖ ચોંગ ઈ-5 ચંદ્ર મિશનને ચંદ્રની સપાટી પર પાણીના પ્રથમ ઓન સાઈટ પુરાવા મળ્યા

- ✓ ચીનના ચોંગ ઈ-5 ચંદ્ર મિશનને ચંદ્રની સપાટી પર પાણીના પ્રથમ ઓન સાઈટ પુરાવા મળ્યા.

Crack GPSC

- ✓ પીઅર-સમીક્ષા જર્નલ સાયન્સ એડવાન્સિસમાં પ્રકાશિત અભ્યાસ મુજબ ચંદ્રની માટીમાં 120 PPM (PARTS PER MILLION) કરતાં ઓછું પાણી અથવા 120 ગ્રામ પાણી પ્રતિ ટન હોવાના પુરાવા મળ્યા.
- ✓ આ પાણી મળવા પાછળ સૌર પવનો જવાબદાર ગણાય છે. કારણકે, સૌર પવનો ચંદ્રની સપાટી પર હાઈડ્રોજન લાવે છે જે પાણી બનાવે છે.

## ❖ ઉર્જિત પટેલ AIIBના ઉપપ્રમુખ નિયુક્ત

- ✓ AIIB - Asian Infrastructure Investment Bank.
- ✓ ભારત AIIBનું સ્થાપક સભ્ય છે અને ચીન પછી બીજા નંબરના સૌથી વધુ વોટ શેરિંગ ધરાવે છે AIIBનું નેતૃત્વ ચીનના પૂર્વ નાણા મંત્રી જિક લિકવન કરી રહ્યા છે.
- ✓ ઉર્જિત પટેલ ત્રણ વર્ષ માટે AIIBના પાંચ ઉપપ્રમુખો પૈકીના એક તરીકે કાર્ય કરશે અને તેઓ ઉપપ્રમુખ ડી. જે. પાંડિયનનું સ્થાન લેશે.
- ✓ ઉર્જિત પટેલ RBIના 24મા ગવર્નર તરીકે સેવા આપી ચૂક્યા છે.
- ✓ પરંતુ, તેમના કાર્યકાળની સમાપ્તિ અગાઉ જ તેમણે અંગત કારણોસર આ પદેથી રાજીનામું આપ્યું હતું.

## ❖ NMHએ અસમ ખાતે 'નિરામય' યોજના શરૂ કરી

- ✓ NHM - National Health Mission.
- ✓ રાષ્ટ્રીય આરોગ્ય મિશન, આસામે પિરામલ સ્વાસ્થ્ય અને સિસ્કોના સહયોગથી રાજયમાં જાહેર આરોગ્ય સંભાળને મજબૂત બનાવવા ડિજિટલ આરોગ્ય ટેકનિકનો પ્રોજેક્ટ 'નિરામય' શરૂ કર્યો.
- ✓ આ પ્રોજેક્ટ હેઠળ ટેલિમેડિસિન પ્રક્રિયાઓ, ઝડપી નિદાન, દર્દીના હેલ્થ કાર્ડ અને ડેટા સંગ્રહને સક્ષમ બનાવવા ડિજિટલ માધ્યમનો ઉપયોગ કરવામાં આવશે.
- ✓ આ પ્રોજેક્ટ પરિમલ સ્વાસ્થય દ્વારા અગાઉ શરૂ કરાયેલા 'AMRIT' પ્રોજેક્ટ ઉપર આધારિત છે.

## ❖ LICએ મુંબઇ ખાતે ડિજી ઝોનનું ઉદ્ઘાટન કર્યું

- ✓ ભારતીય જીવન વીમા નિગમ (LIC)એ ગ્રાહકો માટે પોતાની સેવામાં વધારો કરવા મુંબઈના બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ ખાતે આ ઉદ્ઘાટન કર્યું.
- ✓ આ ઝોનની મદદથી LIC તેની અલગ અલગ સેવાઓની માહિતી લોકો સુધી પહોંચાડશે.
- ✓ ગ્રાહક આ ઝોન પરથી ઓનલાઈન પોલિસી ખરીદી શકશે તથા તેનું પ્રિમિયમ પણ ભરી શકશે.

## કરન્ટ ઈન શોર્ટ

- ✓ ભારત દેશમાં સોલાર ઊર્જાની ક્ષમતા ઉભી કરવાની સ્થિતિએ રાજસ્થાન પ્રથમ, કર્ણાટક બીજા અને ગુજરાત ત્રીજા સ્થાને. જ્યારે રૂફટોપમાં ઊર્જા ક્ષમતા ઉભી કરવામાં ગુજરાત (1640 મેગાવોટ) પ્રથમ સ્થાને.
- ✓ ઓડિશાના મુખ્યમંત્રી નવીન પટનાયકે કટક ખાતે સુજલડ્રીંક ફ્રોમ ટેપ મિશનનું ઉદ્ઘાટન કર્યું. જેનો હેતુ 24 કલાક પીવાનું પાણી પૂરું પાડવાનો છે.
- ✓ રાજ્યમંત્રી પરિષદે ગોવાના પૂર્વ મુખ્યમંત્રી તથા કોંગ્રેસના નેતા પ્રતાપસિંહને ગોવા રાજ્યની 50થી વધુ વર્ષ સુધી આપેલ સેવાના માનમાં આજીવન કેબિનેટ મંત્રીનો હોદ્દો આપવાનું નક્કી કર્યું.
- ✓ OPEC (The Organization of the Petroleum Exporting Countries)એ કુવૈતના હૈથમ અલ દૌસને નવા મહાસચિવ નિયુક્ત કર્યાં.
- ✓ મણિપુર રાજ્યને અસમથી ત્રિપુરા સુધી જોડતી પ્રથમ જનશતાબ્દી એક્સપ્રેસ શરૂ કરવામાં આવી.
- ✓ આયશા મલિક પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટનાં પ્રથમ મહિલા ન્યાયાધીશ નિયુક્ત.
- ✓ IND-RA (ઈન્ડિરેટિંગ્સ એન્ડ રિસર્ચ)એ વર્ષ 2022 માટે ભારતની GDP 9.3% રહેવાનું અનુમાન લગાવ્યું.
- ✓ સ્વચ્છ ભારત મિશન (ગ્રામિણ)ના બીજા ચરણમાં ખુલ્લામાં શૌચ મુક્ત (ODF પ્લસ) ગામોની યાદીમાં તેલંગણા સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને. ત્યારબાદ બીજા સ્થાને તમિલનાડુ અને ત્રીજા સ્થાને કર્ણાટક.
- ✓ NASAએ અંતરિક્ષમાં દુનિયાનું સૌથી શક્તિશાળી ટેલિસ્કોપ 'જેમ્સવેબ ટેલિસ્કોપ' પ્રક્ષેપિત કર્યું. તેની મદદથી 13.5 અરબ વર્ષ પહેલાં બનેલા તારાઓ અને આકાશગંગાની માહિતી મેળવી શકાશે.
- ✓ સ્વિત્ઝર્લેન્ડના સંશોધકોએ માનવ જડબા પર સ્નાયુઓનું નવું સ્તર કમ્પ્યુટર ટોમોગ્રાફિક સ્કેન (CT-SCAN)ની મદદથી શોધી કાઢ્યું.

**અનુભવી અને સફળ ફેકલ્ટીઝ સાથે - ઓછા સમયમાં સચોટ તૈયારી એટલે Crack GPSC**

## 11 જાન્યુઆરી

### ❖ ગોલ્ડન ગ્લોબ્સ 2022 પુરસ્કાર

- ✓ હોલિવુડે 'ધ પાવર ઓફ ધ ડૉગ' ને આ પુરસ્કાર માટે તથા જેન કેમ્પિયનને બેસ્ટ ડિરેક્ટર તરીકે આ પુરસ્કાર માટે પસંદ કર્યા.

- ✓ વિલ સ્મિથને 'કિંગ રિચર્ડ' માટે સર્વશ્રેષ્ઠ ફિલ્મ અભિનેતા (ડ્રામા) તરીકે આ પુરસ્કાર અપાયો.
- ✓ નિકોલ કિડમેનને 'બીઇંગ ધ રેકોર્ડ્સ' માટે સર્વશ્રેષ્ઠ અભિનેત્રી 5મો ગોલ્ડન ગ્લોબ અપાયો.
- ✓ સર્વશ્રેષ્ઠ વિદેશી ભાષા ફિલ્મ 'ડ્રાઇવ માઇ કાર' (જાપાન)ને પણ વિદેશી ફિલ્મ માટે ગોલ્ડન ગ્લોબ અપાયો.

## ❖ શ્રીલંકાએ લક્ઝરી ટ્રેન સુવિધા શરૂ કરી

- ✓ શ્રીલંકાએ ભારત દ્વારા આપવામાં આવેલ લોનના ઉપયોગથી જાફના જિલ્લાને કોલંબો સુધી જોડતી આ ટ્રેન શરૂ કરી.
- ✓ આ સમગ્ર પ્રોજેક્ટ માટે અંદાજે 386 કિમીનું અંતર આવરી લેવાશે.
- ✓ ભારતે આ પ્રોજેક્ટ માટે લોન સુવિધા હેઠળ AC DMUS (AC ડીઝલ મલ્ટીપલ યુનિટ્સ) પ્રદાન કર્યા હતા.

## ❖ COVIDનો નવો વેરિઅન્ટ 'ડેલ્ટાક્રોન'

- ✓ સાયપ્રસ (મધ્ય પૂર્વી દેશ, રાજધાની Nicosia) ખાતેના વૈજ્ઞાનિકોએ ડેલ્ટા અને ઓમિક્રોન એમ બંનેના એક સાથે લક્ષણ ધરાવતા 'ડેલ્ટાક્રોન' વેરિએન્ટની જાણકારી મેળવી.
- ✓ આ માહિતીના ડેટાને GISAID ખાતે મોકલવામાં આવ્યા છે જે એક આંતરરાષ્ટ્રીય ડેટાબેઝ છે જે વાયરસમાં થતાં ફેરફારોને ટ્રેક કરે છે.
- ✓ GISAID - Global Initiative on sharing all influenza data
  - તેની સ્થાપના 2008માં થઇ હતી.
  - વડું મથક - મ્યુનીચ (જર્મની).

## ❖ ભારત રત્ન ડૉ. આંબેડકર પુરસ્કાર અને આંતરરાષ્ટ્રીય બુદ્ધ પુરસ્કાર એનાયત

- ✓ મહારાષ્ટ્રના રાજ્યપાલ ભગતસિંહ કોશ્યારી દ્વારા મુંબઇ ખાતે આ બંને પુરસ્કારની 12મી આવૃતિ આપવામાં આવી.
- ✓ આ પુરસ્કાર જનલોક સબંધિત ક્ષેત્રોમાં વિશેષ યોગદાન માટે આપવામાં આવે છે.
- ✓ અભિનેત્રી હર્ષાલી મલ્હોત્રા અને કેડિયા સિક્યોરિટીઝ MD ડૉ. વિજય કેડિયાને ભારત રત્ન ડૉ. આંબેડકર પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે.

## ❖ વર્ષ 2021 5મું સૌથી ગરમ વર્ષ તરીકે આલેખિત થયું

- ✓ છેલ્લા 52 વર્ષના યુરોપીય રેકોર્ડમાં 2021નું વર્ષ 5મું સૌથી ગરમ વર્ષ આલેખિત થયું.
- ✓ આ રિપોર્ટ યુરોપીય સંઘની કોપરનિક્સ ક્લાઇમેટ ચેન્જ સર્વિસ દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે.

- ✓ વાતાવરણમાં મિથેન વાયુની માત્રા વધીને 1879 પ્રતિ બિલિયન થતાં વધેલા પ્રદુષણને કારણે આ ગરમીનું પ્રમાણ વધેલું જોવા મળે છે.

### ❖ નાગાલેન્ડમાં લુપ્તપ્રાય ક્લાઉડેડ લેપર્ડ જોવા મળ્યો

- ✓ આ માહિતી IUCN એસએસસી કેટ સ્પેશ્યાલિસ્ટ ગૃપના વાર્ષિક ન્યુઝલેટરમાં પ્રસારિત કરવામાં આવી છે.
- ✓ આ ક્લાઉડેડ લેપર્ડને IUCNની રેડ ડેટા બુકમાં સમાવિષ્ટ કરાયો છે.
- ✓ ક્લાઉડેડ લેપર્ડ બિલાડી કૂળનું પ્રાણી છે જેનું વૈજ્ઞાનિક નામ 'નિયોફેલીસ નેબુલોસા' છે.

### ❖ યાહૂ ફાઇનાન્સ દ્વારા સોશિયલ મીડિયા કંપનીઓ વિશે સર્વે કરાયો

- ✓ આ સર્વે મુજબ વર્ષ 2021માં પોતાની વિચિત્ર બયાનબાજીને કારણે ફેસબુક સૌથી ખરાબ રહી.
- ✓ જ્યારે આ સર્વેમાં માઇક્રોસેફ્ટ બેસ્ટ કંપની રહી.

### ❖ 26 ડિસેમ્બરને વીર બાલ દિવસ તરીકે ઉજવવાની ઘોષણા

- ✓ વડાપ્રધાન મોદીએ દર વર્ષે દેશભરમાં 26 ડિસેમ્બરને વીર બાલ દિવસ તરીકે ઉજવવાની ઘોષણા કરી.
- ✓ આ દિવસે શાહિબજાદા જોરાવર સિંહજી અને શાહિબજાદા ફતેહ સિંહજીને દિવાલમાં ચણી દેવાતાં તેઓ શહીદ થયા હતા.

## કરન્ટ ઇન શોર્ટ

- ✓ ગૌતમ અદાણીએ પોતાની નવી કંપનીને ANIL એટલે કે અદાણી ન્યુ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ નામ આપ્યું. જે ગ્રીન એનર્જી ક્ષેત્રમાં ગ્રીન હાઇડ્રોજન પરિયોજના હેઠળ વીજ ઉત્પાદન ક્ષેત્રે કામ કરશે.
- ✓ સોશિયલ મીડિયા એપ વોટ્સએપે વર્ષ 2021માં આઇ.ટી. એક્ટના નિયમોના આધારે 17 લાખ એકાઉન્ટ્સ બંધ કર્યાં.
- ✓ સીવીસી કેપિટલ્સ દ્વારા IPL માટે ખરીદાયેલ 'અમદાવાદી ટીમ'ને અનેક વિવાદો બાદ BCCIએ મંજૂરી આપી.
- ✓ દિલ્હી, ઉત્તરપ્રદેશ, પ. બંગાળ બાદ ગુજરાતમાં પણ વ્હિકલ નંબર રિટેન્શન પોલિસી અમલમાં મૂકવાનો નિર્ણય લેવાયો. જે હેઠળ વાહન સ્ક્રેપમાં જાય અથવા વેચવામાં આવે તો પણ તેઓ જૂનો નંબર વ્યક્તિ રિટેન (ફરીથી ઉપયોગ) કરી શકશે.
- ✓ 11 જાન્યુઆરી: લાલબહાદુર શાસ્ત્રીની 56મી પુણ્યતિથિ.

ડાઉનલોડ કરો Crack GPSC એપ અને તૈયારી કરો ગમે ત્યારે, ગમે ત્યાંથી.

Crack GPSC એપ દ્વારા સરળતાથી ઘરે બેઠાં UPSC, GPSC, Dy. Mam/Dy SO, Dy. Chitnish, RFO, PI, PSI, ASI, Constable, Talati, Clerk, TAT, TET, HTAT, MPHW, FHW, Staff Nurse, SSC, RAILWAY, LIC, Spipa Entrance જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરો.

અનુભવી અને સફળ ફેકલ્ટીઝ સાથે - ઓછા સમયમાં સચોટ તૈયારી એટલે Crack GPSC




## 12 જાન્યુઆરી

❖ **MPATGM (મેન-પોર્ટેબલ એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલ)નું પરીક્ષણ**

- ✓ DRDOએ MPATGM (મેન-પોર્ટેબલ એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલ)નું પરીક્ષણ કર્યું.
- ✓ સ્વદેશ નિર્મિત MPATGM એ ઓછા વજનની 'FIRE AND FORGET' પ્રકારની મિસાઈલ છે.
- ✓ આ મિસાઈલ 2.5 km ની રેન્જ ધરાવે છે અને ઓછા અંતર માટે સતત કાર્યરત (Consistent Performance) રહેતી મિસાઈલ છે.

❖ **વિશ્વનું પ્રથમ સ્વાયત્ત ટ્રાફિક મેનેજમેન્ટ પ્લેટફોર્મ રજૂ કરાયું**

- ✓ ભારતીય એન્જીનિયર વૈભવ ઘડીયોકે આ પ્લેટફોર્મનું નિર્માણ કર્યું છે.
- ✓ તેઓ હાલ AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) ક્ષેત્રમાં પોતાનાં સંશોધનો દ્વારા પ્રદાન આપી રહ્યા છે.
- ✓ આ નવો પ્રોજેક્ટ સ્માર્ટ સિટીમાં ટ્રાફિક નિયમન માટેની એપ્લિકેશન છે જે US ખાતે તેમણે રજૂ કરી છે.
- ✓ આ પ્લેટફોર્મ પર્સેપ્શન આર્કિટેક આધારિત છે જેમાં ટ્રાફિક નિયમન માટે 3D નકશાનું નિર્માણ થાય છે અને આ નકશામાં લેન લાઈન, પાર્કિંગ, ટ્રાફિક સિગ્નલ, ફૂટપાથ, ક્રોસવોક્સ જેવી માહિતી મળે છે.

❖ **ઉડિયા સાહિત્યકાર મંગલૂ ચરણ બિસ્વાલનું નિધન**

- ✓ બિસ્વાલે સવ્યસાચી મહાપાત્રા દ્વારા નિર્દેશિત અને નિર્મિત પ્રથમ સંબલપુરી ફિલ્મ 'ભૂખા' લખી હતી. જેને ગિજોન ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં ઈન્ટરનેશનલ જુરી એવોર્ડ મળ્યો હતો.
- ✓ તેમને ભારતચંદ્ર નાયક સ્મૃતિ સાહિત્ય સન્માન અને વ્યાસકાબી ફકીર મોહન ભાષા સન્માન પ્રાપ્ત થયું હતું.

## ❖ ભારત અને કોરિયાએ CEPAના અપગ્રેડેશનને પૂર્ણ કરવાનો સંકલ્પ કર્યો

- ✓ CEPA - Comprehensive Economic Partnership Agreement.
- ✓ આ એગ્રિમેન્ટ બંને દેશોના વેપાર-વાણિજ્ય સાથે જોડાયેલો છે.
- ✓ રિપબ્લિક ઓફ કોરિયાના વેપાર પ્રધાન યેઓ હાન-કુ અને કેન્દ્રીય વાણિજ્ય અને ઉધોગ પ્રધાન પિયુષ ગોયલે આ કરારો પર ચર્ચા કરી.
- ✓ બંને દેશો B-2-B (બિઝનેસ -ટુ-બિઝનેસ)વેપારને પ્રોત્સાહન આપવા સહમત થયા.
- ✓ સમગ્ર સહમતી અનુસાર વર્ષ 2030 પહેલાં 50 અબજ ડોલરના વેપારનું લક્ષ્ય હાંસલ કરવાનો બંને દેશોનો ઉદેશ્ય રહેલો છે.
- ✓ CEPAમાં સૌપ્રથમ વાર બંને દેશો વચ્ચે વર્ષ 2009માં હસ્તાક્ષર થયા હતા અને જાન્યુઆરી 2010થી તે લાગુ કરવામાં આવ્યા હતા.

## ❖ NPELએ ભારતના મણિકરણ પાવર સાથે સમજૂતી કરી

- ✓ NPEL - નેપાળ પાવર એક્સચેન્જ લિમિટેડ.
- ✓ આ સમજૂતી હેઠળ NPEL સ્થાનિક ખાનગી ક્ષેત્ર દ્વારા ઉત્પાદિત વિજળીને ભારતિય ઊર્જા કંપનીઓની મદદથી વહેચશે.
- ✓ NPEL એ નેપાળના સ્વતંત્ર પાવર પ્રોડ્યુસર્સ એસોસિએશન (IPPAN)ની પેટાકંપની છે જે બિનસરકારી સ્વાયત સંસ્થા છે અને નેપાળમાં હાઈડ્રોપાવરના ક્ષેત્રમાં કામ કરવા માટે પ્રોત્સાહિત કરે છે.
- ✓ આ કરારથી નેપાળ પ્રારંભિક તબક્કામાં ભારતને 500 mw વીજળી વેચવાની મંજૂરી આપશે.

## ❖ જલમેટ્રો પરિયોજના ધરાવતું પ્રથમ શહેર બન્યું કોચ્ચિ

- ✓ કોચ્ચિ શહેરમાં બેટરી સંચાલિત ઈલેક્ટ્રિક નૌકા (હોડી)ની શ્રૃંખલામાંથી પ્રથમ હોડી લોન્ચ કરતાં આવી યોજના ધરાવતું પ્રથમ શહેર બન્યું.
- ✓ કોચ્ચિ મેટ્રો રેલ લિમિટેડની યોજનામાં 15 નિર્ધારિત માર્ગો પર જળપરિવહનની સુવિધા જોડાયેલ છે.
- ✓ આ યોજનામાં 78 હોડીઓ દ્વારા 38 જેટી અને 76 km સુધીમાં વિસ્તરેલા 10 ટાપુને જોડવામાં આવશે.

### ❖ 12 જાન્યુઆરી: રાષ્ટ્રીય યુવા દિવસ

- ✓ વર્ષ 1985માં ભારત સરકારે સ્વામી વિવેકાનંદના જન્મદિનને રાષ્ટ્રીય યુવા દિવસ તરીકે જાહેર કર્યો હતો.
- ✓ વર્ષ 2022માં તેમની 159મી જન્મજયંતી.
- ✓ વર્ષ 2022ની થીમ - 'ઇટ્સ ઓલ ઇન ધ માઇન્ડ'.
- ✓ સ્વામી વિવેકાનંદનો જન્મ નરેન્દ્રનાથ દત્ત તરીકે 12 જાન્યુઆરી, 1863ના રોજ કોલકત્તા, પશ્ચિમ બંગાળમાં થયો હતો.

### કરન્ટ ઈન શોર્ટ

- ✓ વિશ્વ બેંકે વર્ષ 2022 માટે ભારતની GDP વૃદ્ધિ 8.3% જાહેર કરી.
- ✓ UNESCO ભારતમાં જાહેર કરાયેલ તમામ વિશ્વ વિરાસતોની માહિતીનો હિંદીમાં અનુવાદ કરી પ્રકાશિત કરશે. UNESCOનું વડું મથક પેરિસ છે.
- ✓ અદાણી પાવરે શેરસિંહ ખ્યાલિયાને મુખ્ય કાર્યકારી અધિકારી (CEO) નિયુક્ત કર્યા. અગાઉ તેઓ ગુજરાત પાવર કોર્પોરેશનમાં મેનેજિંગ ડાયરેક્ટર તરીકે નિયુક્ત હતા.
- ✓ યુરોપીય સાંસદના અધ્યક્ષ સાસોલી ડેવિડનું નિધન થયું. યુરોપીય સંસદનું મુખ્યાલય સ્ટ્રાસબર્ગ ફ્રાન્સમાં આવેલુ છે જે યુરોપીય સંઘ (EU)ની સાત શાખામાંની એક છે.
- ✓ IMF (International Momentary Fund)ના મુખ્ય અર્થશાસ્ત્રી તરીકે પિયરે - ઓલિવિયર - ગૌરીચસ પદગ્રહણ કરશે. તેઓ IMFના મુખ્ય અર્થશાસ્ત્રી તરીકે નિયુકત થનાર પ્રથમ મહિલા ગીતા ગોપિનાથનું સ્થાન લેશે.
- ✓ ઓડિશા સરકારે માતુર્તવ રજા (મેટરનિટી લિવ)ના લાભને 90 દિવસથી વધારી 180 દિવસ કર્યો તથા સામાન્ય વર્ગના સરકારી નોકરીના ઉમેદવારો માટેની મહત્તમ ઉંમર 32 વર્ષથી વધારીને 38 વર્ષ કરી.
- ✓ ઓનલાઇન વીમા પ્લેટફોર્મ Renew Buyએ અભિનેતા રાજકુમાર રાવને તેનો પ્રથમ બ્રાન્ડ એમ્બેસેડર બનાવ્યો.



## 13 જાન્યુઆરી

### ❖ તુર્કમેનિસ્તાને તેના 'ગેટવે ટુ હેલ'ને બંધ કરવાની જાહેરાત કરી

- ✓ તુર્કમેનિસ્તાનના રાષ્ટ્રપતિએ 'ગેટવે ટુ હેલ' કે જે એક વિશાળ રણમાં રહેલ ખાડો છે જેમાં ગેસના કારણે દાયકાઓથી આગ લાગેલી છે તેને બુઝાવવાનો આદેશ આપ્યો.
- ✓ કારાકુમ રણમાં આવેલ આ ક્રેટર (જ્વાળામુખીની ટોચ પરનો ભાગ)માટે એવું મનાય છે કે, 1971માં સોવિયેત ડ્રિલિંગ ઓપરેશન દરમિયાન તેની રચના થઇ હતી.
- ✓ તુર્કમેનિસ્તાનના રાષ્ટ્રપતિ 'ગુરબાંગુલી બર્ડીમુખમેહોવ'ના મતે આ ક્રેટર અનેક કુદરતી સંશાધનો ધરાવે છે. જે આ આગને કારણે નાશ થઇ રહ્યાં છે. જો તેને ઓલવવામાં આવે તો આ સંશાધનોનો યોગ્ય ઉપયોગ થઇ શકે તેમ છે.
- ✓ વર્ષ 2018માં રાષ્ટ્રપતિએ 'ગેટવે ટુ હેલ'નું નામ બદલી 'શાઇનિંગ ઓફ કારાકુમ' કર્યું છે.

### ❖ નવેમ્બર 2022માં રતન તાતાની બાયોગ્રાફી પ્રકાશિત થશે

- ✓ USની પ્રકાશન કંપની હાર્પરકોલિન્સ ટાટા સન્સના ચેરમેન રતન ટાટાની જીવનચરિત્ર પરની બાયોગ્રાફી પ્રકાશિત કરશે.
- ✓ આ બાયોગ્રાફીને 'રતન એન ટાટા: ધ ઓથોરાઇઝ્ડ બાયોગ્રાફી' નામ અપાશે.
- ✓ આ પુસ્તકના લેખક નિવૃત IAS અધિકારી ડૉ. થોમસ મેથ્યુ છે.
- ✓ રતન ટાટા હાલ વિશ્વભરમાં 7,50,000 કર્મચારીઓ સાથે USD 250 બિલિયનથી વધુનું માર્કેટ ધરાવતા જૂથનું નેતૃત્વ કરે છે.

### ❖ કેવડિયા રેલવે સ્ટેશનનું નામ બદલી 'એકતા નગર રેલવે સ્ટેશન' કરાયું

- ✓ આ રેલવે સ્ટેશન ગુજરાતના સ્ટેચ્યુ ઓફ યુનિટિ નજીક કેવડિયા ખાતે આવેલું છે. જે વડોદરા ડિવિઝન હેઠળ કાર્યરત છે.
- ✓ એકતા નગર રેલવે સ્ટેશનનો કોડ EKNR રખાયો છે. તથા તેનો ન્યુમેરિકલ કોડ 08224620 રખાયો છે.
- ✓ PPP ધોરણે વડોદરા ડિવિજન આ સ્ટેશન પર Art Gallery સ્થાપિત કરશે ને અલગ અલગ વારસાને પ્રદર્શિત કરશે.

### ❖ RPF (રેલવે પ્રોટેક્શન ફોર્સ)નું 'મિશન અમાનત'

- ✓ આ યોજના મુસાફરોના ખોવાયેલા સામાનને ટ્રેક કરવા માટે અમલમાં મૂકવામાં આવી છે.
- ✓ આ અંતર્ગત ઝોનલ રેલવેની વેબસાઇટ પર ખોવાયેલા સામાન અને તેની વિગતને પોસ્ટ કરવામાં આવશે. જેને http://wr.indianrailways.gov.in નામની વેબસાઇટ પર મૂકાશે.

## ❖ અસમની પ્રથમ રમતગમત વિશ્વવિદ્યાલયનું ઉદ્ઘાટન

- ✓ કેન્દ્રીય મંત્રી સર્બાનંદ સોનોવાલે આસામના દિબ્રુગઢ જિલ્લાના ચબુઆ ખાતે આ ઉદ્ઘાટન કર્યું.
- ✓ આ વિશ્વવિદ્યાલયને 'શ્રી શ્રી અનિરૂદ્ધ દેવ સ્પોર્ટસ યૂનિવર્સિટી' નામ અપાશે જેઓ મૌમોરિયા સમુદાયના મહાન સંત હતા.

## ❖ સ્વચ્છ વિદ્યાલય પુરસ્કાર 2021-2022

- ✓ કેન્દ્રીય શિક્ષા રાજ્ય મંત્રી સુભાષ સરકારે સ્વચ્છ વિદ્યાલય પુરસ્કાર 2021-2022 લોન્ચ કર્યો.
- ✓ આ એવોર્ડ માટે શાળાઓમાં પાણી, સ્વચ્છતા જેવા મુદ્દાઓ તથા વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય, તેમની હાજરી, ડ્રોપઆઉટ દર જેવી બાબતો ધ્યાને લેવામાં આવી હતી.
- ✓ આ પુરસ્કારની સૌપ્રથમવાર શરૂઆત શિક્ષણ અને સાક્ષરતા વિભાગ દ્વારા 2016-17માં કરવામાં આવી હતી. જેમાં અલગ અલગ શાળાઓનું 6 મુદ્દાઓ પર મૂલ્યાંકન કરવામાં આવે છે.
- ✓ વર્ષ 2021માં કુલ 40 શાળાઓની આ એવોર્ડ માટે પસંદ કરાઇ છે તથા પુરસ્કારની રકમ રૂ. 50000થી વધારીને રૂા. 60000 કરવામાં આવી છે.

## કરન્ટ ઇન શોર્ટ

- ✓ ઇન્ડિયન પ્રિમીયર લીગ (IPL)ના મુખ્ય સ્પોન્સર તરીકે 1 વર્ષ બાદ ચાઇનીઝ કંપની વીવોનું સ્થાન હવે ભારતનું અગ્રણી ઉધોગ સમૂહ ટાટા જૂથ લેશે.
- ✓ મણિપુરનો અશાંત ક્ષેત્ર અંતર્ગત AFSPA કાયદાને 1 વર્ષ માટે લંબાવવામાં આવ્યો. જોકે તેમાંથી મણિપુર ટાઉનને બાકાત રખાયું છે.
- ✓ અમેરિકન ડૉક્ટરે દુનિયામાં પ્રથમ વાર ડુક્કરનું હૃદય મનુષ્યમાં પ્રત્યારોપિત કર્યું.
- ✓ સાઉદી અરેબિયામાં 'શિપ્સ ઓફ ડેઝર્ટ' - ઉંટ સૌંદર્ય સ્પર્ધામાં પ્રથમ વખત 40 મહિલાઓએ ભાગ લઇ ઘોડા પર પોતાના દળનું નેતૃત્વ કર્યું.
- ✓ સુપ્રીમ કોર્ટે પંજાબમાં વડાપ્રધાનની સુરક્ષામાં ચૂક અંગેની તપાસ માટે સુપ્રીમના રિટાયર્ડ જસ્ટિસ ઇન્દુ મલ્હોત્રાના અધ્યક્ષ પદે પાંચ સભ્યોની સમિતિ રચી.
- ✓ ઓસ્ટ્રેલિયાની વાઇન બ્રાન્ડ, જૈકબ ક્રીકે ભારતીય મહિલા ક્રિકેટ ટીમની કેપ્ટન અને પદ્મ શ્રી વિજેતા મિતાલી રાજને બ્રાન્ડ એમ્બેસેડર જાહેર કરી.
- ✓ વડાપ્રધાને ચૈન્નઇ ખાતે શાસ્ત્રી તાલિમ સંસ્થા (CICT)ના નવા પરિસરનું તથા તમિલનાડુમાં 11 નવી સરકારી મેડિકલ કોલેજનું ઉદ્ઘાટન કર્યું.
- ✓ હેલને પાસપોર્ટ ઇન્ડેક્સમાં ભારત 7 સ્થાનના સુધાર સાથે 83મા સ્થાને.

✓ દ. આફ્રિકી ખેલાડી ક્રીસ મોરિસે ક્રિકેટનાં તમામ ક્ષેત્રોમાંથી નિવૃતિ જાહેર કરી.

## 14 જાન્યુઆરી

### ❖ લોહરી 2022

✓ લોહરી એ મકરસંક્રાંતિ (14 જાન્યુ.)ના આગળના દિવસે ઉજવાતો ઉત્તર ભારતનો પરંપરાગત શિયાળુ લોક ઉત્સવ અથવા તો ખેડૂતો માટેનો લણણીનો ઉત્સવ છે.

✓ આ સમયે પૃથ્વી સૂર્યની નજીક આવે છે અને આ દિવસ બાદ દિવસની લંબાઇમાં વધારો અને રાત્રિની લંબાઇમાં ઘટાડો શરૂ થાય છે.

✓ લોહરી ભારતમાં મુખ્યત્વે પંજાબમાં શીખ અને હિંદુ સમુદાયના લોકો દ્વારા ઉજવવામાં આવે છે.

✓ લ્યુનીસોલર વિક્રમી કેલેન્ડરના સૌર ભાગ અનુસાર અથવા હિંદુ સૌર કેલેન્ડર મુજબ લોહરી પોષ મહિનામાં આવે છે. જયારે ગ્રેગોરિયન કેલેન્ડર મુજબ તે 13 જાન્યુઆરીએ ઉજવાય છે.

✓ લોહરીના દિવસે સૂર્ય મકર રાશિમાં પ્રવેશ કરે છે. જે એક હિંદુ પરંપરામાં શુભ ઘટના માનવામાં આવે છે.

### ❖ 14 જાન્યુઆરી: Armed Forces Veterans Day (સશસ્ત્ર બળ પૂર્વ સૈનિક દિવસ)

✓ આ દિવસ વર્ષ 2017થી દર વર્ષે 14 જાન્યુઆરીએ મનાવાય છે. જે રાષ્ટ્રની સેવા ખાતર બલિદાન આપનારાઓની યાદમાં મનાવાય છે.

✓ આ દિવસ મુખ્યત્વે 14 જાન્યુઆરી 1953માં સેવાનિવૃત ફિલ્ડ માર્શલ કે એમ કરિયપ્પા OBE, ની યાદને સમર્પિત છે.

### ❖ 14 જાન્યુઆરી - મકરસંક્રાંતિ

✓ મકર સંક્રાંતિ, પોંગલ, બિહૂ અને વિશુ એ તમામ આ તહેવારનાં અલગ અલગ નામ છે.

✓ જે દિવસે સૂર્ય મકર રાશિમાં પ્રવેશ કરે તે દિવસે મકરસંક્રાંતિથી ઉજવવામાં આવે છે. સામાન્ય વર્ષમાં તે 14 જાન્યુઆરી અને અમૂક લીપ વર્ષમાં તે 15 જાન્યુઆરીએ ઉજવાય છે.

✓ પ્રદેશ મુજબ આ તહેવારનાં અલગ અલગ નામ.

| | |
|---|---|
| માઘ બિહૂ - બિહાર | પોંગલ - તમિલનાડુ |
| માઘી - પંજાબ | પુશ સંક્રાંતિ - પશ્ચિમ બંગાળ |
| સક્રાંત - હરિયાણા | સંક્રાંતિ - આંધ્રપદેશ અને તેલંગાણા |

✓ ગુજરાતમાં આ તહેવાર 'મકરસંક્રાંતિ' તરીકે ઉજવાય છે.

❖ **FSI એ જાહેર કર્યો 'ઇન્ડિયા સ્ટેટ ઓફ ફોરેસ્ટ રિપોર્ટ -2021'**

- ✓ પર્યાવરણ, વન અને જલવાયુ પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવે આ રિપોર્ટ જાહેર કર્યો.
- ✓ FSI (ફોરેસ્ટ સર્વે ઓફ ઇન્ડિયા)એ તૈયાર કરેલા આ રિપોર્ટમાં દેશનાં જંગલ અને વૃક્ષ સંસાધનોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.
- ✓ રિપોર્ટ મુજબ દેશનાં કુલ જંગલો અને વૃક્ષોનો વિસ્તાર 80.9 મિલિયન હેક્ટર છે જે દેશના ભૌગોલિક વિસ્તારના 24.64% છે. વર્ષ 2019ની સાપેક્ષે દેશનાં કુલ જંગલ અને વૃક્ષોના આવરણમાં 2261 ચોરસ કિ.મી.નો વધારો થયો છે.
- ✓ રિપોર્ટ અનુસાર વન અધિનિયમના ઉદ્દેશ્ય મુજબ કુલ 17 રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશમાં 33% થી વધુ વિસ્તાર વનાચ્છાદિત બન્યો છે.
- ✓ વન આવરણમાં વધારો દર્શાવતાં ટોચનાં ત્રણ રાજ્યોમાં આંધ્રપ્રદેશ (647 ચો.કિ.મી.), તેલંગાણા (632 ચો.કિ.મી.), ઓડિસા (537 ચો.કિ.મી.) છે.
- ✓ ક્ષેત્રફળની દ્રષ્ટિએ મધ્યપ્રદેશ સૌથી વધુ જંગલો ધરાવે છે.
- ✓ દેશમાં મેન્ગ્રુવનાં જંગલોમાં કુલ 4992 ચો.કિ.મી.નો સમાવેશ થાય છે. જે 2019ની સરખામણીએ 17 ચો.કિ.મી.નો વધારો દર્શાવે છે.
- ✓ મેન્ગ્રોવના વિસ્તારમાં વધારો ધરાવતાં ટોચનાં ત્રણ રાજ્યોમાં ઓડિશા (8 ચો.કિ.મી.), મહારાષ્ટ્ર (4 ચો.કિ.મી.), કર્ણાટક (3 ચો.કિ.મી.)નો સમાવેશ થાય છે.
- ✓ કુલ ભૌગોલિક વિસ્તારની ટકાવારી તરીકે વન કવરની દ્રષ્ટિએ ટોચનાં પાંચ રાજ્યો મિઝોરમ (84.34%), અરૂણાચલ પ્રદેશ (79.90%), મેઘાલય (76.00%), મણીપુર (74.34%), નાગાલેન્ડ (73.90%)નો સમાવેશ થાય છે.
- ✓ 33%થી વધુ વનવિસ્તાર ધરાવનારમાં લક્ષદ્વીપ, મિઝોરમ, આંદામાન અને નિકોબાર ટાપુઓ, અરૂણાચલ પ્રદેશ, મેઘાલયમાં 75%થી વધુ વન આવરણ છે. જયારે મણીપુર, નાગાલેન્ડ, ત્રિપુરા, ગોવા, કેરળ, સિક્કિમ, ઉત્તરાખંડ, છત્તીસગઢ, દાદરા-નગરહવેલી, અને દમણ અને દીવ, આસામ, ઓડિશા 33% થી 75% વચ્ચે વન આવરણ ધરાવે છે.

❖ **લીખાન સ્માઇલોવ બન્યા કઝાકીસ્તાનના વડાપ્રધાન**

- ✓ કઝાકિસ્તાનના રાષ્ટ્રપતિ કસીમ-જોમાર્ટ ટોકાયવે અલીખાન સ્માઇલોવને કઝાકિસ્તાનના વડાપ્રધાન જાહેર કર્યા.
- ✓ તેમણે 2019 અને 2021માં કઝાકિસ્તાનના પ્રથમ નાયબ વડાપ્રધાન તરીકે કાર્ય કર્યું હતું.

❖ **ISROએ ગગનયાન માટે ક્રાયોજેનિક એન્જિનનું સફળ પરીક્ષણ કર્યું**

- ✓ ISROએ ગગનયાન માનવ અંતરિક્ષ કાર્યક્રમ માટે આ પરીક્ષણ કર્યું.
- ✓ આ પરીક્ષણ તમિલનાડુ ખાતે ISRO પ્રોપલ્શન કોમ્પ્લેક્સમાં 720 સેકન્ડ (12 મિનિટ)ના સમય માટે આ પરીક્ષણ કર્યું.

- ✓ GSLV (જીઓસિન્ક્રોનસ સેટેલાઇટ લોન્ચ વહીકલ) માર્ક 3 લોન્ચ વહીકલ, બે ક્રાયોજેનિક એન્જિનનો ઉપયોગ કરશે.
- ✓ આ એન્જિનને 'વિકાસ' નામ અપાયું છે.

### ❖ પૂર્ણ 3D પ્રિંટેડ ફ્લેક્સિબલ OLED ડિસ્પ્લે

- ✓ OLED - ઓર્ગેનિક લાઇટ-એમિટિંગ ડાયોડ.
- ✓ યુનિવર્સિટી ઓફ મિનેસોટા ટ્વીન સિટીઝના શોધકર્તાઓએ આ સંશોધન કર્યું છે.
- ✓ આ સંશોધન 'સાઇંસ એડવાંસિઝ જર્નલ'માં પ્રકાશિત થયું છે.
- ✓ આ સંશોધનની મદદથી ભવિષ્યમાં 3D પ્રિન્ટરનો ઉપયોગ કરી કોઇપણ વ્યક્તિ વ્યાપકપણે LEDનું ઉત્પાદન કરી શકશે.
- ✓ OLEDમાં કાર્બનિક સામગ્રીના સ્તરનો ઉપયોગ કરીને વીજળીના પ્રકાશમાં રૂપાંતરણ પર કામ કરવામાં આવે છે.

### ❖ 26 ડિસેમ્બર: વીર બાલ દિવસ

- ✓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 26 ડિસેમ્બરને 'વીર બાલ દિવસ' ઉજવવાની જાહેરાત કરી છે.
- ✓ ગુરુ ગોવિંદસિંહના ચાર પુત્રો અજિતસિંહ, જુઝારસિંહ, જોરાવરસિંહ અને ફતેહસિંહમાંથી જોરાવરસિંહ અને ફતેહસિંહ ખાલસાપંથ સાથે જોડાયેલા રહ્યા.
- ✓ મુઘલ સેનાએ 26 ડિસેમ્બર, 1705માં તે બંનેને દિવાલમાં જીવતા ચણી દેવામાં આવતાં તેમની આ ખુમારીની યાદમાં આ દિવસ ઉજવાશે.
- ✓ જયારે અજિતસિંહ અને જુઝારસિંહ ચત્રકૈર સાહિબ ખાતે મુગલો સામે લડતાં લડતાં શહીદ થયા હતા.

### કરન્ટ ઇન શોર્ટ

- ✓ ગિનીસ બુક ઓફ ધી વર્લ્ડ રેકોર્ડમાં પૃથ્વી પર જીવિત સૌથી વયોવૃદ્ધ જીવ તરીકે 190 વર્ષના જોનાથન નામના કાચબા (જન્મ-ઇ.સ.1832માં સેશેલ્સ ખાતે)નો સમાવેશ થયો.
- ✓ અમેરિકી કોંગ્રેસની સમિતિએ ભારતના અમેરિકાના રાજદૂત તરીકે લોસ એન્જેલસના મેયર એરિક એમ. ગાર્સેટીના નામને મંજૂરી આપી.
- ✓ શ્રીલંકાના ખેલાડી ભાનુકા રાજપક્ષેએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી લીધેલી નિવૃત્તિ પરત ખેંચી.
- ✓ ગુજરાત રાજ્ય સરકારે જાહેર કરેલ ખેડૂતો માટેની સ્માર્ટ ફોન યોજના અંતર્ગત 10% કિંમતની સહાય વધારીને 30% કરાતાં હવે ખુડૂતોને રૂ. 1500/-ના બદલે રૂ. 6000/- સહાય મળશે.

- ✓ મલયાલમ કવિ એસ. રામેસનનું નિધન થયું. તેમણે પ્રસિદ્ધ શિધિલા ચિત્રાંગલ, એનિક કારોદુમ પકાયિલા કલુ શિતા કલમ જેવાં પુસ્તકો લખ્યાં અને કેરળ સાહિત્ય અકાદમી પુરસ્કાર મેળવ્યો હતો.
- ✓ વાણિજય અને ઉદ્યોગ મંત્રી પીયુષ ગોયલે મુકત વેપાર માટે બ્રિટનના આંતરરાષ્ટ્રીય વેપાર રાજય સચિવ એની-મેરી ટ્રેવેલિયન સાથે મુલાકાત કરી.

## 15 જાન્યુઆરી

### ❖ ગુજરાત સરકારે રિલાયન્સ સાથે કરારો કર્યા

- ✓ આ કરાર કંપની દ્વારા રાજ્યમાં હરીત ઊર્જા (Green Energy) સંદર્ભે રૂ. 595 લાખ કરોડના રોકાણ માટે કરાયા છે.
- ✓ આ કરારનો ઉદ્દેશ્ય ગુજરાતને કાર્બન ઉત્સર્જન બાબતે શૂન્ય બનાવી શુદ્ધ વાતાવરણ પ્રદાન કરવાનો છે.
- ✓ રિલાયન્સ 10 થી 15 વર્ષમાં 100 ગીગાવોટ પુનઃપ્રાપ્ય ઊર્જા ઉત્પન્ન કરવા તથા ગ્રીન હાઇડ્રોજન ઇકો-સિસ્ટમના વિકાસ માટે આ રોકાણ કરશે.

### ❖ મધ્યપ્રદેશના સ્વાતંત્ર્ય સંગ્રામના અજાણ સેનાનીઓનું વર્ચ્યુઅલ પ્રદર્શન

- ✓ ભારત હેવી ઇલેક્ટ્રીકલ લિમિટેડ ભોપાલ દ્વારા ઉજવાઇ રહેલા 'આઝાદીના અમૃત મહોત્સવ' હેઠળ 'અનસંગ હીરોઝ ઓફ ફ્રીડમ સ્ટ્રગલ' પર આ પ્રદર્શન આયોજિત કરાયું.
- ✓ આ સમગ્ર કાર્યક્રમનું ઉદ્ઘાટન અરૂણ ગોયલ (સચિવ, MHI) દ્વારા કરાયું.
- ✓ કાર્યક્રમમાં 'આઇડિયા જનરેશન ચેલેન્જ' પર પ્રેઝેન્ટેશનનું પણ આયોજન કરાયું હતું.

### ❖ ગ્લોબલ પ્રાઇવેટ બેંકિંગ એવોર્ડસ-2021માં HDFC બેંક ભારતની શ્રેષ્ઠ ખાનગી બેંક જાહેર

- ✓ ગ્લોબલ પ્રાઇવેટ બેંકિંગ એવોર્ડસ પ્રોફેશનલ વેલ્થ મેનેજમેન્ટ (PWM) દ્વારા આયોજિત કરાયો હતો.
- ✓ HDFC બેંક ભારતની ખાનગી માલિકીની ગ્રાહકોને સંપતિ પર ધિરાણ આપતી સૌથી મોટી બેંક છે.
- ✓ HDFC બેંક તેના દરેક કાર્યમાં ડિજિટલાઇઝેશન અપનાવવા માટે જાણીતી છે.

### ❖ ઇન્ડિયા ફોરેસ્ટ રિપોર્ટ- 2021-ગુજરાતનું સ્થાન.

- ✓ ગુજરાત વર્ષ 2019ની સરખામણીએ ફોરેસ્ટ કવરમાં 69 ચો. km વધારો નોંધાયો છે.
- ✓ જ્યારે ટ્રી કવરમાં છેલ્લાં બે વર્ષમાં 1423 ચો. km.નો ઘટાડો નોંધાયો.
- ✓ ગુજરાતનો કુલ ભૌગોલિક વિસ્તાર 1.96 લાખ ચો.km માંથી 14,926 ચો.km ફોરેસ્ટ કવર જ્યારે 5489 ચો. km ટ્રિકવર છે.

- ✓ રાજ્યના કુલ 17 જિલ્લામાં ફોરેસ્ટ કવરમાં વધારો જોવા મળ્યો છે. જેમાં કચ્છ જિલ્લામાં 94 ચો. km અને જૂનાગઢ જિલ્લામાં 45 ચો. kmનો વધારો જોવા મળ્યો છે.
- ✓ ગુજરાતમાં ગાઢ ફોરેસ્ટ - 377 ચો. km, મધ્યમ પ્રકારનાં ફોરેસ્ટ - 5032 ચો .km ઓપન ફોરેસ્ટ - 9516 ચો. km થઇ કુલ ફોરેસ્ટ વિસ્તાર 14,925 ચો. km જોવા મળે છે.
- ✓ ગુજરાતમાં સૌથી વધુ ફોરેસ્ટ કવર ધરાવતા જિલ્લા

  (1) ડાંગ - 1354 ચો.km (કુલ ક્ષેત્રફળના 77%)

  (2) વલસાડ - 993 ચો.km (કુલ ક્ષેત્રફળના 33%)

  (3) નર્મદા - 927 ચો.km (કુલ ક્ષેત્રફળના 32%)

  (4) તાપી - 785 ચો.km (કુલ ક્ષેત્રફળના 25%)

  (5) જૂનાગઢ - 1739 ચો.km (કુલ ક્ષેત્રફળના 20%)

  નોંધ:- અહીં કુલ ક્ષેત્રફળ અર્થાત જે -તે જિલ્લાનું કુલ ક્ષેત્રફળ ધ્યાને લેવું.

## ❖ વડાપ્રધાન ઇમરાન ખાને પાકિસ્તાનની પ્રથમ રાષ્ટ્રીય સુરક્ષા નીતિ જાહેર કરી.

- ✓ આ નવી નીતિના 100 પાનાના દસ્તાવેજમાં આ નીતિ નાગરિક કેન્દ્રિત માળખું સ્પષ્ટ કરે છે અને આર્થિક સુરક્ષાને તેના મૂળમાં મૂકે છે.
- ✓ આ નીતિના મુખ્ય વિષયો રાષ્ટ્રીય એકતા, આર્થિક, ભવિષ્યની સુરક્ષા, સંરક્ષણ અને પ્રાદેશિક અખંડિતતા, આંતરિક સુરક્ષા, બદલાતા વિશ્વમાં વિદેશ નીતિ અને માનવ સુરક્ષા છે.
- ✓ આ નીતિ તે દેશના અર્થતંત્ર સાથે સૈન્યને મજબૂત બનાવવાનો ઉદ્દેશ્ય ધરાવતું હોવાનો નિષ્કર્ષ કાઢવામાં આવે છે.

## ❖ 16મી કવીન્સ બૈટન રિલે માટે સુશ્રી વિનીશા ઉમાશંકરની પસંદગી

- ✓ તમિલનાડુના તિરુવન્નામલાઇ જિલ્લામાંથી પર્યાવરણવિદ બનેલ વિદ્યાર્થી સંશોધક સુશ્રી વિનિષા ઉમાશંકરને ભારતમાં ચાલી રહેલ કવીન્સ બેટન રીલેની 16મી આવૃતિ માટે 'ચેન્જમેકર' અને 'બેટનબેરર' તરીકે પસંદ કરવામાં આવી.
- ✓ 16મી બેટન રીલે લંડનના બકિંગહામ પેલેસમાં 7 ઓક્ટોબર, 2021ના રોજ શરૂ થઇ હતી. અને 294 દિવસ બાદ 72 રાષ્ટ્રમાં થઇને 28 જુલાઇ, 2022ના રોજ બર્મિંગશામ કોમનવેલ્થ ગેમ્સના ઉદ્ઘાટન સાથે સમાપ્ત થશે.
- ✓ વિનિષાને મોબાઇલ ઇસ્ત્રી કાર્ટ માટે નેશનલ ઇનોવેશન ફાઉન્ડેશન (NIF) ઈન્ડિયા દ્વારા ડૉ. APJ અબ્દુલ કલામ IGNITE એવોર્ડ્સ પ્રાપ્ત થયા છે.

## ❖ 15 જાન્યુઆરી: 74મો ભારતીય સેના દિવસ (2022)

- ✓ આ દિવસ લે. જનરલ કે. એમ. કરિયપ્પાના ભારતીય સેનાના પ્રથમ કમાન્ડર-ઇન-ચીફના રૂપમાં કાર્યભાર સંભાળવાની યાદમાં મનાવાય છે.

- ✓ વર્ષ 1949માં બ્રિટનના જનરલ ફ્રાન્સિસ બુચર કે જેઓ અંતિમ બ્રિટિશ કમાન્ડર-ઇન-ચીફ હતા. તેમના સ્થાને કરિયપ્પાએ કાર્યભાર સંભાળ્યો હતો.

## 16 જાન્યુઆરી

### ❖ ઉધોગ સાહસિકોએ કેનેડિયન હિંદુ ચેમ્બર ઓફ કોમર્સની સ્થાપના કરી

- ✓ CHCC - કેનેડિયન હિંદુ ચેમ્બર ઓફ કોમર્સ.
- ✓ આ સ્થાપનાનો ઉદ્દેશ્ય કેનેડિયન હિંદુઓ અને તેમના આર્થિક હિતોનું એકીકરણ કરવાનો છે.
- ✓ આ નવી ચેમ્બરમાં કેનેડાના અમુક વિસ્તાર, ભારતનાં અમુક રાજ્યો અને સાથે સાથે બાંગ્લાદેશ અને શ્રીલંકા પણ જોડાયાં છે.

### ❖ રીઅર એડમીરલ કેપી અરવિંદ નેવલ ડોકયાર્ડ (મુંબઇ)ના એડમીરલ સુપરિટેન્ડન્ટ

- ✓ આ ચાર્જ તેમણે રીઅર એડમિરલ બી શિવકુમાર, VSM પાસેથી સંભાળ્યો છે.
- ✓ તેમણે નૌકા દળનાં અલગ અલગ ઓપરેશન તથા અલગ અલગ સબમરિન સાથે વિશેષતઃ અનુભવો મેળવેલા છે.
- ✓ તેઓ આ જગ્યાનો કાર્યભાર સંભાળતાં પહેલાં પશ્ચિમ નૌકા કમાન્ડના મુખ્ય મથક ખાતે ચીફ સ્ટાફ ઓફિસર (ટેકનિકલ) તરીકે સેવા આપી રહ્યા હતા અને તેમને વિશિષ્ટ સેવાપદકથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

### ❖ વિશ્વ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં ભારત 5મા સ્થાને

- ✓ આ યાદીમાં અગાઉ ભારત ચોથા સ્થાને હતું. પરંતુ ટેસ્ટ મેચમાં દ. આફ્રિકા સામે સાત વિકેટે પરાજય થવાના કારણે આ સ્થાન ગુમાવી તે 5મા સ્થાને પહોંચ્યું.
- ✓ આ યાદીમાં સાઉથ આફ્રિકા ચોથા સ્થાને છે.
- ✓ આ યાદીમાં શ્રીલંકા 100 પોઇન્ટ સાથે સૌથી આગળ અને ત્યાર બાદ ઓસ્ટ્રેલિયા (83.33) અને પાકિસ્તાન (75)નું સ્થાન આવે છે.

### ❖ ભારતીય રેલવે એ 'ટ્રેન ગાર્ડ' પદનું નામ બદલી 'ટ્રેન મેનેજર' કર્યું

- ✓ ભારતીય રેલવેએ બદલાવેલાં નામો

  (1) ટ્રેન ગાર્ડ - ટ્રેન મેનેજર

  (2) આસિસ્ટન્ટ - આસિસ્ટન્ટ પેસેન્જર ટ્રેન મેનેજર

  (3) ગુડ્સ ગાર્ડ - ગુડ્સ ટ્રેન મેનેજર

  (4) મેલ/એક્સપ્રેસ ગાર્ડ - મેલ/એક્સપ્રેસ ટ્રેન મેનેજર

### ❖ વર્ષ 2021માં ભારત, ચીન, વેપાર 125 અરબ ડોલરને પાર થયો

- ✓ આ વિગતો ચાઈનીઝ કસ્ટમ ડેટા અનુસાર બહાર પાડવામાં આવી છે.
- ✓ વિગતો મુજબ બંને દેશ વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર વર્ષ 2020ની સરખામણીએ 43.3% વધ્યો છે.
- ✓ વર્ષ 2021માં ચીનની ભારતમાં નિકાસ 97.52 બિલિયન USD હતી જ્યારે ચીને ભારતમાંથી 28.14 બિલિયન USD માલની આયાત કરી.

### ❖ આર્મી માટે સક્ષમ લડાયક યુનિફોર્મ

- ✓ ભારતીય સેનાએ આર્મી દિવસ (15 જાન્યુઆરી)એ તેના કર્મચારીઓ માટે કોઈપણ આબોહવા સામે ટકી રહેલા સક્ષમ લડાયક યુનિફોર્મ રજૂ કર્યાં.
- ✓ આ નવા યુનિફોર્મને NIFT (નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજી)ની મદદથી વિકસાવવામાં આવ્યો છે જે અલગ અલગ 13 માપમાં ઉપલબ્ધ કરાશે.
- ✓ આ યુનિફોર્મ કપાસ: પોલિસ્ટરનું 70:30નું પ્રમાણ ધરાવે છે.

### ❖ કાચાઈ લેમન (KACHAI LEMON) ઉત્સવ - મણિપુર

- ✓ મણિપુરમાં ઉખસલ જિલ્લાના કચાઈ ગામ ખાતે કાચાઈ લેમન ઉત્સવની 18મી આવૃત્તિ શરૂ કરવામાં આવી જે બે દિવસ માટે રહેશે.
- ✓ મણિપુરના કાચાઈ લીંબુને ભૌગોલિક સંકેત (GI) મળેલ છે.
- ✓ આ લીંબુમાં અન્ય લીંબુની સાપેક્ષે એસ્કોર્બિક એસિડ (વિટામીન C) વિશેષ પ્રમાણમાં જોવા મળે છે.
- ✓ વર્ષ 2021ની થીમ - 'ઓર્ગેનિક કાચાઇ લેમન ફોર સેફ એન્વાયર્નમેન્ટ એન્ડ રૂરલ ટ્રાન્સફોર્મેશન'.

### કરન્ટ ઇન શોર્ટ

- ✓ ભારતીય ક્રિકેટર વિરાટ કોહલીએ દ. આફ્રિકા સામેની ટેસ્ટ સિરીઝની હાર બાદ 'ટેસ્ટ મેચ'ના કેપ્ટન પદેથી રાજીનામું આપ્યું. તેમણે ભારતને 68માંથી 40 ટેસ્ટ મેચમાં જીત અપાવી છે.
- ✓ કેન્દ્રિય મહિલા-બાળ વિકાસ મંત્રાલયે દેશનાં તમામ રાજ્યોમાં MPV (મહિલા પોલીસ વોલિન્ટિયરોની નિમણૂકના આદેશો આપ્યા. અગાઉ હરિયાણા રાજ્યમાં આ ક્ષેત્રે પ્રાયોગિક ધોરણે શરૂઆત કરાઇ હતી. MPV એ પીડીત મહિલા અને પોલીસ વચ્ચે કડીનું કામ કરશે.
- ✓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્ટાર્ટઅપ એકમોને નવા ભારતના આધારસ્તંભ ગણાવી 16 જાન્યુઆરીને રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ દિવસ તરીકે મનાવવાની જાહેરાત કરી.

Crack GPSC

- ✓ ઉત્તરપ્રદેશના બાંદા ખાતેથી 1980માં હટાવાયેલ બકરીના માથાનું સ્વરૂપ ધરાવતી પથ્થરની મૂર્તિ (10મી સદીની) ઈંગ્લેન્ડ ખાતેના એક બાગમાંથી મળી આવતાં તેને ભારત પરત મોકલવામાં આવી.
- ✓ ભારત સરકારે દર વર્ષે Republic Dayની ઉજવણી 24મી જાન્યુઆરીના બદલે હવેથી 23મી જાન્યુઆરીથી શરૂ કરવાનો નિર્ણય કર્યો. આ નિર્ણય સ્વતંત્રતા સેનાની સુભાષચંદ્ર બોઝની જન્મજયંતી (23 જાન્યુઆરી)ની સમગ્ર ઉજવણીમાં સાંકળી લેવા માટે લેવાયો છે.
- ✓ કેન્દ્ર સરકારે 8 યાત્રિઓની ક્ષમતા ધરાવતાં મોટર વાહનોમાં ઓછામાં ઓછી 6 એરબેગ રાખવાની બાબતને ફરજિયાત કરી.
- ✓ UPIના લાભાર્થીના ચાર્ટમાં 926.17 મિલિયનની લેણદેણ સાથે PayTm સૌથી ટોચના સ્થાને રહી.
- ✓ ત્રિનિદાદ અને ટોબૈગો ઓલમ્પિક વિજેતા ડીઓન લૈડોરનું નિધન થયું.
- ✓ રસીકરણના 1 વર્ષની સમાપ્તિ પર (16 જાન્યુ. 2022) સ્વાસ્થ્ય મંત્રી ડો. મનસુખ માંડવિયાએ પ્રથમ વર્ષગાંઠને ચિહ્નિત કરતી ટપાલ ટિકિટ જાહેર કરી.



## 17 જાન્યુઆરી

### ❖ જલ્લી કટ્ટુ - તમિલનાડુ

- ✓ પોંગલના તહેવાર સાથે તમિલનાડુમાં બુલ ટેમિંગ રમત - જલ્લી કટ્ટુનું આયોજન મદુરાઇ જિલ્લાના અવનિયાપુરમ ખાતે કરાયું.
- ✓ આ રમતમાં કોઈ વ્યક્તિ જો નિશ્ચિત સમય માટે સાંઢ (બળદ)ની પીઠ પર બેસી રહે તો તેને વિજેતા જાહેર કરવામાં આવે છે.
- ✓ જો પ્રતિસ્પર્ધીઓ આ સાંઢને કાબૂમાં કરવામાં નિષ્ફળ જાય તો સાંઢ માલિકને પુરસ્કાર આપવામાં આવે છે.

### ❖ ગુરુગ્રામ - ભારતનું પ્રથમ હેલિ-હબ

- ✓ હરિયાણાના ઉપમુખ્યમંત્રી દુષ્યંત ચૌટાલાએ ગુરુગ્રામમાં તમામ વિમાન સુવિધા સાથે ભારતના પ્રથમ હેલી-હબની જાહેરાત કરી.
- ✓ આ  દેશનું પ્રથમ હેલી-હબ હશે જ્યાં એક જ સ્થાન પર હેલિકોપ્ટરની તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાશે.
- ✓ આ હેલી-હબનો મુખ્ય ઉદ્દેશ્ય રાષ્ટ્રીય રાજધાની માટે વિભિન્ન હેલિકોપ્ટર સેવાઓ માટે લેન્ડિંગ અને ટેક-ઓફ પોઈન્ટ બનાવવાનો છે.

### ❖ CSC (કોમન સર્વિસિઝ સેંટર્સ) દ્વારા 'યોગ્યતા' મોબાઈલ એપ લોન્ચ

- ✓ કૌશલ્ય આધારિત વ્યાવસાયિક શિક્ષણ પ્રદાન કરવા માટે CSC (કોમન સર્વિસિઝ સેન્ટર્સ) દ્વારા મોબાઈલ એપ લોન્ચ કરાઈ.
- ✓ આ મોબાઈલ એપને 'યોગ્યતા' નામ આપવામાં આવ્યું.
- ✓ એપની મદદથી ગ્રામિણ  ક્ષેત્રમાં યુવાનો અને નાગરિકોને વ્યાવસાયિક શિક્ષણ અને કૌશલ ક્ષેત્રે તાલીમ અપાશે.
- ✓ એપ અંતર્ગત સાયબર સુરક્ષા, 3D પ્રિન્ટિંગ ક્ષેત્રના અભ્યાસક્રમો ચલાવવામાં આવશે.

### ❖ દિલ્હી પોલીસનું પ્રથમ પોડકાસ્ટ - કિસ્સા ખાખી કા

- ✓ આ પોડકાસ્ટની મદદથી અપરાધ તપાસ અને માનવતાની જાણી-અજાણી વાતોના માધ્યમથી લોકો સાથે સંપર્ક સ્થાપિત કરવાનો છે
- ✓ આ પોડકાસ્ટનો પ્રથમ એપિસોડ 'કિસ્સા ખાખી કા' દિલ્હી પોલીસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લોન્ચ કર્યો.
- ✓ આ પોડકાસ્ટમાં મીડિયા શિક્ષિકા વર્તિકા નંદા પોતાનો સૂર આપશે.

### ❖ પ્રખ્યાત રંગમંચ કલાકાર પદ્મ શ્રી શાઓલીએ મિત્રાનું નિધન

- ✓ પદ્મ શ્રી શાઓલી મિત્રા દિગ્ગજ અભિનેતા સોમ્બુ મિત્રા અને તૃપ્તિ મિત્રાનાં પુત્રી હતાં.

- ✓ તેમને વર્ષ 2003માં સંગીત નાટક અકાદમી પુરસ્કાર, 2009માં પદ્મ શ્રી અને 2012માં બંગ વિભુષણથી સન્માનિત કરવામાં આવ્યાં હતાં.
- ✓ તેમણે દ્રોપદી સાથે સંકળાયેલ બાબતો આધારિત પુસ્તક 'નાથવતી અનાથબત' (ફાઈવ હસબન્ડસ યેટ એન ઓર્ફન) લખ્યું અને તેને પોતાના રંગમંચ પર પ્રદર્શિત પણ કર્યું.

### ❖ સાત્વિક અને ચિરાગની જોડીએ પ્રથમ વખત ઈન્ડિયા ઓપનના ટાઈટલ જીત્યું

- ✓ સાત્વિક સાઈરાજ રેન્કીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની ડબલ્સ જોડીએ ત્રણ વખત વિશ્વના ચેમ્પિયન મોહમ્મદ અહેસાન અને ઈન્ડોનેશિયાના હેન્દ્ર સેટિયાવન સામે અદભૂત સીધી ગેમ જીતીને રવિવારે (16 જાન્યુઆરી) યોનેક્સ-સનરાઈઝ ઈન્ડિયા ઓપન જીતનાર દેશની પ્રથમ પુરૂષ ટીમ બની.
- ✓ સાત્વિક અને ચિરાગે વર્ષ 2019માં થાઈલેન્ડ ઓપન સુપર 500 અને ફ્રેન્ચ ઓપન સુપર 750માં પણ પોતાનું વૈભવી પ્રદર્શન આપ્યું હતું.

### ❖ મધ્યપ્રદેશ એગ્રીકલ્ચર યુનિવર્સિટીએ ઘંઉ,ચોખા અને જવની નવી જાતો વિકસાવી

- ✓ જવાહરલાલ નહેરુ કૃષિ વિશ્વવિધાલય દ્વારા આ સંશોધન કરવામાં આવ્યું છે અને આ સંબંધે કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયે તેને ગેઝેટમાં પ્રસારિત કરી માન્યતા આપી છે .
- ✓ આ નવી જાતનું સંશોધન સતત ત્રણ વર્ષ સુધી અલગ અલગ વિસ્તારની આબોહવાને ધ્યાને રાખી કરવામાં આવ્યું છે. જેના કારણે તે દરેક રાજ્યોમાં ઉત્પાદિત થવા સક્ષમ બનશે.
- ✓ સંશોધન મુજબ જવની બે જાતોમાંથી JO 05-304 મહારાષ્ટ્ર, ગુજરાત ઉત્તરપ્રદેશ છતીસગઢ, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને J0 10-506 ઓડિશા, બિહાર, ઝારખંડ, આસામમાં ઉગાડી શકાશે.
- ✓ ઘંઉની જાત MP-1323 અને MP1358 અને ચોખા JR-10 મધ્યપ્રદેશના ચોક્કસ વિસ્તારમાં ઉગાડી શકાશે.

## કરન્ટ ઇન શોર્ટ

- ✓ પાકિસ્તાની વૈજ્ઞાનિક 'આફિયા સિદ્દિકિ'ની મુક્તિ માટે અમેરિકાના ટેક્સાસમાં યહૂદીઓના ધાર્મિક સ્થળ - સિનેગોગમાં 4 લોકોને બંધક બનાવાયા. જોકે તમામનો અંતે છૂટકારો થયો હતો. વર્ષ 2010માં ન્યુયોર્કની કોર્ટે આફિયાને 86 વર્ષની સજા સંભળાવી હતી.
- ✓ ભારતની અગ્રણી રિન્યુએબલ એનર્જી સોલ્યુશન પ્રોવાઈડર 'આર્થા એનર્જી રિસોર્સિસે' રિન્યુએબલ એનર્જીમાં ઈન્વેસ્ટમેન્ટ માટે ઓનલાઈન પ્લેટફોર્મ - Renew Share રજૂ કર્યું.

Crack GPSC

- ✓ અન્ડર-19 વર્લ્ડ કપમાં ભારતના વિક્કી ઓત્સ્વાલ 5 વિકેટ લેનાર સાતમા ભારતીય ખેલાડી બન્યા.
- ✓ UAEમાં પોલીસે સામાન્ય લોકોને દુર્ઘટના સ્થળે ભીડ એકઠી કરવા કે ઘાયલ લોકોના ફોટા પાડવા કે વીડિયો બનાવતાં રોકવા માટે 1000 દિરહામ એટલે કે રૂ. 20,195 (આશરે)ના દંડની જોગવાઈ કરી.
- ✓ અરબ સાગરમાં ભારત અને રશિયા નેવિએ સંયુક્ત અભ્યાસ હાથ ધર્યો. જેમાં ભારત વતી INS કોચિ અને રશિયા વતી એડમિકલ ટ્રિબ્યુટસે કવાયતમાં ભાગ લીધો હતો.
- ✓ NCPના વરિષ્ઠ નેતા જયંત પાટિલે અમેરિકાની વાહન ઉત્પાદક કંપની ટેસ્લાના CEO એલન મસ્કને મહારાષ્ટ્રમાં કંપનીનું ઉત્પાદન એકમ સ્થાપવા આમંત્રિત કર્યા.
- ✓ સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયા લિમિટેડના રાઉરકેલા સ્ટીલ પ્લાન્ટ (RSP)ને સબમરીન બનાવવા માટે ઉચ્ચ શક્તિશાળી સ્ટીલના ઉત્પાદન માટે ભારતીય નૌસેનાએ મંજૂરી આપી.
- ✓ અરૂંધતિ ભટ્ટાચાર્ય (SBI ના પૂર્વ અધ્યક્ષ)એ પોતાની આત્મકથા ઈન્ડોમીટેબલ - અ વર્કિંગ વુમન્સ નોટ્સ ઓન લાઈફ, વર્ક એન્ડ લીડરશિપ લોન્ચ કરી.

## 18 જાન્યુઆરી

### ❖ વર્લ્ડ એક્સ્પો, 2020 દુબઇ

- ✓ કેન્દ્રીય મંત્રી નારાયણ રાણે અને રાજ્યમંત્રી ભાનુ પ્રાપસિંહ વર્માએ MSME પેવેલિયનનું ઉદ્ઘાટન કર્યું અને ખાદી ઈન્ડિયા ફિલ્મ લોન્ચ કરી.
- ✓ આ એક્સ્પોનો ઉદેશ્ય વિશ્વના લોકોને એકસાથે લાવવાનો છે અને તેની થીમ 'કનેક્ટિંગ માઇન્ડ્સ, ક્રિએટિંગ ફ્યુચર' રાખવામાં આવી છે.

### ❖ બેડમિન્ટન ખેલાડી તસનીમ મીર દુનિયાની નંબર 1 ખેલાડી

- ✓ યુવા બેડમિન્ટન ખેલાડી તસનીમ મીર BWF જુનિયર રેન્કિંગમાં અંડર-19 ગર્લ્સ સિંગલ્સમાં વિશ્વમાં નંબર 1 રેન્ક મેળવનાર પ્રથમ ભારતીય બની.
- ✓ મૂળ ગુજરાતની તસનીમે 2021માં ત્રણ જૂનિયર આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં સિદ્ધિઓ હાંસલ કર્યા બાદ વિશ્વ રેકિંગમાં આ સ્થાન પ્રાપ્ત કર્યુ.
- ✓ વર્ષ 2020માં તેમણે કાઠમંડુમાં પ્રેસિડેન્ટ કપ નેપાલ જૂનિયર ઇન્ટરનેશનલ સીરીઝ પણ જીતી હતી.

### ❖ કથ્થક દિગ્ગજ પંડિત બિરજુ મહારાજનું નિધન

- ✓ ભારતના સૌથી જાણીતા કલાકારોમાંના એક બિરજુ મહારાજ કિડનીની બિમારીથી પીડાતા હતા.

- ✓ બિરજુ મહારાજ કથક નર્તકોના મહારાજ પરિવારના વંશજ હતા. જેમાં તેમના બે કાકા શંભુ મહારાજ અને લચ્છુ મહારાજ તથા તેમના પિતા અને ગુરુ અચ્છન મહારાજનો સમાવેશ થાય છે.
- ✓ તેમણે વર્ષ 1986માં સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર પદ્મવિભૂષણ ઉપરાંત પર્ફોમિંગ આર્ટસમાં તેમના યોગદાન માટે અને પુરસ્કારો પ્રાપ્ત કર્યા હતા.

❖ **શાયલિન ફોર્ડ મિસિઝ અમેરિકા બાદ હવે બની મિસિઝ વર્લ્ડ 2022**

- ✓ મિસિઝ વર્લ્ડ 1984થી ચાલતી સ્પર્ધા છે જેમાં વર્ષ 2022માં લાસ વેગાસ, નેવાડા, USAએ ભાગ લીધો હતો.
- ✓ શાયલિન ઓહિયોની છે અને તેને વર્ષ 2020ની મિસિઝ વર્લ્ડ, કેટ સ્નેઇડરે તાજ પહેરાવ્યો હતો.

❖ **આંતરરાષ્ટ્રીય લોક મહોત્સવમાં સુમીત ભાલેએ ગોલ્ડ જીત્યો**

- ✓ મહારાષ્ટ્રના યુવા લાવણી કલાકાર સુમીત ભાલેએ દૂબઇમાં ઇન્ટરનેશનલ ફોક આર્ટ ફેસ્ટિવલમાં ગોલ્ડ જીત્યો.
- ✓ તેઓ મહારાષ્ટ્રના ફુલવાડી જિલ્લાના પાથરીના રહેવાસી છે.
- ✓ લાવણી એ મહારાષ્ટ્રનું પારંપરિક નૃત્ય છે જે ગીત અને નૃત્યના મિશ્રણ સાથે ઢોલની થાપી સાથે કરવામાં આવે છે.

❖ **નિતિન ગડકરીએ માધવબાગ પાવર MAP એપ લોન્ચ કરી.**

- ✓ પાવર MAP એ મેડિકલ એનાલિટિક્સ એપ્લિકેશન છે. જે દર્દીની જરૂરી માહિતી ડૉક્ટરોને ઉપલબ્ધ કરાવશે અને ક્રોનિક રોગો સામે ત્વરિત સારવાર પ્રદાન કરશે.
- ✓ માધવબાગ એ Vaidya Sane Ayurved Labs Ltd.નો ભાગ છે.

❖ **કૃષ્ણા જળવિવાદ અને તેમાંથી દૂર થયેલા બે ન્યાયાધીશો.**

- ✓ ન્યાયાધીશ ડી. વાય. ચંન્દ્રચુડ અને એ. એસ. બોપન્નાએ કૃષ્ણા જળવિવાદના કેસમાં દૂર રહેવાનો નિર્ણય કર્યો.
- ✓ જસ્ટિસ ચન્દ્રચૂડ મહારાષ્ટ્ર અને બોપન્ના કર્ણાટક સાથે સબંધ ધરાવતા હોવાથી તેમણે આ નિર્ણય લીધો.
- ✓ બંધારણના ભાગ-11માં અનુચ્છેદ 262 મુજબ બે અથવા બેથી વધુ રાજ્યોમાં વહેતી નદી કે તેના પાણીના ઉપયોગ તેમજ વહેંચણી અથવા નિયંત્રણ અંગેની તકરાર કે વિવાદનો નિર્ણય સંસદ કાયદાની જોગવાઇ મુજબ કરી શકે છે અને તે બાબતને ભારતના કોઇપણ ન્યાયાલયમાં પડકારી શકાતી નથી.

એક એપ બધી પરીક્ષાઓ
સરકારી નોકરી ની તૈયારી કરો
RFO | TAT | TET | HTAT
ગુજરાતની નં. 1 એપ સાથે CRACK GPSC
UPSC - GPSC - PI - PSI - Dy.SO/મામલતદાર - બિનસચિવાલય ક્લર્ક - તલાટી - કોન્સ્ટેબલ
76000 51070

## કરન્ટ ઇન શોર્ટ

- ✓ પોલેન્ડના એડમ જદનોવિચનું નામ દુનિયાની સૌથી ઊંચી સાયકલ (7.34 મીટર) (24.37 ફૂટ) બનાવવા અને તેને ચલાવવા બદલ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નોંધાયું.
- ✓ મધ્યપ્રદેશના સિવનીના પેંચ ટાઇગર રિઝર્વની 29 બચ્ચાને જન્મ આપનાર કોલરવાલી કે સુપરમોમના હુલામણા નામે ચાલતી વાઘણનું મોત થયું.
- ✓ માલિના પૂર્વ રાષ્ટ્રપતિ ઇબ્રાહિમ બાઉબકર કીતાનું નિધન થયું.
- ✓ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે દિલ્હી ખાતે પ્રથમ ઇલેક્ટ્રિક બસને સેવારત કરી.
- ✓ પદ્મ શ્રી વિજેતા શાંતિદેવી (2021માં) કે જેઓએ વંચિત સમુદાયો, આદિવાસી કન્યાઓ પ્રત્યે તથા ઓડિશામાં માઓવાદી ક્ષેત્રમાં શાંતિના પ્રયાસો કર્યા હતા, તેમનું નિધન થયું.

# 19 જાન્યુઆરી

## ❖ બિહારને દ્વિતીય ટાઈગર રિઝર્વની ફાળવણી કરવામાં આવી

- ✓ બિહાર સરકારે કૈમુર વન્યજીવ અભયારણ્યનો ટાઈગર રિઝર્વમાં સમાવેશ કરતાં વાલ્મિકી ટાઈગર બાદ તે બિહારનું બીજા નંબરનું ટાઈગર રિઝર્વ બન્યું.
- ✓ આ અભયારણ્ય બિહારમાં કૈમુર જિલ્લાના ભલુઆ શહેરમાં આવેલું છે અને 1342 વર્ગ કિમીના ક્ષેત્રફળ સાથે રાજ્યનું સૌથી મોટું અભયારણ્યછે.
- ✓ આ અભ્યારણ્યમાં લેપર્ડ, બેંગાલ ટાઈગર, ભારતીય સુવર, સાંભર ચિત્તલ, નીલગાય તથા વર્ષ દરમિયાન 70 જેટલી પક્ષી પ્રજાતિનો વસવાટ જોવા મળે છે.

## ❖ માયા એન્જેલો US25-CENT કોઈન પર અંકિત પ્રથમ અશ્વેત મહિલા

- ✓ US ટ્રેઝરીએ પ્રસિદ્ધ કવયિત્રી માયા એન્જેલોને અમેરિકા ક્કાર્ટરમાં અંકિત કરી સન્માનિત કર્યાં.
- ✓ અમેરિકાના 25 સેન્ટના સિક્કાને ક્કાર્ટર કહેવામાં આવે છે.
- ✓ અમેરિકન ટ્રેઝરી વિભાગના એક બ્યુરો તરીકે યુનાઈટેડ સ્ટેટ્સ મિંટ કાર્યરત છે જે સિક્કાનું ઉત્પાદન તથા તેને ઢાળવાનું કાર્ય કરે છે.

## ❖ BIO-ENERGY CROPS - જૈવ ઊર્જા પાક

- ✓ તાજેતરમાં જૈવ ઊર્જા પાક બાબતે કરવામાં આવેલા અધ્યયન મુજબ વાર્ષિક પાકના બદલે બારમાસી જૈવ ઊર્જા પાક ખેતી ક્ષેત્રે ફાયદો અપાવી શકે.
- ✓ જૈવ ઇંધણ (ઊર્જા) પાક એ એવા પાક છે જેનાથી જૈવ ઇંધણ ઉત્પાદન કે નિર્માણ થઈ શકે જેવા કે ઘઉં, મકાઈ, તલ, શેરડી, નીલગિરિ, મિસકૈથસ, સ્વિચગ્રસ.

❖ **એસ. સોમનાથ અંતરીક્ષ વિભાગના સચિવ અને અધ્યક્ષ**

- ✓ અંતરીક્ષ વિભાગના સચિવ અને અંતરીક્ષ અયોગના અધ્યક્ષ તરીકે એસ. સોમનાથની વરણી થઇ.
- ✓ એસ. સોમનાથ (શ્રીધર સોમનાથ) પૂર્વ અધ્યક્ષ કે સિવાનનું સ્થાન લેશે.
- ✓ એસ. સોમનાથે ધ્રુવીય સેટેલાઇટ લોન્ચ વ્હિકલ પી.એસ.એલ.વી. અને જીઓસિન્ક લાઈન સેટેલાઇટ લોન્ચ વ્હિકલ MKIII તથા GSLV MKIIIના વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવી છે.

❖ **BRICS STI (સાયન્સ એન્ડ ટેક ઈનોવેશન)ની બેઠકમાં ભારત ભાગ લેશે**

- ✓ BRICSની યોજાનારી આ 15મી બેઠકમાં ભારતે ચીનને અધ્યક્ષ પદ સોંપ્યું છે.
- ✓ આ બેઠકમાં ભારત આ ઈવેન્ટ્સની યજમાની કરશે.

1. બ્રિક્સ સ્ટાર્ટ અપ ફોરમ બેઠક
2. ઊર્જા પર કાર્યકારી જૂથોની બેઠક
3. માઈક્રોસાઈટ તરીકે બ્રિક્સ ઈનોવેશન લોન્ચપેડની લોન્ચિંગ ઈવેન્ટ
4. STIEP (સાયન્સ ટેકનોલોજી ઈનોવેશન અને આંતરપ્રિન્યોરશિપ પાર્ટનરશિપ) વર્કિંગ ગ્રુપ મીટિંગ

- ✓ BRICS 2022ની થીમ - "Faster High - Quality BRICS Partnership Users In a New Era For Global Development. (વૈશ્વિક વિકાસ માટે નવા યુગમાં ઉચ્ચ ગુણકત્તાવાળી BRICS ભાગીદારીને પ્રોત્સાહન આપવું.)

❖ **ઈનઈક્વલિટિ કિલ્સ રિપોર્ટ**

- ✓ ઓક્સરફેમ ઈન્ટરનેશનલ દ્વારા આ રિપોર્ટ તૈયાર કરાયો છે.
- ✓ આ રિપોર્ટ ખૂબ જ ધનિક અને ખૂબ જ ગરીબ વચ્ચેની સ્થિતિનાં અનુમાનો આપે છે.
- ✓ COVID-19 દરમિયાન દુનિયાના દસ સૌથી અમીર લોકોએ પોતાની સંપતિ બમણી કરી. જ્યારે 99% લોકોની આવક અડધી થઈ.
- ✓ આ પ્રકારની અસમાનતા રોજ લગભગ 21000 લોકોના મૃત્યુનું કારણ બને છે.

❖ **ઉડુપી ખાતે પર્યાય મહોત્સવનું આયોજન**

- ✓ ઉડુપી ખાતે પર્યાય મહોત્સવનું આયોજન થયું.
- ✓ જેમાં ભગવાન શ્રીકૃષ્ણની પૂજાનું અને શ્રીકૃષ્ણ મઠના પ્રબંધકના વિશેષાધિકારોને બે વર્ષ માટે એક પ્રબંધકથી બીજા પ્રબંધકને હસ્તાતરણ કરવાનું મહત્વ છે.
- ✓ આવી બે વર્ષ માટેની પ્રણાલી 1522માં શરૂ થઈ હતી.

❖ **44મો કોકબોરોક દિવસ - ત્રિપુરા (19 જાન્યુઆરી, 2022)**

- ✓ કોક્બોરોક દિવસ (ત્રિપુરી ભાષા દિવસ ) ભારતીય રાજ્ય ત્રિપુરામા કોક્બોરોકે ભાષાના વિકાસના ઉત્સવને મનાવવા માટેનો એક તહેવાર છે.
- ✓ કોક્બોરેક એ ત્રિપુરાની અધિકૃત કરેલી ભાષા છે અને આ દિવસ 1977માં નક્કી કર્યા પ્રમાણે મનાવાય છે.
- ✓ કોકરોબેકને અગાઉ તિપ્રાકોક્ના નામે ઓળખવામાં આવતું.

**કરન્ટ ઇન શોર્ટ**

- ✓ મુબઈમાં ઈન્ડિયન નેવિ ડોક્યાર્ડ ખાતે યુદ્ધ જહાજ INS રણવીરમાં બ્લાસ્ટ બાદ આગ લાગતાં ત્રણ જવાનો શહીદ થયા.
- ✓ એર ઈન્ડિયા લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર તરીકે વિક્રમ દેવદત્તની નિયુક્તિ.
- ✓ માઇક્રોસોફ્ટ 'કોલ ઓફ ડ્યુટી' અને 'કેન્ડી ક્રશ' જેવી વીડિયો ગેમ્સ બનાવનારી કંપની એક્ટિવિઝન બ્લિઝાર્ડને 68.7 અબજ ડોલર (અંદાજે રૂ 5 લાખ કરોડ)માં ખરીદશે.
- ✓ દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગે પોતાનું પ્રથમ દ્વિમાસિક ઈ-ન્યુઝલેટર લોન્ચ કર્યું.
- ✓ જાપાનના પૂર્વ વડાપ્રધાન તોશિકિ કૈડનું નિધન થયું.
- ✓ ટાટા પાવર રિન્યુએબલ એનર્જીએ ઉત્તરપ્રદેશમાં 100 mwની સોલાર પરિયોજના શરૂ કરી.
- ✓ લે. જનરલ મનોજ પાન્ડે આર્મીના ઉપપ્રમુખ નિયુક્ત થયા.
- ✓ મધ્યપ્રદેશ સરકાર (ગૃહ રાજ્ય મંત્રી - નરોત્તમ મિશ્રા) ઓનલાઈન ગેમિંગ માટે કાયદો ઘડશે.

## 20 જાન્યુઆરી

### ❖ ફાઈજરના અધ્યક્ષ એલ્બર્ટ બોર્લાને જેનેસિસ પુરસ્કારથી સન્માનિત કરાયા

- ✓ આ પુરસ્કાર તેમને કોવિડ-19 રસીના વિકાસમાં અગ્રણી પ્રયાસો બદલ આપવામાં આવ્યો છે.
- ✓ વ્યક્તિની વ્યાવસાયિક સિદ્ધિઓ માનવતાના યોગદાન અને યહુદી મુલ્યો પ્રત્યે પ્રતિબદ્ધતા માટે દર વર્ષે આ પુરસ્કાર અપાય છે.
- ✓ ફાઈઝરે રસી માટે BioNTech જર્મન સરકાર પાસેથી ભંડોળ મેળવ્યું અને US સાથે પુરવઠાનો કરાર કર્યો હતો.
- ✓ ફાઈઝરની રસી યુ.એસ. અને યુરોપમાં ઉપયોગ માટે પ્રથમ અધિકૃત થઈ હતી.

### ❖ સુભાષ ચંદ્ર બોઝની જીવન ગાથા ફેબ્રુઆરી 2022માં લોન્ચ થશે

- ✓ બોઝ: ધ અનટોલ્ડ સ્ટોરી ઓફ એન ઈનકન્વિનિઅંટ નેશનલિસ્ટના શીર્ષક સાથે આ જીવનગાથા લોન્ચ થશે.
- ✓ આ જીવનગાથાની રચના 'મિશન નેતાજી'ના સંસ્થાપક ચંદ્રચૂડ ઘોષ દ્વારા કરવામાં આવી છે.
- ✓ તેને પેંગ્યુઈન રેંડમ હાઉસ ઈન્ડિયા દ્વારા પ્રકાશિત કરવામાં આવશે.

❖ **HPL એ અધતન લાઈટ હેલિકોપ્ટરની નિકાસ માટે મોરેશિયસ સાથે કરારો કર્યા**

- ✓ HAL (હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ)એ રાષ્ટ્રના પોલીસ દળ માટે એડવાન્સ લાઈટ હેલિકોપ્ટર (ALH MK-III)ની નિકાસ માટે આ કરાર કર્યા.
- ✓ ALH MK-III, 5.5 ટન શ્રેણીમાં એક મલ્ટી રોલ, મલ્ટીમિશન વર્સટાઇલ હેલિકોપ્ટર છે.
- ✓ અત્યાર સુધીમાં ALHના 335 મોડલોનું ઉત્પાદન સફળતાપૂર્વક થયું છે.

❖ **ભારત એક્સેલેરેટરને 'સર્વશ્રેષ્ઠ એક્સેલેરેટર'નો પુરસ્કાર**

- ✓ સ્ટાર્ટ અપ ઈન્ડિયા આયોજીત નેશનલ સ્ટાર્ટ અપ એવોર્ડ્સ 2021માં આ એવોર્ડ આપવામાં આવ્યો છે.
- ✓ ભારત એક્સેલેરેટરને ઈકો સિસ્ટમ એનેબલર કેટેગરીમાં આ એવોર્ડ આપવામાં આવ્યો છે.

❖ **મેઘાલય કેબિનેટે સરકારી નોકરીમાં ઉમેદવારો માટે ઉંમર મર્યાદામાં વધારો કર્યો**

- ✓ મેઘાલય કેબિનેટે ઉંમર મર્યાદામાં પાંચ વર્ષનો વધારો કર્યો છે.
- ✓ હાલમાં સામાન્ય વર્ગ માટે 27 વર્ષ અને અનુસુચિત જનજાતિ માટે 32 વર્ષની વયમર્યાદા છે.
- ✓ આ મર્યાદામાં થયેલા વધારા મુજબ સામાન્ય વર્ગ માટે 32 વર્ષ અને અનુસુચિત જન જાતિ માટે 37 વર્ષ કરવામાં આવી છે.

❖ **AI અપનાવનારા ટોચના 10 દેશોમાં ભારતને સ્થાન**

- ✓ ધ બ્રુકિંગ્સ ઈન્સ્ટિટ્યુશન દ્વારા જાહેર થયેલ રિપોર્ટમાં આ બાબતનો ઉલ્લેખ થયેલો છે.
- ✓ AI (આર્ટીફિશિયલ ઈન્ટેલિજન્સી)માં ખર્ચ અને રોકાણની બાબતમાં ભારત 6ઠ્ઠા ક્રમે છે.
- ✓ આ યાદીમાં ભારતથી આગળ અમેરિકા, ચીન, બ્રિટન, ફ્રાન્સ, જાપાન, જર્મનીનું સ્થાન છે.

❖ **હિમાચલના પાલમપુરમાં કેપ્ટન વિક્રમ બત્રાની પ્રતિમાનું અનાવરણ**

- ✓ કેપ્ટન બત્રાનુ કારગિલ યુદ્ધમાં મહત્વનું યોગદાન હતું.
- ✓ 7 જુલાઈ,1 999ના રોજ કારગિલ યુદ્ધ દરમિયાન તેમણે 4875 પોઈન્ટ પર કબ્જો મેળવ્યો હતો જે LOC પાસેના પહાડનું એક શિખર છે.
- ✓ આ શિખરને બત્રા ટોપ તરીકે પણ ઓળખવામાં આવે છે.

❖ **ભારતીય ટેનિસ સ્ટાર સાનિયા મિર્ઝા 2022 બાદ સંન્યાસ લેશે.**

- ✓ પુર્વ વિમ્બલ્ડન ડબલ્સ ચેમ્પિયન સાનિયા મિર્ઝાએ 2022 બાદ નિવૃત્તિ લેવાની જાહેર કરી.

- ✓ તેમણે 2005માં WTA સિંગલ્સ ખિતાબ જીતીને આ ખિતાબ જીતનાર પ્રથમ ભારતીય મહિલા બનવાનું બહુમાન મેળવ્યું હતું.
- ✓ તેમણે મહેશ ભૂપતિ સાથે બે ગ્રેંડ સ્લેમ 2009 ઓસ્ટ્રેલિયન ઓપન મિક્સ ડબલ્સ અને ફ્રેંચ ઓપન મિકસ્ડ ડબલ્સ પણ જીત્યો.

**કરન્ટ ઇન શોર્ટ**

- ✓ ઈન્ડોનેશિયામાં દરિયાની સપાટી ઝડપથી વધવાની સ્થિતિને કારણે સરકારે જકાર્તાની જગ્યાએ નુસંતરાને નવી રાજધાની વિકસાવવાની મંજૂરી આપી. જકાર્તા વર્ષ 2050 સુધીમાં ડૂબી જવાની આશંકા લગાવાઇ છે.
- ✓ તમિલનાડુમાં બળદ પકડવાની રમત 'જલ્લિકટ્ટુ'માં 21 બળદને કાબુમાં કરનાર કાર્તિક (મદુરાઇ)ને પ્રથમ ક્રમ મળ્યો.
- ✓ સુપ્રીમ કોર્ટ પારસી ધર્મની અંતિમ વિધિ 'સાયલન્સ ઓફ ટાવર" પર પ્રતિબંધ મૂક્યો જે કોરોના સંદર્ભે છે.
- ✓ ICC T 20 વિમેન્સમાં સ્મૃતિ માંધાના વિમેન્સ ટીમ ઓફ ધ યર જાહેર થઈ.
- ✓ ફ્લિપકાર્ટે લીપ અહેડ અને લીપ ઈનોવેશન નેટવર્ક પ્રોગ્રામ લોન્ચ કર્યા જે હેઠળ સ્ટાર્ટઅપ માટે ફંડીગ એકઠું કરવામાં આવશે.
- ✓ રાષ્ટ્રીય સફાઇ કર્મચારી આયોગની અવધિ ત્રણ વર્ષ માટે વધારવામાં આવી.

## 21 જાન્યુઆરી

### ❖ ઇઝરાયેલે એરો 3 વેપન સિસ્ટમનું સફળતાપૂર્વક ઉડાણ પરીક્ષણ કર્યું

- ✓ આ પરિક્ષણ ઇઝરાયેલ અને અમેરિકાએ સંયુક્ત રીતે કર્યું.
- ✓ એરો વેપન સિસ્ટમ અને એરો 3 ઇન્ટરસેપ્ટર, પૃથ્વીના વાતાવરણની બહાર બેલેસ્ટિક મિસાઇલોને અટકાવવા માટે બનાવવામાં આવી છે.
- ✓ આ પરિક્ષણ મધ્ય ઇઝરાયેલમાં ઇઝરાયેલ એરોસ્પેસ ઇન્ડસ્ટ્રીઝ (IAJ) દ્વારા કરવામાં આવ્યું હતું.
- ✓ સમગ્ર પરીક્ષણ IMDO - ઇઝરાયેલ મિસાઇલ ડિફેન્સ ઓર્ગેનાઇઝેશન અને MDA મિસાઇલ એજેંન્સી- અમેરિકાના નેજા હેઠળ થયું.

### ❖ ભારત - શ્રીલંકા વચ્ચેના વિજ્ઞાન અને ટેકનોલોજી સહયોગને ત્રણ વર્ષ લંબાવાયો

- ✓ આ કરાર વેસ્ટ - વોટર ટેકનોલોજી, સસ્ટેનેબલ એગ્રીકલ્ચર, એરોસ્પેસ એન્જિનિયરિંગ, રોબોટીક્સ અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ જેવાં નવાં ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરીને

વધારવામાં આવ્યો છે. જે બંને દેશો વચ્ચે મળેલી વિજ્ઞાન અને ટેકનોલોજી સહકાર પરની 5મી સંયુક્ત બેઠક દરમિયાન નિર્ણિત કરાયું છે.

- ✓ ભારત અને શ્રીલંકા બંને દેશો પાસે એકબીજા દેશનો 500 વર્ષ જૂના સાંસ્કૃતિક, બૌદ્ધિક, ધાર્મિક વિચારો ધરાવતો વારસો રહેલો છે. ત્યારે આ પ્રકારના કરારો હવે બંને દેશને વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રે એકબીજાની નજીક લાવવાનો પ્રયાસ મજબૂત બનાવશે.

❖ **NIF ઇન્ક્યુબેશન કાઉન્સિલ અને એમેઝોન ઇન્ડિયા વચ્ચે કરારો થયા**

- ✓ INF - નેશનલ ઇનોવેશન ફાઉન્ડેશન.
- ✓ આ કરાર વિદ્યાર્થીઓને પારંપરિક શિક્ષણ/જ્ઞાન આધારિત સામગ્રીઓના ઓનલાઇન વિતરણ માટે કરાયો છે.
- ✓ કરાર હેઠળ તમામ સુવિધાઓ માટે ભારતના ક્ષેત્રના વિદ્યાર્થીઓ માટે પ્રથમ પ્રાથમિકતા આપવામાં આવશે.
- ✓ આ કરાર દ્વારા ઉદ્યોગ અને વિષયના નિષ્ણાતોને તેમાં સમાવિષ્ટ કરીને નવા ઇનોવેટર્સ (શોધકર્તા)ઓની ક્ષમતાને પ્રોત્સાહન અપાશે.

❖ **યુરોપમાં ટિવન્ડેમિક (Twindemic)ની અસર**

- ✓ યુરોપીયન સેન્ટર ફોર ડિસીઝ પ્રિવેન્શન એન્ડ કન્ટ્રોલના મતે યુરોપમાં 'ઓમિક્રોન'ની સાથે સાથે 'ઇન્ફલુએન્ઝા (ફ્લુ)ના કેસમાં જોવા મળેલો વધારો ટિવન્ડેમિકની અસર દર્શાવે છે.
- ✓ વિશ્વ આયોગ્ય સંસ્થા (WHO)ના મત અનુસાર આવતા 2 માસ જેવા સમયમાં યુરોપની અડધાથી વધુ વસ્તી ઓમિક્રોનથી અસરગ્રસ્ત હશે.
- ✓ યુરોપ ઉપરાંત ફ્રાન્સ અને પેરિસમાં પણ આ પ્રકારના ફ્લુ કેસ જોવા મળી રહ્યા છે.

❖ **Space X દ્વારા ચાર ડઝનથી વધુ ઉપગ્રહો લોન્ચ કરાયા**

- ✓ Space X દ્વારા 49 સ્ટારલિંક ઉપગ્રહોને ફાલ્કન-9 રોકેટ દ્વારા ફ્લોરિડા સ્થિત કેનેડી સ્પેસ સેન્ટરના નાસાના લોન્ચ કોમ્પ્લેક્ષ 39 A પરથી લોન્ચ કરાયા.
- ✓ લોન્ચિંગની નવ મિનિટ બાદ રોકેટનો પ્રથમ તબક્કો સ્પેસએક્સ ડ્રોન જહાજ પર પીન-પોઇન્ટ ટચડાઉન માટે પૃથ્વી પર પાછો ફર્યો હતો. જેને 'અ શોર્ટફોલ ઓફ ગ્રેવિટાસ' કહેવાય છે. જે ફ્લોરિડામાં એટલેન્ટિક મહાસાગરના કિનારે સ્થિત છે.

❖ **મેઘાલયે રાજ્ય સરહદ વિવાદ સબંધિત પ્રાદેશિક સમિતિઓની ભલામણો મંજૂર કરી**

- ✓ મેઘાલય કેબિનેટે પડોશી રાજ્ય વચ્ચે લાંબા સમયથી પડતર સરહદ વિવાદ સબંધિત ત્રણ પ્રાદેશિક સમિતિઓની ભલામણો મંજૂર કરી.
- ✓ આ ત્રણ સમિતિઓમાં પશ્ચિમ ખાસી હિલ્સ, રી-ભોઇ, પૂર્વ અને પશ્ચિમ જયંતિયા હિલ્સનો સમાવેશ થાય છે.

- ✓ પ્રાદેશિક સમિતિઓમાં આપેલા અહેવાલ મુજબ અલગ અલગ 36 ગામોની લગભગ 36.79 ચો. km જેટલો વિસ્તાર આ વિવાદ સાથે સબંધિત છે.
- ✓ પશ્ચિમ ખાસી હિલ્સ જિલ્લામાં તારાબારી, ગિઝાંગ અને હાહિમ, રી ભોઇ, જિલ્લામાં બોક્લાપારા અને ખાનપારા- પિલિંગકાટા અને પૂર્વ જયંતિયા હિલ્સ જિલ્લામાં રાતાચેરા એમ 6 વિસ્તારો માટે બનાવેલી આ સમિતિને આસામ અને મેઘાલય એમ બંને રાજ્યોના મુખ્યમંત્રી અને કેબિનેટ 100% સહમત થયા હોવાથી આ બાબતને કેન્દ્રિય ગૃહ પ્રધાનને રજૂ કરવામાં આવશે.

### ❖ હાયર સુપિરિયર ઓટોબાયોગ્રાફિકલ મેમરી (આઇપર્થિમેશિયા)

- ✓ અગાઉના 17થી 18 વર્ષના એક-એક ક્ષણનાં તમામ બનાવો અને ઘટનાઓને ઝીણવટભેર યાદ રહેવાના સિન્ડ્રોમને 'હાયર સુપિરિયર ઓટોબાયોગ્રાફિકલ મેમરી (આઇપર્થિમેશિયા) તરીકે ઓળખવામાં આવે છે.
- ✓ આ પ્રકારની સ્થિતિ સમગ્ર વિશ્વમાં માત્ર 60 લોકોને જોવા મળી છે.
- ✓ આ પ્રકારે પીડાતા લોકોની યાદશક્તિને 'એપિસોડિક મેમરી' કહે છે.

### ❖ ઝારા રૂથર ફોર્ડ એકલા જ વિશ્વનું ચક્કર લગાવનાર સૌથી યુવા મહિલા બની

- ✓ 19 વર્ષીય ઝારા રૂથર ફોર્ડ વિમાનમાં 155 દિવસમાં વિશ્વનું ચક્કર પૂરું કર્યું.
- ✓ બેલ્જિયમ- બ્રિટનની આ પાઇલટ એકલા જ વિશ્વનું ચક્કર લગાવનાર સૌથી યુવા મહિલા બની.
- ✓ તેણે કોર્ટિજક - વેવેલમેમ એરપોર્ટ ખાતેથી જર્નીની શરૂઆત કરી હતી.
- ✓ અગાઉ અમેરિકાની 30 વર્ષની શાએસ્ટા વાઇસના નામે આ સિદ્ધિ હતી.

## કરન્ટ ઇન શોર્ટ

- ✓ એર ઇન્ડિયાએ બોઇંગ B777 વિમાનોથી ભારત- અમેરિકાની 6 ફ્લાઇટો શરૂ કરી. અગાઉ અમેરિકાના 5G ઇન્ટરનેટ સેવાથી ઉડાનોના સિગ્નલ્સને જોખમ જોતાં ફ્લાઇટો રદ કરવામાં આવી હતી.
- ✓ લક્ઝરી રિયલ એસ્ટેટ ફર્મ ઇન્ડિયા સોથેબી ઇન્ટરનેશનલ રિયલ્ટીએ કરેલા સર્વે રિપોર્ટ 'લક્ઝરી હાઉસિંગ આઉટલુક - 2022માં દેશના 75% ધનિકો વૈભવી ઘર (રૂ. 5 કરોડ સુધીના) ખરીદવાની ઇચ્છાશક્તિ ધરાવે છે.
- ✓ UNમાં ભારતના સ્થાયી દૂત ટી.એસ. તિરૂમૂર્તિએ 'હિંસક રાષ્ટ્રવાદ' અને 'જમણેરી ઉગ્રવાદ' જેવા શબ્દો આતંકવાદ વ્યાખ્યામાં સમાવિષ્ટ ન કરવા અંગેની વાત કરી.
- ✓ હરિયાણાના હિસ્સારમાં સેન્ટ્રલ હોર્સ રિસર્ચ ઇન્સ્ટિટ્યુટના વૈજ્ઞાનિકોએ બનાવેલી પ્રાણીઓ માટેની પ્રથમ કોરોના વેક્સિનનું આર્મીના શ્વાન પર થયેલા સફળ પરીક્ષણ બાદ

ગુજરાત રાજ્ય સરકારની પરવાનગી બાદ જૂનાગઢના સક્કરબાગ ઝુના સિંહને પણ આ વેક્સિન અપાશે.

✓ 21 જાન્યુઆરી 2022: ત્રિપુરા, મણિપુર, મેઘાલાયની સ્થાપનાનાં 50 વર્ષ.

## 22 જાન્યુઆરી

### ❖ ઓક્સફર્ડ યુનિવર્સિટીએ 'Anxiety'ને ચિલ્ડ્રન વર્ડ ઓફ ધ યર જાહેર કર્યો

✓ સમગ્ર બ્રિટનમાં 3થી 9 વર્ષની ઉંમરનાં 8000થી વધુ બાળકો દ્વારા આ શબ્દનો સૌથી વધુ ઉપયોગ કરવામાં આવ્યો હતો.

✓ કરવામાં આવેલા સર્વેમાં Anxiety બાદ Challenging (19%) અને Isolate (14%) શબ્દને મતો મળ્યા છે.

✓ Anxietyનો અર્થ - ચિંતા, અસ્વસ્થા, બેચેની વગેરે એવો થાય છે.

### ❖ ઈન્ફ્રાસ્ટ્રકચર ફાયનાન્સિંગ ઓથોરિટી - અરૂણાચલ પ્રદેશ

✓ માળખાકીય સુવિધાઓના વિકાસને ઝડપી બનાવવા માટે અરૂણાચલ પ્રદેશ સરકારે આ ઓથોરિટીની સ્થાપના કરી.

✓ આ ઓથોરિટી રાજ્યમાં અલગ અલગ સરકારી બાંધકામો, શાળાઓના નિકાસ સંબંધિત કાર્યો કરશે.

✓ રાજ્ય સરકારે આ તકે અરૂણાચલ પ્રદેશના પ્રથમ ઉપરાજ્યપાલ સ્વ. કે. એ. એ. રાજાને સર્વોચ્ચ રાજ્ય પુરસ્કાર 'અરૂણાચલ રત્ન' આપવાનો નિર્ણય કર્યો હતો.

### ❖ જમ્મુ કાશ્મીરે જેરી ગામને દૂધ ગામ (Milk Village) જાહેર કરાયું

✓ જમ્મુ કાશ્મીર પ્રશાસને રિયાસી જિલ્લાના જેરી ગામને કેન્દ્રશાસિત પ્રદેશના પ્રથમ દૂધ ગામ તરીકે જાહેર કર્યું.

✓ જેરી ગામમાં 370 ગાયો સાથે 73 વ્યક્તિગત ડેરીઓ સ્થાપિત છે.

✓ વહીવટી તંત્રે આ ગામ માટે સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ વધુ 57 ડેરી ફાર્મને મંજૂરી આપી છે.

✓ સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ, પાંચ પશુઓના ડેરી એકમોને 50% સબસિડી આપવાની પણ જાહેરાત કરવામાં આવી છે.

### ❖ મિયા અમોર મોટલી - બારબાડોસના વડાપ્રધાન ચૂંટાઈ આવ્યા

✓ બારબાડોસ દેશની પ્રથમ સામાન્ય ચૂંટણીમાં મોટલીએ આ જીત મેળવી છે.

✓ મોટલી વર્ષ 2018થી દેશ સેવા સાથે જોડાયેલા હતા અને કોરોનાના કારણે ઓછું મતદાન થયું હોવા છતાં તમામ 30 બેઠકો પર તેમનો વિજય થયો હતો.

- ✓ મોટલીએ ગયા વર્ષે COP26 (UN ક્લાઈમેન્ટ ચેન્જ કોંન્ફરન્સ)માં ભાષણ આપ્યા બાદ તેઓ પ્રસિદ્ધ થયા હતા.
- ✓ નવેમ્બર 2021માં બાર્બોડોસે તેનાં રાણી એલિઝાબેથ 2ને પદભ્રષ્ટ કરીને સ્વતંત્ર દેશ જાહેર કર્યો છે.

### ❖ અમર જવાન જ્યોતિને નેશનલ વોર મેમોરિયલમાં સમાવાઈ

- ✓ 1971ના પાકિસ્તાન સાથેના યુદ્ધમાં બાંગ્લાદેશના જન્મ બાદ નવી દિલ્હીમાં શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ આપવા માટે અમરજવાન જ્યોતિ ઈન્ડિયા ગેટ ખાતે પ્રજવલ્લિત કરાઈ હતી.
- ✓ સતત 50 વર્ષથી ચાલતી આ જ્યોતિને નવી દિલ્હીમાં નવા બનાવાયેલા નેશનલ વોર મેમોરિયલમાં સમાવી લેવામાં આવી.
- ✓ દિલ્હીમાં ઈન્ડિયા ગેટ ખાતે નેતાજી સુભાષ ચંદ્ર બોઝની ગ્રેનાઈટની પ્રતિમા સ્થાપિત કરવાની જાહેરાત વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવી છે.

## કરન્ટ ઈન શોર્ટ

- ✓ વિશ્વ સ્તરે લોકપ્રિય નેતાની યાદી જાહેર કરતી મોર્નિંગ કન્સલટન્ટ દ્વારા 13 દેશોના નેતાઓના કરેલા સર્વેમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી 71% સાથે સૌથી લોકપ્રિય. બીજા સ્થાને મેક્સિકોના રાષ્ટ્રપતિ અને ત્રીજા સ્થાને ઈટાલીના વડાપ્રધાન રહ્યા.
- ✓ SAILના પૂર્વ પ્રમુખ અનિલ કે. ચૌધરીને એસ્સાર કેપિટલના CEO બનાવાયા.
- ✓ IFFCOના ઉપાધ્યક્ષ દિલીપ સાંઘાણીને IFFCO ના અધ્યક્ષ બનાવાયા.
- ✓ એમી વિજેતા કોમિડિયન અને અભિનેતા લુઈ એન્ડરસનનું નિધન થયું.
- ✓ USAG (યુનિવર્સલ એક્સેપ્ટેસ સ્ટીયરિંગ ગ્રુપ)એ PayTmના સંસ્થાપક વિજય શેખર શર્માને પોતાના એમ્બેસેડર નિયુક્ત કર્યા.

Crack GPSC




## 23 જાન્યુઆરી

### ❖ 'ઓપરેશન ખત્મ' પુસ્તકનું વિમોચન

- ✓ બે પત્રકારો આરસી ગંજૂ અને અશ્વિની ભટનાગરનો ગવાહીઓ ઉપર આધારિત આ પુસ્તક્નું વિમોચન કરાયું.
- ✓ જમ્મુ કાશ્મીર પોલીસના સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપના ઓપરેશનમાં જમ્મુ કાશ્મીર લિબરેશન ફ્રંટ (JLKF)ના 22 આતંકીઓ માર્યા ગયા હતા.
- ✓ પુસ્તક આધારિત વેબ સિરિઝ બનાવવા માટે આંતરરાષ્ટ્રીય ફિલ્મ પ્રોડક્શન હાઉસ દ્વારા તેના અધિકારો ખરીદવામાં આવ્યા છે.

### ❖ AI આધારિત એક્સ-રેની મદદથી ત્વરિત COVID-19 વિશે જાણકારી

- ✓ AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ)આધારિત એક્સ-રેની મદદથી ત્વરિત COVID-19 વિશે જાણકારી મળશે.
- ✓ સ્કોટલેન્ડના વૈજ્ઞાનિકો દ્વારા આ સંશોધન કરવામાં આવ્યું છે. આ સંશોધન યુનિવર્સિટી ઓફ ધ વેસ્ટ ઓફ સ્કોટલેન્ડ દ્વારા વિકસાવાયું છે.
- ✓ અલગ અલગ તબક્કામાં થયેલા પરીક્ષણમાં આ સંશોધનમાં 98% સુધી સચોટ માહિતી COVID સંબંધિત મળી હતી.

### ❖ લદાખને 11000 ફુટની ઉંચાઇએ પ્રથમ ઓપન સિંથેટિક ટ્રેક અને ફૂટબોલ ટર્ફ મળ્યા

- ✓ લદાખને ખેલો ઈન્ડિયા અંતર્ગત 11000 ફુટની ઉંચાઇએ પ્રથમ ઓપન સિંથેટિક ટ્રેક અને ફૂટબોલ ટર્ફ મળ્યા.

- ✓ સિંન્થેટિક ટ્રેકની મદદથી લદ્દાખના દોડવીરોને રસ્તાઓ પર દોડવામાંથી મુક્તિ મળશે..
- ✓ સમગ્ર પ્રોજેક્ટનો શિલાન્યાસ વર્ષ 2020માં કરવામાં આવ્યો હતો અને બે વર્ષના સમયમાં આ કાર્યને પૂર્ણ કરાયું હતું.

❖ **સુંદરવન પ્રાણી સંગ્રહાલયે 'એડપ્ટ એન એનિમલ' પહેલ શરૂ કરી**

- ✓ ગુજરાતના સુંદરવન પ્રાણી સંગ્રહાલયે કોવિડના ફેલાવા વચ્ચે 'એડપ્ટ એન એનિમલ' પહેલ શરૂ કરી.
- ✓ અમદાવાદ ખાતે સુંદરવન મિની ઝુ ચલાવતા NGO દ્વારા આ પહેલ શરૂ કરવામાં આવી છે.
- ✓ પહેલ અંતર્ગત દત્તક લેનાર વ્યક્તિ દત્તક લીધેલા પ્રાણીનો માસિક જાળવણી ખર્ચ ઉઠાવશે.
- ✓ સુંદરવનનું ઉદ્ઘાટન પ્રસિદ્ધ પક્ષી વિજ્ઞાની ડો. સલીમ અલીએ 28 ઓક્ટોબર, 1978માં કર્યું હતું જેને ભારતીય કેન્દ્રીય પક્ષીઘર અધિનિયમ દ્વારા એક મિની પક્ષી ઘરનો દરજ્જો અપાયો છે.

❖ **હૈદરાબાદ ખાતે 216 ફૂટની 'સ્ટેચ્યુ ઓફ ઈક્વેલિટી'નું અનાવરણ**

- ❖ વડાપ્રધાન મોદીએ હૈદરાબાદ ખાતે 'રામાનુજાચાર્ય'ની 216 ફૂટની પ્રતિમાનું અનાવરણ કરશે જેને સ્ટેચ્યુ ઓફ ઈક્વેલિટી તરીકે ઓળખવામાં આવશે.
- ❖ રામાનુજચાર્ય 11મી સદીના સંત અને સમાજ સુધારક હતા.
- ❖ આ પ્રતિમા પંચધાતુ, સોનું, ચાંદી, તાંબુ, પિત્તળ અને જસતના મિશ્રણથી બનાવવામાં આવી છે.

❖ **જમ્મુ કાશ્મીરમાં પ્રથમ જિલ્લા સુશાસન સૂચકાંક જાહેર કરાયો**

- ✓ આ સૂચકાંક કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ દ્વારા જાહેર કરાયો છે.
- ✓ આ યાદી મુજબ જમ્મુ જિલ્લો ટોચ પર જ્યારે શ્રીનગર પાંચમા સ્થાને છે.
- ✓ આ સૂચકાંક જમ્મુ-કાશ્મીર સરકારના સહયોગથી તૈયાર કરાયો છે.
- ✓ અન્ય ક્રમોમાં જમ્મુ બાદ બીજા ક્રમે ડોડા અને ત્રીજા ક્રમે સાંબા જિલ્લો તથા ચોથા ક્રમે પુલવામા જિલ્લો છે.
- ✓ યાદીમાં અંત સ્થાનોમાં રાજૌરી, પુંચ અને શોપિયા જિલ્લાનો સમાવેશ થાય છે.
- ✓ જમ્મુ જિલ્લો 'વાણિજ્ય અને ઉદ્યોગ' ક્ષેત્રે શ્રેષ્ઠ છે જ્યારે શ્રીનગર જિલ્લો 'જાહેર ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઉપયોગિતા' ક્ષેત્રે શ્રેષ્ઠ છે.

❖ **દક્ષિણ પ્રશાંત દ્વિપમાં હુંગા-ટોંગા, હુંગા-હાપાઈ જ્વાળામુખી વિસ્ફોટ**

- ✓ આ જ્વાળામુખી વિસ્ફોટમાં બે નાના નિર્જન દ્વીપ હુંગા-હપાઇ અને હુંગા-ટોંગાનો સમાવેશ થાય છે. જે ટોંગાની રાજધાની નુકુ આલોકાથી 65 km ઉત્તરે સમુદ્રતળથી લગભગ 100 મીટર ઉપર સ્થિત છે.
- ✓ આ વિશાળ જ્વાળામુખી લગભગ 1800 મીટર ઊંચો અને 20 km પહોળો છે અને તેના વિસ્ફોટનો ઘેરાવો 260 km છે.
- ✓ વિસ્ફોટથી ટોંગા, ફીજી અને સમોઆમાં ત્સુનામીની સ્થિતિ સર્જાઇ હતી અને U.S. જિઓલોજીકલ મુજબ આ વિસ્ફોટ 5.8 તીવ્રતાની ભૂકંપની તુલના જેટલો હતો.

### ❖ પ્રજાસત્તાક પર્વ 2022ની પરેડમાં ગુજરાતનો ટેબ્લો

- ✓ પ્રજાસત્તાક પર્વ 2022ની પરેડમાં ગુજરાતના ટેબ્લો તરીકે સાબરકાંઠા જિલ્લાના પાલ દઢવાવ આદિવાસીઓનો સ્વાતંત્ર્ય સંગ્રામ દર્શાવાશે.
- ✓ ભીલોના ગાંધી તરીકે ઓળખાતા મોતીલાલ તેજાવતની આગેવાનીમાં 7 માર્ચ, 1922ના રોજ આ સંગ્રામમાં 1200 આદિવાસીઓ શહીદ થયા હતા.

### કરન્ટ ઈન શોર્ટ

- ✓ બ્રિટનમાં BA.2 નામનો ઓમિક્રોનનો સબ વેરિઅન્ટ મળ્યો.
- ✓ ભારતના પૂર્વ ફૂટબોલર અને કોચ સુભાષ ભૌમિકનું નિધન થયું. તેમણે 1970ની એશિયન ગેમ્સનમાં બ્રોન્ઝ મેડલ મેળવનાર ટીમ તરફથી પ્રદાન કર્યું હતું.
- ✓ પ્રજાસતાક દિન સમારોહના સમાપનના પ્રતીક રૂપ 'બીટિંગ ધ સ્ટ્રીટ' સેરેમનીમાં વગાડવામાં આવતી ધૂનોની યાદીમાંથી ગાંધીજીને ગમતું ખ્રિસ્તી ભજન 'અબાઈડ વિથ મી' હટાવાયું.

## 24 જાન્યુઆરી

### ❖ ઈન્ટરનેશનલ એસોસિએશન ઓફ વર્કિંગ વુમન એવોર્ડ સુસ્મિતા સેનને

- ✓ પુર્વ મિસ યુનિવર્સ સુસ્મિતા સેને આ એવોર્ડ જીત્યો છે.
- ✓ તેમના એક શો 'આર્યા 2'માં કરાયેલા તેમના અભિનય માટે આ સન્માન અપાયું.
- ✓ આ પુરસ્કાર DC સાઉથ એશિયન ફિલ્મ ફેસ્ટિવલ (OCSAFF) દ્વારા આપવામાં આવે છે.
- ✓ DCSAFFમાં ભારત, પાકિસ્તાન, નેપાળ, કેનેડા, વગેરેની ફિલ્મો બતાવાઈ છે.

### ❖ કાકડી અને ખીરા (ચિભડા)ના નિકાસમાં ભારત વિશ્વમાં પ્રથમ

- ✓ ભારતે વર્ષ 2020-21માં 114 બિલિયન અમેરિકી ડોલરના મૂલ્ય સાથે 1,23,000 મેટ્રિક ટનથી પણ વધુ કાકડી અને ખીરા (ચીભડા)ની નિકાસ કરી.
- ✓ હાલમાં અમેરિકા, ફ્રાન્સ, જર્મની, ઓસ્ટ્રેલિયા, સ્પેન, દ. કોરિયા, કેનેડા, જાપાન, રશિયા અને ચીન સહિત 20થી વધુ દેશોમાં નિકાસ થાય છે.

❖ **સૈયદ મોદી અંતરરાષ્ટ્રીય બેડમિન્ટન ખિતાબ**

- ✓ ઈશાન ભટનાગર અને તનીષા ક્રોસ્ટોએ સૈયદ મોદી અંતરરાષ્ટ્રીય બેડમિન્ટનમાં મિશ્રિત યુગલ ખિતાબ જીત્યા.
- ✓ તેમણે ફાઈનલમાં ટી હેમા નાગેંદ્ર બાબુ અને શ્રીવૈધ ગુરજાદાને 21-16, 21-12થી હરાવ્યા.

❖ **'પ્રજાસતાક દિનની ઉજવણીમાંથી દૂર કરાયું 'અબાઈડ વીથ મી'**

- ✓ આ ગીત 1847માં સ્કોટિશ એંગ્લિકન કવિ અને ભજન વિજ્ઞાની હેનરી ફ્રાંસિસ લિટે દ્વારા લખાયું હતું અને 1950થી તે બીટિંગ રિટ્રીટ સમારોહનો હિસ્સો હતો.
- ✓ આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગ રૂપે ભારતીય ગીતો જ વગાડવાના નિર્ણયના કારણે તેને દૂર કરાયું.
- ✓ આ ગીતના સ્થાને હવે 'એ મેરે વતન કે લોગો' ગીત વગાડાશે.

❖ **આપદા પ્રબંધન પુરસ્કાર 2022**

- ❖ GIMD (Gujarat Institute of Disaster Management) ગુજરાત રાજ્યની સંસ્થા છે તેને આ પુરસ્કાર આપવામાં આવ્યો છે.
- ❖ આ પુરસ્કારને 'સુભાષચંદ્ર બોઝ આપદા પ્રબંધન પુરસ્કાર' (આપતિ નિવારણ) તરીકે ઓળખવામાં આવે છે.
- ❖ આપતિ નિવારણ ક્ષેત્રે વ્યક્તિ અથવા સંસ્થાએ કરેલા ઉત્કૃષ્ટ કામને બિરદાવવા માટે આ પુરસ્કાર આપવામાં આવે છે.

❖ **નેતાજી સુભાષ ચંદ્ર બોઝ આંતરરાષ્ટ્રીય હવાઈ મથકને દંડ**

- ✓ DGCAએ કોલકાતાના નેતાજી સુભાષ ચંદ્ર બોઝ આંતરરાષ્ટ્રીય હવાઈ મથકને 20 લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો.
- ✓ DGCA - The Directorate General of Civil Aviation.
- ✓ DGCA દ્વારા થયેલા ઓડિટ મુજબ રન વેની જાળવણી કામગીરીમાં ગંભીર સલામતીના ધોરણોનું ઉલ્લંઘન જોવા મળતાં આ દંડ કરાયો.
- ✓ સૌથી ગંભીર બાબત આ રિપોર્ટમાં રન વે પરની લાઈટ બાબતનો હતો જે યોગ્ય રીતે પ્રકાશિત ન હોઈ દુર્ઘટનાની સંભાવનાઓને આમંત્રિત કરે છે.

❖ **નેશનલ રજિસ્ટ્રેશન ઓફ લાર્જ ડેમ રિપોર્ટ: ગુજરાત ત્રીજા સ્થાને**

- ✓ ચોમાસામાં ભારે વરસાદના કારણે આવતા પૂર અને ભૂકંપની સ્થિતિને ધ્યાને લઈ દેશનાં 5745 જળાશયોની સુરક્ષાને ધ્યાને રાખી કેન્દ્ર સરકારે બિલ પાસ કર્યું હતું.
- ✓ કુલ 20 સદસ્યો જેમાં 10 કેન્દ્ર સરકારના 7 રાજ્ય સરકારના અને 3 નિષ્ણાતોની ટીમે આ રિપોર્ટ તૈયાર કરવા અંગે કામ કર્યું.
- ✓ રિપોર્ટ અનુસાર દેશનાં 5745 પૈકી 632 જળાશયો (11%) ગુજરાતમાં હોવા સાથે મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર બાદ જળાશયોની સંખ્યામાં ગુજરાત ત્રીજા સ્થાને છે.
- ✓ મહારાષ્ટ્રમાં 2394 અને મધ્યપ્રદેશમાં 906 જળાશય છે.
- ✓ સમિતિના નિર્દેશાનુસાર 30 મીટરથી વધુ ઊંચાઇ ધરાવતાં જળાશયો પર ભૂકંપ મથક કેન્દ્રો અને 15 મીટરથી વધુ ઊંચાં જળાશયો પર મોસમ કેન્દ્રો બનાવાશે.
- ✓ કુલ 5745 પૈકી 70 મહત્વનાં જળાશયો જાહેર કરાયાં જેમાં ગુજરાતનાં 4 જળાશયો (1) કરજણ ડેમ (2) ઉકાઈ ડેમ (3) કડાણા ડેમ (4) સરદાર સરોવર ડેમનો સમાવેશ થાય છે.

❖ **24 જાન્યુઆરી: National Girl Child Day (રાષ્ટ્રીય બાલિકા દિવસ)**

- ✓ વર્ષ 2008થી દર વર્ષ 24 જાન્યુઆરીએ આ દિવસ ઉજવવામાં આવે છે.
- ✓ મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા આ દિવસે સમારોહનું આયોજન કરવામાં આવે છે.
- ✓ આ દિવસની ઉજવણીનો ઉદ્દેશ્ય નાની છોકરીઓના અધિકારો બાબતે જાગૃતિ લાવવાનો અને ભારતીય સમાજમાં તેમની સાથેની અસામતાને દૂર કરવાનો છે.

## કરન્ટ ઇન શોર્ટ

- ✓ માઈક્રોસોફ્ટ ઈથેનોલથી ઉડતા પ્લેન માટે જ્યોર્જિયામાં લૈંજાજેટ ફેસિલિટીમાં રૂ. 370 કરોડનું રોકાણ કરશે.
- ✓ ન્યુઝીલેન્ડમાં ઓમિક્રોનના વધતા સંક્રમણને પગલે લેવાયેલા નિર્ણયોમાં PM જેશિકા આર્ડેને પોતાના જ લગ્નને બંધ રાખવાનો નિર્ણય કર્યો.
- ✓ મણીપુરના યુવાન થૌનૌજામ નિરંજોય સિંહે પોતાની આંગળીઓના ટેરવા પર 1 મિનિટમાં 109 પુશ અપ્સ કરી પોતાનો જ 105 પુશ અપ્સનો રેકોર્ડ તોડ્યો.
- ✓ ઝારખંડના ચાઈબાસામાં અલગ દેશ 'કોલ્હાનની માંગ કરવામાં આવી.
- ✓ તમિલનાડુના 125 વર્ષ જૂના ભગવાન મુરૂગન મંદિરમાં કુંભ અભિષેક ઉત્સવ ઉજવાયો. આ દરમિયાન ભગવાન શિવના પુત્ર કાર્તિકેયનો અભિષેક કરાયો. દ. ભારતમાં કાર્તિકેય ભગવાનને મરૂગનના નામે ઓળખવામાં આવે છે.
- ✓ ટોંગા જ્વાળામુખી વિસ્ફોટના પગલે પેરૂના 21 સમુદ્રતટ પર 6000 બેરલ ઓઈલ દરિયામાં લીક થતા પેરૂ સરકારે પર્યાવરણીય દુર્ઘટના જાહેર કરી.

- ✓ 24 જાન્યુઆરી: આંતરરાષ્ટ્રીય શિક્ષા દિવસ. થીમ - ‘ચેન્જિંગ કોર્સ, ટ્રાન્સફોર્મિંગ એજ્યુકેશન’.

## 25 જાન્યુઆરી

### ❖ 2021 ICC પુરસ્કાર વિજેતાઓની ઘોષણા

- ✓ ICC વિમેન્સ ક્રિકેટર ઓફ ધ યર માટે રેચલ હેહો ફ્લિંટ ટ્રોફી સ્મૃતિ માંધાના (ભારત)ને અપાઈ.
- ✓ ICC મેન્સ T20 ક્રિકેટર ઓફ ધ યર પુરસ્કાર મોહમ્મદ રિઝ્વાન (પાકિસ્તાન)ને અપાયો.
- ✓ ICC વિમેન્સ T20 ક્રિકેટર ઓફ ધ યર પુરસ્કાર ટૈમી બ્યુમોંટ (ઇંગ્લેન્ડ)ને અપાયો.
- ✓ ICC અમ્પાયર ઓફ ધ યર પુરસ્કાર મરાઈસ ઈરૈસ્મસને અપાયો.
- ✓ ICC ઈમર્જિંગ મેન્સ ક્રિકેટર ઓફ ધ યર યાનેમન મલાન (દ. આફ્રિકા)ને અપાયો.
- ✓ ICC ઈમર્જિંગ વિમેન્સ ક્રિકેટર ફાતિમા સના (પાકિસ્તાન)ને અપાયો.
- ✓ ICC વિમેન્સ વન્ડે ક્રિકેટર ઓફ ધ યર લિલેજ લી (દ. આફ્રિકા)ને અપાયો.
- ✓ ICC મેન્સ ODI ક્રિકેટર ઓફ ધ યર બાબર આઝમ (પાકિસ્તાન)ને અપાયો.
- ✓ ICC મેન્સ ટેસ્ટ ક્રિકેટર ઓફ ધ યર જો રૂટ (ઇંગ્લેન્ડ)ને અપાયો.

### ❖ ખેતી ક્ષેત્રે ડ્રોનને લોકપ્રિય બનાવવા માટે સરકારે 40-100% સબસિડી જાહેર કરી

- ✓ કેન્દ્રીય કૃષિ મંત્રાલયે ડ્રોનની કૃષિ ક્ષેત્રે ખરીદી માટે માર્ચ 2023 સુધી 40થી 100% સબસિડી આપવાનો નિર્ણય કર્યો.
- ✓ SMAM-Sub Mission on Agricultural Mechanismના નિર્દેશાનુસાર થયેલા સંશોધન મુજબ ખેતી માટે ઉપયોગમાં લેવામાં આવતા ડ્રોનના ખર્ચના 100% અથવા રૂ. 10 લાખ બેમાંથી જે ઓછું હોય તે આપવાની યોજના ઘડવામાં આવી છે.

### ❖ જાપાનના પૂર્વ વડાપ્રધાન શિંજો આબેને નેતાજી પુરસ્કાર 2022

- ✓ નેતાજી રિસર્ચ બ્યુરો દ્વારા શિંજો આબેને નેતાજી પુરસ્કાર 2022થી સન્માનિત કરવામાં આવ્યા.
- ✓ આ સન્માન કોલકાતા ખાતે તેમના વતી દૂત નાકામુરા યુતાકાએ સ્વીકાર્યું હતું.
- ✓ શિંજો આબે 2006થી 2007 અને 2012થી 2020 સુધી જાપાનના વડાપ્રધાન તરીકે રહ્યા હતા.
- ✓ શિંજો આબે જાપાનના ઈતિહાસમાં સર્વાધિક સમય સુધી વડાપ્રધાન રહેનાર વડાપ્રધાન છે.

### ❖ ભારતીય ફિલ્મ કુઝાંગલને DIFFમાં સર્વશ્રેષ્ઠ ફિલ્મ પુરસ્કાર

- ✓ ઢાકા ખાતેના 20મા ઢાકા આંતરરાષ્ટ્રીય ફિલ્મ ઉત્સવ (DIFF)માં આ પુરસ્કાર આપવામાં આવ્યો છે.
- ✓ ફિલ્મના નિર્દેશક પી. એસ. વિનોથરાજ છે.
- ✓ અન્ય પુરસ્કારોમાં જયસૂર્યાને ફિલ્મ 'સની' માટે સર્વશ્રેષ્ઠ અભિનેતા તરીકે સન્માનિત કરાયા.
- ✓ સર્વશ્રેષ્ઠ પટકથા લેખકનો પુરસ્કાર ભારત-બાંગ્લાદેશ ફિલ્મ 'માયર જોંજાલ' માટે ઇન્દ્રનીલ રોય ચૌધરી અને સુજાતા સિન્હાને અપાયો.

❖ **પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાલ પુરસ્કાર-2022 (PMRBP)**

- ❖ વડાપ્રધાન મોદીએ 5થી 18 વર્ષની ઉંમરના બાળકોને બ્લોક ચેન ટેકનિકના ઉપયોગથી આ પુરસ્કારનાં ડિજિટલ પ્રમાણપત્રો આપ્યાં.
- ❖ આ પુરસ્કાર 'બાલ શક્તિ પુરસ્કાર' અને 'બાલ કલ્યાણ પુરસ્કાર' એમ બે શ્રેણીમાં આપવામાં આવ્યા છે.
- ❖ વર્ષ 2022માં 29 બાળકોને આ પુરસ્કાર અપાયો જેમાં દરેકને એક મેડલ અને રૂ. 1 લાખનું રોકડ ઈનામ આપ્યું.
- ❖ ગુજરાતના અન્વી વિજય ઝાંઝરૂકિયાને રમત ક્ષેત્રમાં આ પુરસ્કાર અપાયો.
- ❖ આ પુરસ્કાર ઈનોવેશન 7, સોસિયલ સર્વિસમાં 4 રમત ક્ષેત્રમાં 8, કલા અને સંસ્કૃતિમાં 6, બહાદુરીમાં 3, શિક્ષણમાં 1 એમ અપાયા.

❖ **25 જાન્યુઆરી: રાષ્ટ્રીય મતદાર દિવસ**

- ✓ રાષ્ટ્રીય મતદાર દિવસ દર વર્ષે 25 જાન્યુઆરીએ દેશભરમાં મનાવાય છે
- ✓ 25 જાન્યુઆરી 1950ના રોજ ભારતના ચૂટણી પંચની સ્થાપના કરવામાં આવી હતી.
- ✓ આ દિવસની યાદ રૂપે 25 જાન્યુઆરી રાષ્ટ્રીય મતદાર દિવસ ઉજવાય છે.
- ✓ વર્ષ 2022ની થીમ '- મેકિંગ ઇલેક્શન્સ ઇન્ક્લૂસિવ એક્સેસિબલ એન્ડ પાર્ટીસિપેટીવ.
- ✓ આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ્ય લોકતંત્રને વધુ સુદ્રઢ બનાવવા માટે મતદારોમાં જાગૃતિ લાવવા અને ચૂંટણી પ્રક્રિયામાં સક્રિય ભાગીદારી માટે, ખાસ કરીને યુવા નાગરિકોને પ્રોત્સાહિત કરવાનો છે.

❖ **25 જાન્યુઆરી: National Tourism Day (રાષ્ટ્રીય પર્યટન દિવસ)**

- ✓ પર્યટનના સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક મૂલ્યો વિશે વૈશ્વિક સમુદાયો વચ્ચે જાગ્રુતિ લાવવા માટે આ દિવસ મનાવવામાં આવે છે.
- ✓ વર્ષ 2022ની થીમ - 'રૂરલ એન્ડ કમ્યુનિટી સેંટ્રિક ટુરિઝ્મ'.

**કરન્ટ ઈન શોર્ટ**

- ✓ સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાર્મેન્ટ દ્વારા જાહેર કરેલા અહેવાલ અનુસાર ગુજરાત અને મહારાષ્ટ્રની 15 ઔદ્યોગિક નગરીમાં અંકલેશ્વર GIDC સૌથી ટોચ (AQI-408) પર.
- ✓ સરોગસી રેગ્યુલેશન એક્ટ અનુસાર મહિલા જીવનમાં એક જ વખત સરોગેટ મધર બની શકશે. બીજી વખત સરોગસી પર રૂ. 10 લાખનો દંડ થશે સાથે જ 36 મહિનાનો વીમો પણ ફરજિયાત બનાવાયો.
- ✓ પાકિસ્તાનમાં આયશા મલિકે દેશનાં પ્રથમ મહિલા સુપ્રીમ કોર્ટના જજ તરીકે શપથ ગ્રહણ કર્યા.
- ✓ 25 જાન્યુઆરી: હિમાલય પ્રદેશ સ્થાપના દિવસ (1971 - 18મું રાજ્ય)
- ✓ એરટેલે મહારાષ્ટ્રમાં 21 mwનો સોલાર પાવર પ્લાન્ટ શરૂ કર્યો.

## 26 જાન્યુઆરી

### ❖ હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રીએ 'અપના કાંગડા' એપ લોન્ચ કરી

- ✓ હિમાચલ પ્રદેશના CM જયરામ ઠાકુરે આ એપ લોન્ચ કરી છે.
- ✓ આ એપ કાંગડા જિલ્લામાં આવનાર પ્રવાસીઓને અલગ અલગ સ્થળોએ ફરવા અંગેની માહિતી પ્રદાન કરશે.
- ✓ એપની મદદથી સ્વસહાય જૂથોના ઉત્પાદનોના વેચાણ માટે ઈ-માર્કેટિંગ પ્લેટફોર્મ પર ઊભું કરવામાં આવશે જે સ્થાનિક રોજગારીમાં વધારો કરશે.

### ❖ કેરળમાં દેશનું પ્રથમ ગ્રાફીન ઈનોવેશન સેન્ટર સ્થપાશે

- ✓ ડિજિટલ યુનિવર્સિટી કેરળ, CMET-ત્રિચુર સાથે મળીને ગ્રાફીન માટે ઈન્ડિયા ઈનોવેશન સેન્ટરની સ્થાપના કરશે.
- ✓ ગ્રાફીન એ વિશ્વની સૌથી પાતળી અને મજબૂત વસ્તુ છે જે સારી રાસાયણિક સ્થિરતા, ઉચ્ચ વિદ્યુત વાહકતા અને વિશાળ સપાટી વિસ્તાર ધરાવે છે.
- ✓ ગ્રાફીનના વિદ્યુત અને ઈલેક્ટ્રોનિક ગુણધર્મોને કારણે સ્માર્ટફોનમાં OLED (ઓર્ગેનિક લાઈટ એમિટિંગ ડાયોડ) તરીકે સ્થાપિત કરી શકાશે તથા 2D ચીજવસ્તુઓ બાયોમેડીકલ, સંરક્ષણ, ઊર્જા જેવાં ક્ષેત્રોમાં પણ પ્રગતિ લાવી શકાશે.

### ❖ વિનોદાનંદ ઝા PMLAના અધ્યક્ષ નિયુક્ત

- ✓ PMLA - Prevention of Money Laundering Act.
- ✓ વિનોદાનંદ ઝા વર્ષ 2018થી PMLA માં ફાયનાન્સ અને એકાઉન્ટ સભ્ય તરીકે કાર્યરત હતા.

✓ PMLA એ મની લોન્ડરિંગ હેઠળ જાહેર થયેલા કેસોના નિર્ણય લેવા અને તપાસ કરવા માટે ત્રણ સભ્યોની સમિતિની રચના કરવામાં આવી છે.

❖ **IT મંત્રાલયે ભારતમાં ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રે માટે પાંચ વર્ષનો રોડમેપ જાહેર કર્યો**

❖ ઈલેક્ટ્રોનિકસ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલયે USD 300 BN Sustainable Electronics Manufacturing & export by 2026 નામથી પાંચ વર્ષનો રોડમેડ બહાર પાડ્યો.

❖ રોડમેપ અનુસાર ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેકચરિંગ ક્ષેત્રે ભારતે USD 75 બિલિયનને વધારીને USD 300 બિલિયન કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે.

❖ રોડમેપ અનુસાર મોબાઈલ ફોન, આઈટી હાર્ડવેર, ટીવી, ઈલેક્ટ્રોનિકસ ઉપકરણો વગેરેનું ઉત્પાદન કરવામાં આવશે.

❖ **શુબીરા પ્રસાદનું નવું પુસ્તક 'ધ એન્જલ ઓફ કૈલાશ'**

✓ શિક્ષણવિદ, લેખક અને જ્યોતિષી શુબિરા પ્રસાદે માનવો અને રાક્ષસો વચ્ચેના યુદ્ધની ટ્રાયોલોજીમાં તેમનું બીજું પુસ્તક બહાર પાડ્યું છે.

✓ આ પુસ્તકમાં તેમણે મહિલા યોદ્ધાઓને પ્રાધાન્ય આપ્યું છે તથા તેણે હિંદુ પૌરાણિક કથાઓ મુજબ માં દુર્ગાને સૌથી મહાન યોદ્ધા કહ્યાં છે.

✓ તેમનાં આ પુસ્તકોની શ્રેણીમાં ત્રીજું પુસ્તક 'THE Kumbh Conspiracy' એ અંતિમ આવનારું પુસ્તક હોવાની વાત કરી છે.

❖ **939 પોલીસ કર્મચારીઓને પ્રજાસત્તાક દિવસે વીરતા પુરસ્કાર અપાયો**

✓ જમ્મુ-કાશ્મીરના પોલીસ કર્મીઓને અપાયેલા આ પુરસ્કારમાં 115 જેટલા પોલીસ જવાનોનો સમાવેશ થયો છે જે વર્ષ 2022માં સૌથી વધુ પુરસ્કાર મેળવનારું રાજ્ય બન્યું છે.

✓ આ ઉપરાંત CRPFને 30, છતીસગઢને 10, ઓડિશાને 9 અને મહારાષ્ટ્રને 7 પુરસ્કારો મળ્યા છે.

## કરન્ટ ઈન શોર્ટ

✓ 26 જાન્યુઆરી ગણતંત્ર દિવસની પરેડમાં 16 અલગ અલગ માર્ચ અને 21 અલગ અલગ ટેબ્લો જોવા મળ્યા.

✓ 73મા પ્રજાસત્તાક દિવસની રાજ્યકક્ષાની ઉજવણી (26 જાન્યુઆરી) ગીર સોમનાથ જિલ્લા ખાતે કરવામાં આવી.

✓ રાષ્ટ્રધ્વજનો ખોટો ઉપયોગ કરવાની બાબતને ધ્યાને રાખી મધ્યપ્રદેશમાં એમેઝોન સામે કેસ દાખલ કરવાનો આદેશ.

✓ IMF (ઈન્ટનેશનલ મોનેટરી ફંડ) વર્ષ 2022 માટે ભારતની GDPનો ગ્રોથ 9% અંદાજ્યો.

- ✓ મેટા (ફેસબુક) આવનારા સમયમાં A1 સુપર ક્લસ્ટર (સુપર કમ્પ્યુટર) બનાવશે.
- ✓ IPLમાં લખનૌની ટીમ લખનૌ સુપર જાયન્ટ્સ તરીકે ઓળખાશે.
- ✓ 26 જાન્યુઆરી.:- International સીમા શુલ્ક દિવસ. વર્ષ 2022ની થીમ - સ્કેલિંગ અપ કસ્ટમ્સ ડિજિટલ ટ્રાન્સફોર્મેશન બાય એમ્બ્રેસિંગ અ ડેટા કલ્ચર એન્ડ બિલ્ડિંગ અ ડેટા ઈકોસિસ્ટમ.
- ✓ કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી ડો. મનસુખ માંડવિયાએ MYCGHS (CGHS - સેન્ટ્રલ ગવર્નમેન્ટ હેલ્થ સ્કિમ) મોબાઈલ એપ લોન્ચ કરી.

## 27 જાન્યુઆરી

### ❖ પદ્મ પુરસ્કાર

- ✓ ભારત સરકારે ચાર પદ્મવિભુષણ, 17 પદ્મભુષણ અને 107 પદ્મશ્રી માટેનાં નામો જાહેર કર્યાં.
- ✓ દેશના પ્રથમ CDS બિપિન રાવત (મરણોપરાંત) મહારાષ્ટ્રના પ્રભા અત્રે (કળા), ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી કલ્યાણસિંહ (જાહેર સેવા) રાધે શ્યામ ખેમકા (સાહિત્ય અને શિક્ષણ) એમ ચારને દેશનું બીજું સર્વોચ્ચ નાગરિક સન્માન પદ્મવિભુષણ અપાયું.
- ✓ **7 ગુજરાતીઓ જેમને પદ્મ પુરસ્કાર મળ્યા**

  (1) સ્વામી સચ્ચિદાનંદ (સાહિત્ય શિક્ષણ) - પદ્મભુષણ

  (2) ડો. લતા દેસાઈ (મેડિસિન ક્ષેત્ર) - પદ્મશ્રી

  (3) ખલીલ ધનતેજવી (સાહિત્ય શિક્ષણ) - પદ્મશ્રી (મરણોપરાંત)

  (4) માલજી દેસાઈ (જાહેર સેવા) - પદ્મશ્રી

  (5) સવજી ધોળકીયા (સામાજિક સેવા) - પદ્મશ્રી

  (6) જયંત વ્યાસ (સાયન્સ એન્ડ એન્જિ.) - પદ્મશ્રી

  (7) રમિલા ગામીત (સામાજિક ક્ષેત્ર) - પદ્મશ્રી
- ✓ **17 લોકો જેમને મળ્યો પદ્મભુષણ**

  (1) ગુલાબનબી આઝાદ (રાજકારણ) - જમ્મુ-કાશ્મીર

  (2) વિકટર બેનરજી (કલા) - પ. બંગાળ

  (3) ગુરમીત બાવા (કલા) - પંજાબ

  (4) બુદ્ધદેવ ભટ્ટાચાર્ય (રાજકારણ) - પ. બંગાળ

  (5) નટરાજન ચંદ્ર શેખરન (વેપાર ઉધોગ) - મહારાષ્ટ્ર

  (6) ક્રુષ્ણ એલા, સુચિત્રા એલા (વેપાર ઉધોગ) - તેલંગણા



Crack GPSC

(7) મધુર જાફરી (રસોઇ કળા) - અમેરિકા
(8) દેવેન્દ્ર ઝાઝરિયા (સ્પોર્ટસ) - રાજસ્થાન
(9) શશિદ ખાન (કળા) - ઉત્તરપ્રદેશ
(10) રાજીવ મહર્ષિ (સિવિલ સર્વિસ) - રાજસ્થાન
(11) સત્યા નદેલા (વેપાર ઉધોગ) - અમેરિકા
(12) સુંદર પિચાઇ (વેપાર ઉધોગ) - અમેરિકા
(13) સાઇરસ પુનાવાલા (વેપાર ઉધોગ) - મહારાષ્ટ્ર
(14) સંજય રાજારામ (સાયન્સ એન્જી.) - મેક્સિકો (મરણોપરાંત)
(15) પ્રતિભા રાય (સાહિત્ય શિક્ષણ) - ઓડિશા
(16) સ્વામી સચ્ચિદાનંદ (સાહિત્ય શિક્ષણ) - ગુજરાત
(17) વશિષ્ઠ ત્રિપાઠી (સાહિત્ય શિક્ષણ) - ઉત્તર પ્રદેશ

❖ **ફિલ્મ 'જય ભીમ' અને 'મરાક્કર' ઓસ્કાર 2022 માટે નામાંકિત**

✓ એકેડમી ઓફ મોશન પિકચર્સ આર્ટસ એન્ડ સાયન્સ જે ઓસ્કાર પુરસ્કારનું આયોજન કરે છે તેણે વર્ષ 2022 માટે 276 ફિલ્મોની યાદી જાહેર કરી છે.

✓ તમિલ લીગલ ડ્રામા 'જય ભીમ' અને મોહનલાલની મલયાલમ ફિલ્મ 'મરાક્કર અરબીકાદ લંતે સિંઘમ' 94મા ઓસ્કાર માટે નામાંકિત થનારી ફિલ્મો છે.

✓ આ પુરસ્કાર 27 માર્ચ, 2022ના રોજ આપવામાં આવશે.

❖ **ભારતની પ્રથમ મહિલા રાફેલ ફાઇટર જેટ પાઇલટ IAFની ઝાંખીનો ભાગ બની**

✓ દેશની પ્રથમ મહિલા રાફેલ ફાઇટર જેટ પાઇલટ શિવાંગી સિંહ ગણતંત્ર દિવસની પરેડમાં ભારતીય વાયુસેનાની ઝાંખીનો ભાગ બની હતી.

✓ IAFના ટેબ્લોનો ભાગ બનનાર તે માત્ર બીજી મહિલા ફાઇટર જેટ પાઇલટ છે ગયા વર્ષે ફ્લાઇટ લેફ્ટનન્ટ ભાવના કંથ IAFના ટેબ્લોનો ભાગ બનનાર પ્રથમ મહિલા ફાઇટર જેટ પાઇલટ બની હતી.

✓ IAFની આ ઝાંખીની થીમ Indian Air force Transforming for the Future (ભારતીય વાયુ સેના ભવિષ્ય માટે પરિવર્તન) હતી.

❖ **ઓમિક્રોન માટે સ્વદેશી OM-RTPCR ટેસ્ટ કિટ**

✓ CSIR-CDRIના વૈજ્ઞાનિકોએ ઓમિક્રોન વેરિએન્ટના પરીક્ષણ માટે 'ઓમ' નામની સ્વદેશી RT-PCR કિટ વિકસિત કરી છે.

✓ ઓમિક્રોન માટે કોઇ સરકારી સંસ્થાએ બનાવેલ આ પ્રથમ કીટ છે અને તેની કિંમત રૂ. 150 રાખવામાં આવી છે.

✓ આ કિટ બે કલાકના સમયમાં તેનું પરિણામ આપે છે.

- ✓ CSIR - Central Drug Research Institute. (લખનઉ)

## ❖ 'INS ખુકરી' દીવ પ્રશાસનને સોંપ્યું

- ❖ INS ખુકરી ભારતીય નૌકાદળના ખુકરી વર્ગના ક્વોર્ટ્સનું મુખ્ય જહાજ છે અને સ્વદેશી સપાટીથી સપાટી મિસાઇલ માટે ઉપયોગમાં લેવામાં આવતું હતું.
- ❖ મઝાગોન ડોક શિપબિલ્ડર્સ દ્વારા 23 ઓગસ્ટ 1989ના રોજ તેને કાર્યરત કરાયું હતું.
- ❖ 32 વર્ષથી વધુની તમામ પ્રકારની નૌકા દળની સેવા બાદ તેને હવે નિવૃત જાહેર કરાયું છે.

## ❖ નીરજ ચોપરા: પરમ વિશિષ્ટ સેવા મેડલ અને પદ્મશ્રીથી સન્માનિત

- ✓ વર્ષ 2021માં ભારતનો પ્રથમ એથ્લેટિક્સ ગોલ્ડ મેડલ જીતીને નીરજ ચોપરાએ ઈતિહાસ રચ્યો હતો.
- ✓ શૂટર અભિનવ બિન્દ્રા બાદ વ્યક્તિગત ઓલમ્પિકમાં ગોલ્ડ જીતનાર તેઓ બીજા ભારતીય બન્યા.
- ✓ તેમને 2020માં આપેલા રમત ક્ષેત્રના ઉત્કૃષ્ટ પ્રદાનને કારણે તેમને વિશિષ્ટ સેવા પદક (VSM) મળ્યો છે.

## ❖ કર્ણાટક સરકારે સૈન્ય સ્કુલની સ્થાપના કરશે

- ✓ કર્ણાટકના મુખ્યમંત્રી બસવરાજ બોમ્બોઈએ 180 કરોડના ખર્ચે 'સાંગોલી રાયન્ના'ના નામ પર સૈનિક સ્કૂલ સ્થાપિત કરવાની ઘોષણા કરી છે.
- ✓ આ ઘોષણા તેમણે સાંગોલી રાયન્નાની 191મી જયંતી પર તેમને પુષ્પાંજલિ અર્પણ કર્યાની સાથે કરી હતી.

## ❖ 27 જાન્યુઆરી: આંતરરાષ્ટ્રીય પ્રલય સ્મરણ દિવસ

- ✓ International Holocaust Remembrance Day.
- ✓ 1933 અને 1945ની વચ્ચે યુરોપની લગભગ 2/3 યહુદી જન સંખ્યા પ્રલયના કારણે નાશ પામી હતી તે ઘટનાની યાદમાં સંયુક્ત રાષ્ટ્રએ આ દિવસ ઉજવવાની શરૂઆત કરી.
- ✓ 1945માં સોવિયેત આર્મીએ આ દિવસે ઓશવિટ્ઝ કંસં ટ્રેશન કૈપને આઝાદ જાહેર કર્યું તે ઘટનાને પણ આ દિવસ સાથે જોડવામાં આવે છે.
- ✓ વર્ષ 2022ની થીમ - મેમોરી, ડિગ્નિટી એન્ડ જસ્ટિસ.

એક એપ બધી પરીક્ષાઓ
સરકારી નોકરી ની તૈયારી કરો
RFO | TAT | TET | HTAT
ગુજરાતની નં. 1 એપ સાથે
CRACK GPSC
UPSC - GPSC - PI - PSI - Dy.SO/મામલતદાર - બિનસચિવાલય ક્લર્ક - તલાટી - કોન્સ્ટેબલ
76000 51070

**કરન્ટ ઈન શોર્ટ**

- ✓ આંધ્રપ્રદેશ સરકારે 13 નવા જિલ્લાઓની રચનાને મંજૂરી આપી જેનાથી આંધ્રપ્રદેશમાં જિલ્લાઓની સંખ્યા વધીને 26 થશે.
- ✓ ભારત અને ઈઝરાયેલ વચ્ચેના 30 વર્ષના રાજનૈતિક સંબંધોની વર્ષગાંઠને ડેવિડ સ્ટાર (ઈઝરાયલ) અને અશો ક્ચક્ર (ભારત)નાં નિશાનો સાથેનો સ્મારક લોગો લોન્ચ કરાયો.
- ✓ રાષ્ટ્રપતિએ 73મા ગણતંત્ર દિવસે 384 વીરતા પુરસ્કારોની જાહેરાત કરી. જેમાં 12 શૌર્ય ચક્ર, 29 પરમ વિશિષ્ટ સેવા મેડલ, 122 વિશિષ્ટ સેવા મેડલ, 81 સેના મેડલ (વીરતા), 2 વાયુ સેના મેડલ (વીરતા)નો સમાવેશ કર્યો છે.
- ✓ ભારતીય ચૂંટણી પંચની મોબાઈલ એપ 'ગરૂડ'નો સૌથી વધુ ઉપયોગ ગુજરાતમાં થયો.

## 28 જાન્યુઆરી

### ❖ મેકોંગ પ્રદેશમાંથી 224 નવી ભુતિયા વાનર અને સાપની નવી પ્રજાતિઓ જોવા મળી

- ✓ ભૂતિયા વાનરની આંખની આસપાસ સફેદ વર્તુળ હોય છે.
- ✓ આ યાદી વિશ્વ વન્યજીવ કોષ દ્વારા બહાર પાડીને તેને આપ્યું છે.
- ✓ મ્યાનમારમાં લુપ્ત થયેલ માઉન્ટ પોપા જ્વાળામુખી પરથી મળી આવેલ પોવા લંગુર એકમાત્ર નવી સસ્તન પ્રજાતિનો વાંદરો મળી આવ્યો.

### ❖ એસ્સાર UKનું સૌથી મોટું હાઈડ્રોજન હબ બનાવશે

- ✓ એસ્સાર સ્ટેન્લો મેન્યુફેક્ચરિંગ કોમ્પ્લેક્સ ખાતે UKનું સૌથી મોટું હાઈડ્રોજન હબ બનાવવાની જાહેરાત કરી.
- ✓ આ પહેલ એસ્સાર દ્વારા વૈશ્વિક સ્તરે વર્તમાન પોર્ટફોલિયો કંપનીના પરિવર્તન દ્વારા ઊર્જા સંક્રમણમાં રોકાણ કરવા અને નવા સાહસોમાં રોકાણ પર ધ્યાન કેન્દ્રિત કરવા હાથ ધરવામાં આવી છે.
- ✓ UK ખાતે 2026થી બે યુનિટમાં કુલ 1GW પ્રતિવર્ષ હાઈડ્રોજન ઉત્પાદન હાથ ધરાવામાં આવશે.

### ❖ ભારતે ટોંગોને 2 લાખ અમેરિકી ડોલર તાત્કાલિક સહાયની જાહેરાત કરી

- ✓ ભારતે ત્સુનામીથી પ્રભાવિત ટોંગો માટે આ જાહેરાત કરી છે.
- ✓ ભારત અને ટોંગો FIRIC (ફોરમ ફોર ઈન્ડિયા પેસિફિક આઈલેન્ડસ કોઓપરેશન) હેઠળ એકબીજાના ભાગીદાર છે.
- ✓ 15 જાન્યુ. 2022એ આવેલ ત્સુનામીના કારણે ટોંગોના અનેક વિસ્તાર પ્રભાવિત થયા છે.

### ❖ લેખક રસ્કિન બોન્ડનું નવું પુસ્તક 'અ લિટલ બુક ઓફ ઈન્ડિયા'

Crack GPSC

- ✓ રસ્કિન બોન્ડે તેનુ નવું પુસ્તક 'અ લિટલ બુક ઓફ ઈન્ડિયા: સેલિબ્રેટિંગ 75 યર્સ ઓફ ઈન્ડિપેન્ડન્ટ્સ' લખ્યું.
- ✓ આ પુસ્તક PRH1 પેંગ્વિન રેંન્ડમ હાઉસ ઈન્ડિયાએ પ્રકાશિત કર્યું છે.
- ✓ રસ્કિન બોન્ડને સાહિત્ય અકાદમી પુરસ્કાર સાહિત્ય અકાદમી બાલ પુરસ્કાર, પદ્મશ્રી, પદ્મભુષણ, સહિતના પુરસ્કારો અપાયા છે.

**❖ જેમ્સ વેબ સ્પેસ ટેલિસ્કોપ તેના અંતિમ લક્ષ્યાંક પર પહોંચ્યું**

- ❖ ટેલિસ્કોપ કોસ્મિક પાર્કિંગ સ્થળે જે પૃથ્વીથી 10 લાખ માઈલ દૂર છે ત્યાં પહોંચ્યું જેને લાંગ્રાન્જ બિંદુ L2 તરીકે ઓળખવામાં આવે છે.
- ❖ ટેલિસ્કોપ બિગબેંગ થિયરી આધારિત બનનાર આકાશગંગાઓની પ્રથમ પેઢી (13.5) અરબ વર્ષ અગાઉ વિશેનો માહિતી એકઠી કરવાનું કામ હાઈ રિઝોલ્યુશન ઈન્ફ્રારેડ ઉપકર્ણોની મદદથી કરશે.

**❖ ડો. મનસુખ માંડવિયાએ NIPER રિસર્ચ પોર્ટલ લોન્ચ કર્યું**

- ✓ NIPER - નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ.
- ✓ આ પોર્ટલ ફાર્મા ક્ષેત્રના સંશોધન અને જાણકારી પ્રકાશિત કરવાના ઉદ્દેશ્યથી બનાવવામાં આવ્યું છે.

**❖ તામિલનાડુ સત્યમંગલમ ટાઈગર રિઝર્વે TX2 પુરસ્કાર જીત્યો**

- ✓ તામિલનાડુના સત્યમંગલ ટાઈગર રિઝર્વે 2010થી વાઘની સંખ્યામાં કરેલા બમણા વધારાને કારણે આ એવોર્ડ મળ્યો.
- ✓ આ રિઝર્વ તમિલનાડુના ઈરોડ જિલ્લામાં સ્થિત છે અને 1408 વર્ગ કિ.મી.માં 80 વાઘની વસ્તી જોવા મળે છે.
- ✓ જંગલી વાઘની સંખ્યા બમણી કરવા બદલ નેપાળ બાર્દીયા રાષ્ટ્રીય ઉદ્યાનને પણ આ પુરસ્કાર અપાયો છે.

**❖ 28 જાન્યુઆરી: લાલા લજપતરાયની 157મી જયંતી**

- ✓ લાલા લજપત રાયનો જન્મ 1865માં પંજાબના લુધિયાણા જિલ્લમાં થયો હતો.
- ✓ તેઓ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ, હિંદુ મહાસભા, હિંદુ સુધાર આંદોલન અને આર્ય સમાજના નતૃત્વમાં ભારતની આઝાદી માટે સક્રિય રહ્યા હતા.
- ✓ લાલ-બાલ-પાલની ત્રિપુટીઓમાંના તેઓ એક હતા અને તેમને 'પંજાબ કેસરી' અને 'પંજાબ શેર'ની ઉપાધિ મળી હતી.

**કરન્ટ ઈન શોર્ટ**

- ✓ મિઝોરમના આઈઝોલ જિલ્લાનું મૌબુઆંગ ગામ ODF પ્લસ (ખુલ્લામાં શૌચ મુકત) પ્રથમ ગામ જાહેર થયું. ગામમાં 116 ઘરોમાં થઈને 649 લોકોની વસ્તી છે
- ✓ ભારતીય મુક્કેબાજ સરજુબાલા દેવીએ મુજતબા કમાલ અને ગ્રાસરૂટ બોક્સિંગ પ્રમોશન એન્ડ મેનેજમેન્ટ સાથે સમજૂતી કરી.

## 29 જાન્યુઆરી

### ❖ ભારત-ફિલિપાઈન્સ વચ્ચે બ્રમ્હોસ મિસાઈલ માટે $ 375 મિલિયનનો કરાર

- ✓ ભારતે ફિલિપાઈન્સની નૌ સેનાને બ્રમ્હોસ સુપર સોનિક એન્ટી-શિપ ક્રુઝ મિસાઈલ આપવા માટે આ કરાર કર્યો.
- ✓ બ્રમ્હોસ એ ભારત અને રશિયાનું સંયુક્ત સાહસ છે અને બ્રમ્હોસ એરોસ્પેસ દ્વારા તે બનાવવામાં આવે છે.
- ✓ આ મિસાઈલ સબમરિન, જહાજ, વિમાન અને જમીન પરથી દાગી શકાય છે.

### ❖ એર એશિયાએ પોતાનું નામ બદલીને કેપિટલ A કર્યું

- ✓ મલેશિયાના એર એશિયા ગૃપ BHDએ આ નવું નામકરણ કર્યું છે.
- ✓ છેલ્લા 2 વર્ષની COVID સ્થિતિમાં આવકમાં થયેલા ઘટાડાને ધ્યાને રાખી એરલાઈન્સ કંપનીનો આવકમાં વધારો કરવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.
- ✓ કેપિટલ A વિમાની સેવા સાથે અન્ય ડિજિટલ પેમેન્ટ ક્ષેત્રના પ્લટફોર્મ પર પણ કામ કરીને આવકનો સ્ત્રોત ઉભો કરે છે.
- ✓ કેપિટલ Aના મુખ્ય અધિકારી - ટોની ફર્નાન્ડિસ.

### ❖ ઓમિક્રોન 21 કલાકથી વધુ સમય સુધી ત્વચા પર જીવિત રહે છે

- ✓ જાપાનની ક્યોટા પ્રીફેક્ચુરલ યુનિવર્સિટી ઓફ મેડિસિનના શોધકર્તાઓએ કરેલા અવલોકનમાં આ માહિતી આપી.
- ✓ ઓમિક્રોન પ્લાસ્ટિક સપાટી પર 8 દિવસથી વધુ સમય માટે જીવિત રહે છે.

### ❖ ડિજિટલ સંસદ એપ

- ❖ ભારતીય સંસદે ડિજિટલ સંસદ એપ લોન્ચ કરી છે.
- ❖ આ એપથી સાંસદની કાર્યવાહીમાં સાનુકૂળતા તથા સંસદ સભ્યોને વ્યક્તિગત અપડેટની માહિતી પહોંચાડવામાં આવશે.
- ❖ આવનારા ભવિષ્યમાં એપની મદદથી સંસદની પ્રશ્ન કાળની કાર્યવાહીના પ્રશ્નો તેમાં સીધા જ પૂછી શક્શે અને કોઇ પણ બાબત અંગે એપની મદદથી નોટિસ આપી શકાશે.

### ❖ FAARMS અને રિલાયન્સ જનરલ ઈંશ્યોરન્સ વચ્ચે કરાર

- ✓ એગ્રીટેક સ્ટાર્ટ અપ FAARMSએ પોતાની મોબાઈલ એપની મદદથી ગ્રામીણ જનતાને સ્વાસ્થ્ય વીમો આપવાના વીમો આપવાના ઉદ્દેશ્યથી રિલાયન્સ સાથે આ સમજૂતી કરી છે.
- ✓ FAARMS હાલ પંજાબ, હરિયાણા, ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ, રાજસ્થાન, ગુજરાત અને મધ્યપ્રદેશમાં કાર્યરત છે.
- ✓ યોજના હેઠળ પશુઓનો સ્વાસ્થ્ય વીમો પણ આવરી લેવામાં આવ્યો છે.

### ❖ India's Women Unsung Heroes કોમિક પુસ્તક

- ✓ કેન્દ્રીય સંસ્કૃતિ રાજ્યમંત્રી મિનાક્ષી લેખીએ આ પુસ્તકનું વિમોચન કર્યું છે.
- ✓ આ પુસ્તકમાં ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં ભાગ લેનાર અને લોકોથી અજાણ મહિલા સેનાનીઓનું સચિત્ર વર્ણન કરાયું છે.

## કરન્ટ ઈન શોર્ટ

- ✓ ભારતીય મહિલા હોકી ટીમે હોકી મહિલા એશિયા કપમાં ચીનને 2-0થી હરાવી બ્રોન્ઝ મેડલ મેળવ્યો.
- ✓ ASEANની બીજી બેઠકની ભારત સરકારે મંજૂરી આપી જેમાં ચોરી અને નકલી મોબાઈલ હેન્ડ સેટના ઉપયોગ સામે લડવા માટેની પદ્ધતિઓ અંગે ચર્ચા કરાશે.
- ✓ કેન્દ્ર સરકારે ઈઝરાયેલના ટેકનિકલ સહયોગથી 12 રાજ્યોનાં 150 ગામોને 'ઉત્કર્ષ ગામ'માં બદલવાનો નિર્ણય કર્યો.
- ✓ IIT જોધપુરના સંસોધનકર્તાઓએ A1 આધારિત કોવિડ પ્રભાવિત ફેફસાં અને સામાન્ય ફેફસાં વચ્ચેના અંતર માટે છાતીના X-RAYને પ્રતિબિંબિત કરતી ટેકનિક શોધી COMIT-NET નામ આપ્યું જે 96.80% સુધીની સચોટ માહિતી આપે છે.
- ✓ સ્વદેશી ટેક્નોલોજીથી બનાવાયેલ લાઈટ હેલિકોપ્ટર (ALH)MK-3ને INS ઉત્ક્રોસમાં સામેલ કરાયું. જેને હિંદુસ્તાન એરોનોટિક્સ દ્વારા બનાવવામાં આવ્યું છે.
- ✓ જામનગરના મરીન નેશનલ પાર્ક નજીકના પીરોટન ટાપુ (પ્રાકૃતિક શિક્ષણ માટે જાણીતું)ની મુલાકાત માટે દર માસની છઠ, સાતમ, આઠમની તિથિઓઓ ભરતી ઓટના ટાઈમીંગને ધ્યાને રાખીને જાહેર કરવામાં આવી.
- ✓ વીજ ક્ષેત્રમાં સુધારા લાવવા માટે નાણા મંત્રાલયે રાજસ્થાન (5186 કરોડ) અને આંધ્રપ્રદેશ (2123 કરોડ)ની લોન આપવાની મંજૂરી આપી.

## 30 જાન્યુઆરી

❖ **આર્સેલર મિત્તલ નિપ્પોન સ્ટીલ ઇન્ડીયા ગુજરાતમાં રૂ. 1,66,000 કરોડનું રોકાણ કરશે**

- ✓ આર્સેલર મિત્તલ નિપ્પોન સ્ટીસ ઇન્ડિયાએ અલગ અલગ 6 પરિયોજના હેઠળ રોકાણ કર્યું છે.
- ✓ સુરતના હજીરા ખાતે અગાઉથી જ તેમની પાસે એક સ્ટીલ પ્લાન્ટ કાર્યરત છે.
- ✓ કંપની ગુજરાતમાં સૌર, પવન અને હાઇબ્રીડ વીજ ઉત્પાદનના ક્ષેત્રમાં પણ 40,000 કરોડનું રોકાણ કરશે.

❖ **મિશેલ સ્ટાર્ક પ્રથમ એનલ બોર્ડર મેડલ જીત્યો**

- ✓ બોલર મિશેલ સ્ટાર્ક આ એવોર્ડ મેળવનાર અને એશલે આર્ડનર બેલિન્ડા ક્લાર્ક એવોર્ડ જીતનાર ટોચના સ્વદેશી વ્યક્તિ બન્યા.
- ✓ બંને એવોર્ડ ઓસ્ટ્રેલિયા ક્રિકેટમાં આપવામાં આવતાં ટોચનાં સન્માન છે.
- ✓ સ્ટાર્કને રમતના ત્રણેય ફોર્મેટમાં મજબૂત પ્રદર્શન માટે સન્માનિત કરાયા અને 22 વર્ષમાં આ એવોર્ડ જીતનાર તે પાંચમો બોલર છે.

❖ **સુભાષ ગર્ગનું નવું પુસ્તક 'ધ $10 મિલિયન ડ્રીમ'**

- ✓ પૂર્વ નાણા મંત્રી સુભાષ ગર્ગે આ પુસ્તક લખી લેખકના રૂપમાં પોતાની શરૂઆત કરી.
- ✓ પુસ્તકનો ઉદ્દેશ્ય ભારત સામે રહેલ રાજનૈતિક સ્થિતિ વિશે માહિતગાર કરવાનો અને સાથે સાથે 2030 સુધીમાં $ 10 ટ્રિલિયન અર્થવ્યવસ્થા બનાવવાનાં પગલાં માટેના પ્રસ્તાવો આપવાનો છે.
- ✓ આ પુસ્તક PRHI (પેંગ્વિન રેન્ડમ હાઉસ ઇન્ડિયા)એ પ્રકાશિત કરવાની જહેરાત કરી છે.

❖ **2021માં વૈશ્વિક સોનાની માંગમાં 10%નો વધારો થયો**

- ✓ WGC (વર્લ્ડ ગોલ્ડ કાઉન્સીલ)ના 'ગોલ્ડ ડિમાન્ડ ટ્રેન્ડ્સ 2021'ના રિપોર્ટમાં આ જાણકારી અપાઇ.
- ✓ આ માંગ 10%ના વધારા સાથે 4021 ટન વધીને રહી.
- ✓ વર્ષ 2020માં સોનાની કુલ માંગ 3658.5 ટન રહી હતી.

❖ **નેધરલેન્ડમાં દુનિયાની સૌથી મોટી 'કેનાલ લોક'નું ઉદ્ઘાટન કરાયું**

- ✓ ડચ રાજા વિલેન એલેકઝાન્ડર દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવ્યું.
- ✓ 500 મીટર (1640 ફૂટ) લંબાઇ, 40 મીટર પહોળાઇના સ્લુઇસ એમ્સ્ટરડેમ બંદર સાથે નહેરને જોડતી આ કેનાલ છે.
- ✓ આ યોજના વર્ષ 2016માં શરૂ થઇ હતી અને વર્ષ 2021માં પૂર્ણ થઇ છે.

❖ **વડાપ્રધાન મોદીએ પંડિત જસરાજ કલ્ચરલ ફાઉન્ડેશનની શરૂઆત કરી**

- ✓ વડાપ્રધાને ભારતીય શાસ્ત્રીય ગાયકની 92મી જયંતીના અવસર પર પંડિત જસરાજ સાંસ્કૃતિક ફાઉન્ડેશનનો શુભારંભ કર્યો.
- ✓ ફાઉન્ડેશનની સ્થાપના પંડિત જસરાજના પુત્ર સારંગદેવ અને તેમની પુત્રી દુર્ગા જસરાજે કરી હતી.
- ✓ આ ફાઉન્ડેશન ભારતની રાષ્ટ્રીય વિરાસત, કલા, સંસ્કૃતિનું રક્ષણ, વિકાસ અને પ્રસારનું કામ કરે છે.

❖ **NHRC પ્રતિયોગિતામાં ફિલ્મ 'સ્ટ્રીટ સ્ટુડેન્ટને પ્રથમ પુરસ્કાર**

- ✓ NHRC (નેશનલ હ્યુમન રાઇટ્સ કમિશન) દ્વારા આયોજિત આ સ્પર્ધામાં તેલુગુ લઘુ ફિલ્મ 'સ્ટ્રીટ સ્ટુડન્ટ'ને પ્રથમ પુરસ્કાર મળ્યો.
- ✓ અકુલા સંદિપ રચિત આ ફિલ્મને NHRCની સાતમી એવોર્ડ સેરેમનીમાં 2 લાખ રૂ.નો પુરસ્કાર મળ્યો.
- ✓ રોમી મેઇતેઇની 'કર્ફ્યુ'ને 1.5 લાખ રૂ. સાથે બીજા નંબરનો પુરસ્કાર મળ્યો.
- ✓ નીલેશ આંબેડકરની 'મુધ્યાર'ને 1 લાખ રૂ. સાથે ત્રીજા નંબરનો પુરસ્કાર મળ્યો.

❖ **ભારતના મુખ્ય આર્થિક સલાહકાર તરીકે વી. અનંત નાગેશ્વરનની નિયુક્તિ**

- ✓ તેઓ કૃષ્ણમૂર્તિ સુબ્રમણ્યમનું સ્થાન લેશે.
- ✓ અગાઉ તેઓ ક્રેડિટ સુઇસ ગ્રુપ AG અને જૂલિયસ બેયરગ્રુપના પૂર્વ કાર્યકારી અધ્યક્ષ રહી ચૂક્યા છે.
- ✓ નાણા મંત્રાલયમાં મુખ્ય આર્થિક સલાહકાર (CEA), આર્થિક બાબતોમાં સરકારને સલાહ આપવાનું કામ કરે છે અને કેન્દ્રીય બજેટને રજૂ કરવાના એક દિવસ પહેલાં સંસદમાં આર્થિક સર્વેક્ષણની રિપોર્ટ પ્રસ્તુત કરે છે.

❖ **નાસાએ સુપરસોનિક જેટ એક્સ-59 ક્યુ એસએસટીનું પરીક્ષણ કર્યું**

- ✓ અમેરિકી અંતરીક્ષ એજન્સી નાસાએ સુપરસોનિક જેટ એક્સ-59 ક્યુ એસએસટીનું પરીક્ષણ કર્યું.
- ✓ તેને સન ઓફ કોનકોર્ડ નામ અપાયું છે.
- ✓ આ વિમાન ઘોંઘાટ વગર (સાઉન્ડ પ્રુફ) 1234 કિ.મી. પ્રતિ કલાકની ઝડપે ઉડશે.

❖ **ભારતમાં પ્રથમવાર ગુગલ મેપ પર 'પ્લસ કોડ્સ' નામની સુવિધા લોન્ચ**

- ✓ ગુગલે ભારતમાં પ્રથમવાર ગુગલ મેપ પર 'પ્લસ કોડ્સ' નામની સુવિધા લોન્ચ કરી.
- ✓ આ સુવિધા મુજબ યૂઝર પોતાનું કે અન્ય વ્યક્તિનું લોકેશન જાણી શકશે.
- ✓ પ્લસ કોડ એ ફ્રી ઓપન સોર્સ ડિજિટલ એડ્રેસ છે.

❖ **હોકી ખેલાડી ચરણજીત સિંહનું નિધન**

Crack GPSC

- ✓ પદ્મશ્રી અને અર્જુન એવોર્ડથી સન્માનિત હોકી ખેલાડી ચરણજીત સિંહ (ઉ.92)નું નિધન થયું.
- ✓ તેઓ હિમાચલ પ્રદેશના ઉનાના નિવાસ હતા.
- ✓ 1964માં ટોક્યો ઓલિમ્પિકમાં ગોલ્ડ અને 1960માં રોમ ખાતે ઓલિમ્પિકમાં ભારતીય ટીમને સિલ્વર મેડલ અપાવ્યો હતો.

### ❖ TCS અમેરિકાની દુનિયાની બીજા નંબરની IT કંપની બની

- ✓ ગ્લોબલ બ્રાન્ડ વેલ્યુએશન કન્સલ્ટન્સી બ્રાન્ડ ફાયનાન્સના રિપોર્ટ અનુસાર ભારતની દિગ્ગજ IT કંપની TCS અમેરિકાની IBM (International Business Machine)ને પાછળ રાખી 42% લીડ સાથે દૂનિયાની બીજા નંબરની IT કંપની બની.
- ✓ અમેરિકાની એસેન્ચર આ યાદીમાં પ્રથમ સ્થાને અને ભારતની જ બીજી કંપની ઇન્ફોસીસ ત્રીજા સ્થાને.

### ❖ 30 જાન્યુઆરી: World Leprosy Day (વિશ્વ રક્તપિત દિવસ)

- ✓ વર્ષ 2022ની થીમ - 'યુનાઇટેડ ફોર ડિગ્નિટી'.
- ✓ વિશ્વ રક્તપિત દિવસ જાન્યુઆરી માસના છેલ્લા રવિવારે મનાવાય છે.
- ✓ આ દિવસની ઉજવણીનો ઉદ્દેશ્ય રક્તપિતના દર્દીઓને સન્માનપૂર્વક જીવન જીવવાનો અધિકાર પ્રદાન કરવાનો છે.
- ✓ આ દિવસની શરૂઆત 1954માં ફ્રાન્સના રાઉલ ફેલોરે કરી હતી.
- ✓ રક્તપિત એ ત્વચા (ચામડી)ને લગતો રોગ છે.

### કરન્ટ ઇન શોર્ટ

- ✓ વિશ્વની નંબર 1 ટેનિસ ખેલાડી એશ્લે બાર્ટીએ ઓસ્ટ્રેલિયન ઓપનનો ખિતાબ જીત્યો. આ ખિતાબ જીતનાર તે પ્રથમ ઓસ્ટ્રેલિયાની મહિલા છે.
- ✓ પદ્મશ્રીની જાહેરાતના 3 દિવસ બાદ 96 વર્ષીય પદ્મશ્રી બાબા ઇકબાલ સિંહ (સામાજિક કાર્ય માટે પદ્મશ્રી)નું નિધન થયું.
- ✓ અરૂણાચલ પ્રદેશથી ગુમ મિરાજ તરોનને ચીની સેના PLAએ ભારતને સોંપ્યો. મિરાજ 18 જાન્યુઆરીએ સરહદી વિસ્તારથી ગુમ થયો હતો.
- ✓ રાજકોટ મહાનગર પાલિકા બાંધકામ ક્ષેત્રના વેસ્ટ મટિરિયલને વેચીને પ્રતિ ટન રૂ. 57નું પ્રિમિયમ મેળવશે. આવું કરનાર તે દેશની પ્રથમ મનપા બની.
- ✓ દિગ્ગજ બાસ્કેટબોલ ખેલાડી કોબે બ્રાયન્ટ અને તેની પુત્રી જિયાનાના નિધનનાં બે વર્ષે (હેલિકોપ્ટર ક્રેશના કારણે) શિલ્પકાર ડેનેએ દુર્ઘટના સ્થળે જ 73 kgની પિતા પુત્રીની મૂર્તિ બનાવીને મૂકી.

- ✓ ગુજરાત સ્ટેટ ટેનિસ એસોસિએશને ટેનિસ હબ સાથે કરારો કર્યા. આ કરારો હેઠળ ટેનિસ હબ રાજ્યના ટોચના ખેલાડીઓને નિ:શુલ્ક ટેનિસની રમતનાં સાધનો અને સ્કોલરશિપ આપશે.

## 31 જાન્યુઆરી

### ❖ સ્પિતુક ગુસ્ટર ફેસ્ટિવલ - લદ્દાખ

- ✓ લદ્દાખની સંસ્કૃતિ અને પારંપરિક વિરાસતનો વાર્ષિક ઉત્સવ સ્પિતુક ગુસ્ટર તહેવાર (ઉત્સવ) ઉજવાયો.
- ✓ સ્પિતુક મઠમાં ઉજવાતા આ ઉત્સવનું મુખ્ય આકર્ષણ મઠના ભિક્ષુઓ દ્વારા મહાકાલ, પલદાન લ્હામો (શ્રીદેવી) સફેદ મહાકાલ, રક્ષક દેવતા જેવા વિભિન્ન દેવતાઓના ચિત્રણ સાથેનાં મહોરાં પહેરીને થતાં નૃત્ય છે.

### ❖ સાઉદી અરબનો પ્રથમ યોગ મહોત્સવ

- ✓ સાઉદી અરબનો પ્રથમ યોગ મહોત્સવ જેદ્દા ખાતેના વાણિજ્યિક કેન્દ્રમાં આયોજિત થયો.
- ✓ આ ઉત્સવનું આયોજન સાઉદી અરબ ઓલિમ્પિક સમિતિ, ખેલ મંત્રાલય સમિતિ, સાઉદી યોગ સમિતિ દ્વારા સંયુક્ત રૂપે કરાયું.
- ✓ સાઉદી અરબે વર્ષ 2021માં ભારત સાથે યોગ પ્રોટોકોલની સ્થાપના માટે MOU હસ્તાક્ષર કર્યા હતા.

### ❖ SMBને સક્ષમ કરવા મેટાએ FICCI સાથે ભાગીદારી કરી

- ✓ ભારતમાં 5 લાખ મહિલાઓની આગેવાની હેઠળના SMBને સક્ષમ કરવા મેટાએ FICCI સાથે ભાગીદારી કરી.
- ✓ FICCI - ફેડરેશન ઓફ ઇન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી.
- ✓ FICCIએ 'એમ્પાવરિંગ ધ ગ્રેટર 50%' કાર્યક્રમ હસ્તક આ ભાગીદારી કરી.
- ✓ ભાગીદારી હેઠળ #She Means Business કાર્યક્રમથી સમગ્ર ભારતમાં 5 લાખ મહિલાઓના નેતૃત્વવાળા નાના વ્યવસાયો પ્રોત્સાહિત કરશે.

### ❖ 31 જાન્યુઆરી 2022ના રોજ સંસદમાં આર્થિક સર્વેક્ષણ 2021-22 રજૂ થયું

- ✓ નાણા મંત્રી નિર્મલા સીતારમણે સંસદના બજેટ (અનુ. 112) સત્રના આગલા દિવસે લોકસભામાં આર્થિક સર્વેક્ષણ 2021-22ની સાંખ્યિક બાબતો રજૂ કરી.
- ✓ આર્થિક સર્વેક્ષણ અર્થવ્યવસ્થાની સ્થિતિ આપે છે અને તેમાં નીતિગત સુધારાના વિચારો આપે છે.
- ✓ ભારત સરકારે વર્ષ 2022 માટે 8.1થી 8.5%ની આર્થિક વૃદ્ધિનું અનુમાન આપ્યું છે.

### ❖ IIT ધારવાડે (કર્ણાટક) GCOE-ACE લોન્ચ કર્યું

- ✓ GCoE-ACE - Global canter of Excellence in Affordable and clean Energy.
- ✓ GCoE-ACEનું મુખ્ય લક્ષ્ય કૌશલ્ય વિકાસ, ફેબ્રિકેશન અને P&D સાધનો સ્થાપિત કરવાનો છે અને ત્યારબાદ પોષણક્ષમ અને સ્વચ્છ ઊર્જા ક્ષેત્રે પ્રદાન કરવાનો લક્ષ્યાંક છે.
- ✓ સમગ્ર પ્રોજેક્ટ માટે હનીવેલ હોમટાઉન સોલ્યૂશન ઇન્ડિયા ફાઉન્ડેશનના કોર્પોરેટ સોશ્યલ રિસ્પોન્સિબિલિટી (CSR) હેઠળ દાન પ્રાપ્ત થયું.

### ❖ 31 જાન્યુઆરી: રાષ્ટ્રીય મહિલા આયોગ સ્થાપના દિવસ

- ✓ NCW - National Commission for Women.
- ✓ વર્ષ 2022ની થીમ - 'શી ધ ચેન્જ મેકર'.
- ✓ મહિલાઓ માટે બંધારણીય અને કાનૂની સુરક્ષાની સમીક્ષા કરવા તથા તે માટેના નિયમોના ઘડતર માટે રાષ્ટ્રીય મહિલા આયોગ અધિનિયમ, 1990 હેઠળ જાન્યુઆરી 1992માં NCWની સ્થાપના કરવામાં આવી હતી.

### ❖ રાફેલ 21 ગ્રાન્ડ સ્લેમ જીતનાર પ્રથમ વ્યક્તિ બન્યા

- ✓ સ્પેનના રાફેલ નડાલે ઓસ્ટ્રેલિયન ઓપન પુરૂષ સિંગલની ફાઇનલમાં રશિયાના ડેનિયલ મેદવેદેવને 2-6, 6-7, 6-4, 7-5થી હરાવી 21મો ગ્રાન્ડ સ્લેમ (ટેનિસ) જીત્યો.
- ✓ આ જીત સાથે રાફેલ 21 ગ્રાન્ડ સ્લેમ જીતનાર પ્રથમ વ્યક્તિ બન્યા.
- ✓ આ જીતથી તેમણે રોજર ફેડરર અને નોવાક જોકોવીચને પાછળ છોડ્યા.

### ❖ ભારતીય સૈન્યએ 64% હિસ્સો સ્વદેશી ઉપકરણોની ખરીદી પાછળ ખર્ચ કર્યો

- ✓ ભારતીય સૈન્યએ 64% હિસ્સો સ્વદેશી ઉપકરણોની ખરીદી પાછળ ખર્ચ કર્યો.
- ✓ આગામી વર્ષે આ હિસ્સો 68% સુધી કરવાનું લક્ષ્ય.
- ✓ ભૂમિ દળે સ્વદેશી શસ્ત્રોની ખરીદી પાછળ પોતાના ભંડોળના 72% વાયુસેનાએ 59% અને નૌસેનાએ 65.9% ખર્ચ કર્યો.

Crack GPSC

### કરન્ટ ઇન શોર્ટ

- ✓ ભારતના હોકી ગોલકીપર પીઆર શ્રીજેશ 2021માં શાનદાર પ્રદર્શન બદલ 'વર્લ્ડ ગેમ્સ એથ્લિટ ઓફ ધ યર 2021'નો એવોર્ડ જીત્યા.
- ✓ ગોંડલના મહારાજા સર ભગવતસિંહજીના પ્રપૌત્ર મહારાજા જ્યોતિન્દ્રસિંહનું નિધન થયું.
- ✓ ઇન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થના રેકર્ડ મુજબ દેશમાં અકસ્માતમાં સૌથી જોખમી ફેક્ટરીઓ ધરાવતા રાજ્યમાં ગુજરાત નંબર વન પર. આ યાદીમાં 570 ફેક્ટરીમાંથી ભરૂચમાં 98 અને વડોદરામાં 89 કંપનીઓ.

12 પાસ, ગ્રેજ્યુએટ

# સરકારી નોકરીની તૈયારી કરો

## ગુજરાતની નં. 1 એપ સાથે

# CRACK GPSC

UPSC - GPSC - PI - PSI - Dy. SO / મામલતદાર

બિનસચિવાલય કલર્ક | હેડ કલર્ક | તલાટી | કોન્સ્ટેબલ

ગુજ. શિક્ષણ સેવા - હિસાબી અધિકારી - STI - RAILWAY - મોટર વાહન નિરીક્ષક

RFO | TAT | TET | HTAT

કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી
આટલી સરળ ક્યારેય નહોતી...

ક્લાસ 1, 2 અધિકારી બનવાનું કે
સરકારી નોકરી મેળવવાનું સ્વપ્ન કરો સાકાર

- અનુભવી અને સફળ ફેકલ્ટીઝ સાથે ઓછા સમયમાં સચોટ તૈયારી એટલે Crack GPSC

સ્પર્ધાત્મક પરીક્ષા ક્ષેત્રે
5,00,000+
યુઝર્સ ધરાવતી ગુજરાતની એકમાત્ર એપ

એક એપ
બધી પરીક્ષાઓ

એપ ડાઉનલોડ કરવા
આ કોડ સ્કેન કરો.

76000 51070

/CrackGPSCexam /CrackGPSC /CrackGPSC /CrackGPSCapp